## English Version of Minutes of the Meeting of Acadamic Council
## Shree Somnath Sanskrit University, Veraval

(1) **AC No:** 21 & **EC No:** 35 dated 30.07.2015

21.07- | The medium of writing Ph.D thesis and viva-voce examination
35.04- | dissertation M-phil

21.08- With reference to the letters received from the office of Hon'ble Chief minister, and commissioner of Higher Education it has been duly resolved after the detailed discussion by the respected members that the viva-voce examination M-Phil, Ph.D Courses of the university with conducted a audio/video recording in the campus further, it has been resolved to prepare CD/DVD and to act according in the university

21.01- | The works done from 29.05.2015 To 30.07.2015 have been put up before
35.01- | dissertation M-Phil the members by the registrar and duly approved

(2) **AC No:** 22 dated 04.12.2015

22.01 From 10.06.2015 To 03.12.2015

22.06 It has been resolved to the current Ph.D semester fee It has been resolved to keep Rs. 2000/- as Ph.D Semester Fee and Rs. 3000/- as Synopsis submission Fee rest of the fees of Ph.D course will certain the same

22.07 It has been resolved to conduct Pre. Ph.D Presentation as per the U.G.C Regulations before the final submission of Ph.D Thesis This decision will come in free with efferent from 01.01.2018.

(3) **AC No:** 23 dated 30.04.2016

23.05 It has been resolved to start with the preparation of AAA and NAAC at the university campus. further experts of the same will be invited as and when required.

23.12 M.Phil / Ph.D Regulations of the university prepared by the committee constituted by the Hon'ble Vice-Chancellor sir, have been approved and made effective from june-2016 and the teachers of this university who have been grouted the supervisor ship/ guide ship (M.Phil) (Ph.D) of the other Institution/ University, shall surrender the same and shall inform this university accordingly further if this university has given the supervisor ship/ guide ship (M.Phil) (Ph.D) to the teachers other than university, than their supervisor ship/ guide ship (M.Phil) (Ph.D) will be cancelled and the students of this university under their guidance will be allotted new guides of respective subjects of this university only, As per new UGC regulations the teachers of the mahavidhyalay/ colleges who are in the Pay scale of 15600-39100 GP/AGP 6000 and above will only be recognized as supervisor /guide (M.Phil) (Ph.D)



Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

23.13
23.14
23.15
23.16

(4) **AC No:** 24 dated 12.12.2016

24.14 As per the resolution of conducting the university level Ph.D Entrance test (PET), it has been decided to conducted in the university for the vacant seats in the respective subjects, the same will be published in an advertisement both in newspaper the university website

24.17

(5) **AC No:** 25 dated 02.05.2017

25.01 First of all Hon'ble Vice-chancellor sir welcome all the members present in the meeting there after the works done from 22.12.2016 to 01.05.2017 have been duly approved.

25.09 It has been resolved to conduct the Ph.D course works of 60 hours with the duration of 10 days for 18 Ph.D entrance test qualified candidates.

25.10 It has been resolved to cancel the enrollment of M.Phil candidates who have completed five(5) years of their enrollment and to inform them accordingly As per new U.G.C. Regulation, it has been resolved to keep the maximum duration of M.Phil. Course two(2) years. it will include only year of regular teaching learning and one(1) more year for M.Phil Dissertation writing this will come into effect from the academic year 2017.2018.

25.16 Hostel facility for regular M.Phil. Ph.D candidates.

(6) **AC No:** 26 dated 26.12.2017

26.01 The works done from 28.09.2017 To 22.12.2017 have been duly approved.

26.21 As per U.G.C. Regulations it has been resolved to giver the supervisor ship/ guide ship (Ph.D) to the eligible candidates.

26.32 Ph.D Registration From, As per the UGC Rules regulations has been duly approved and resolved to implement the same.

(7) **AC No:** 27 dated 13.03.2018

27.01 The works done from 26.12.2017 To 12.03.2018 have been duly approved.

(8) **AC No:** 28 dated 26.06.2018

28.01 The works done from 13.03.2018 To 25.06.2018 have been duly approved.

28.13 It has been discussed in detail and resolved to insert darshan subject in the ongoing M.Phil. course at the university campus

28.14 It has been resolved to conduct Ph.D Entrance Test for the academic year 2018-19 in the month of July by giving an advertisement in advertisement as vacant seats under different supervisor/Guides be published.



Registrar
Shree somnath Sanskrit Universit
Veraval,Dist.Gir Somnath (Gujara

(9) **AC No:** 29 dated 20.10.2018

29.01 The works done from 29.06.2018 To 19.10.2018 have been duly approved.

29.09 It has been resolved to declare the result of Ph.D Entrance Test conducted recently Ph.D Presentation shall be open. Ph.D viva-voce examination offer final thesis submission will be indoor no recording will take place the proposal for M.Phil /Ph.D scholarship/Fellowship has been approved.

(10) **AC No:** 30 dated 08.01.2019

30.01 The works done from 11.12.2018 To 07.01.2019 have been duly approved.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

Exam - A.C. - 21

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકેડેમીક કાઉન્સિલ તથા એકઝીકયુટીવ કાઉન્સિલ સંયુકત બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમીક તથા એકઝીકયુટીવ કાઉન્સિલની ૨૧ મી તથા ૩૫મી બેઠકનું સંયુકત રીતે આયોજન તા.૩૦મી જૂલાઈ, ૨૦૧૫ના રોજ ૧૧:૩૦ કલાકે શ્રી દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલય, છારોડી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે પ્રમાણેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

૧. માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી
૨. ડો.કૃષ્ણપ્રસાદ નિરૌલા
૩. શ્રી મેહુલભાઈ ભટ્ટ
૪. ડો.રાજેન્દ્રપ્રસાદ શુકલા
૫. ડો.મેહુલભાઈ શાહ
૬. પ્રિ.ગિરીશભાઈ ઠાકર
૭. ડો.કમલેશ ચોકસી
૮. ડો.પ્રજ્ઞાબેન જોષી
૯. ડો.અર્ચનાબેન દુબે
૧૦. શ્રી ગોવિંદભાઈ પટેલ
૧૧. ડો.કાંતિભાઈ ભટ્ટ
૧૨. વસુમતિબેન દવે
૧૩. ડો.લલિતભાઈ પટેલ
૧૪. ડો.અમૃતલાલ ભોગાયતા
૧૫. ડો.દશરથ જાદવ – કા.કુલસચિવ

સંયુકત બેઠકની શરૂઆત મંગલાચરણથી કરવામાં આવી હતી. તેમજ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનાં નવનિયુકત કુલપતિશ્રી પ્રો.અર્કનાથ ચૌધરીજીનું ઉપસ્થિત સૌ મહાનુભાવશ્રીઓએ અભિવાદન કરી સ્વાગત કર્યુ. તેમજ માન.કુલપતિશ્રીએ તેમનાં સમયગાળા દરમ્યાન યુનિવર્સિટી નવા શિખરો સર કરે તે માટેની શુભેચ્છાઓ પાઠવી હતી.

૨૧.૦૧ /૩૫.૦૧ તા.૨૯/૦૫/૧૫ થી તા.૩૦/૦૭/૨૦૧૫ સુધીનાં સમય ગાળામાં યુનિવર્સિટી દ્વારા થયેલ કામગીરીનો લેખિતમાં અહેવાલ આપવામાં આવ્યો હતો. તેમજ તે બાબતે કુલસચિવશ્રીએ સૌને અવગત કર્યા હતા.

Exam - A.C. - 21

૨૧.૦૨ યુનિવર્સિટી દ્વારા યુવક મહોત્સવનાં આયોજન અને નિયમો બનાવવા માટે એકેડેમીક કાઉન્સિલમાં એક કમિટિનું ગઠન કરવામાં આવેલ હતું જે કમિટિની બેઠકમાં લેવાયેલ નિર્ણયોને તેમજ બનાવેલ નિયમોને બહાલી આપવામાં આવી અને યુનિવર્સિટી યુવક મહોત્સવ બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નિર્ણય કરવામાં આવ્યો કે દર વર્ષે શૈક્ષણિક વર્ષનાં પ્રથમ સત્રમાં યુવક મહોત્સવનું આયોજન કરવું અને જે પ્રતિસ્પર્ધિઓ જે તે સ્પર્ધામાં નંબર પ્રાપ્ત કરે તે સ્પર્ધકને રાજયની અને રાજય બહારની થતી સ્પર્ધાઓમાં મોકલવા.

૨૧.૦૩ યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયો/કોલેજમાં ફરજ બજાવતા તમામ પ્રાધ્યાપકશ્રીઓ માટે ફેકલ્ટી વાઈઝ ત્રિદિવસીય નિવાસી પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો તેમજ તેનું સંકલન અને સંચાલન માન.કુલપતિશ્રીનાં માર્ગદર્શનમાં ફેકલ્ટી ડીનશ્રીઓ કરશે તેમ નકકી કરવામાં આવ્યું. તેમજ યુનિવર્સિટી/મહાવિદ્યાલયનાં પ્રાધ્યાપકશ્રીઓ માટે એકેડેમીક સ્ટાફ કોલેજ દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવતું હોય છે તો તેને દરખાસ્ત કરવી અને તે મંજૂરી આપે તો ૭ કે ૧૦ દિવસનો પ્રશિક્ષણ કાર્યક્રમ કરવો તેમ નકકી કરવામાં આવ્યું.

૨૧.૦૪ /૩૫.૦૨ યુનિવર્સિટી દ્વારા સરકારશ્રીનાં ભંડોળને ધ્યાને લઈ તેમજ સરકારશ્રીને દરખાસ્ત કરી ગ્રાન્ટ મેળવી સોમનાથ ખાતે રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રીય ગોષ્ઠીનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું.

૨૧.૦૫ યુનિવર્સિટી ખાતે શિક્ષણ મેળવેલા ભાઈઓ/બહેનોને માર્ગદર્શન મળી રહે તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી શકે તે માટે જરૂરી ફી લઈ કેન્દ્ર શરૂ કરવાનું નકકી કરવામાં આવ્યું.

૨૧.૦૬ /૩૫.૦૩ માન.મુખ્યમંત્રીશ્રી તથા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી કચેરીનાં થયેલ પત્ર અનુસંધાને યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલય/કોલેજ/પીજીડીસીએ સ્ટડી સેન્ટર/ડિપ્લોમા કેન્દ્રો પર સરકારશ્રી/યુનિવર્સિટીનાં ધારા ધોરણ પ્રમાણેનું શૈક્ષણિક કાર્ય થાય છે કે કેમ તેનું મોનીટરીંગ કરવા માટેની માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં ચાર ઝોન વાઈઝ કમિટિ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો, જે કમિટિમાં ૧ મહાવિદ્યાલયનાં પ્રધાનાચાર્યશ્રી, ૧ ઈ.સી./એ.સી.નાં સભ્યશ્રી અને એક ડીનશ્રીની કમિટિ બનાવવી તેમ નકકી કરવામાં આવ્યું. જે કમિટિમાં એ.સી./ઈ.સી.નાં સભ્ય તરીકે (૧) ડો.ગિરીશભાઈ ઠાકર, પાલનપુર (૨) ડો.કૃષ્ણપ્રસાદ નિરૌલા,નડિયાદ (૩) શ્રી મેહુલભાઈ ભટ્ટ, પેટલાદ (૪) શ્રી ગોવિંદભાઈ પટેલ, ગાંધીનગર રહેશે જયારે પ્રધાનાચાર્યશ્રીઓમાંથી (૧) ડો.સનતકુમાર ઉપાધ્યાય, દ્વારકા (૨) ડો.કાંતિભાઈ ભટ્ટ, સુરત (૩) ડો.હિતેન્દ્રભાઈ વ્યાસ, સોલા (૪) શ્રી હિમતભાઈ દવે, અંબાજી રહેશે જયારે ડીનશ્રીઓનાં નામ માન.કુલપતિશ્રી સુચવે તે નામ કમિટિમાં રહેશે. તેમજ ઉકત નામોમાંથી માન.કુલપતિશ્રી ઝોન વાઈઝ કમિટિની રચના કરશે અને માન.કુલપતિશ્રી અધ્યક્ષ તરીકે

રહી મોનીટરીંગ કરશે. તેમજ સંપૂર્ણ રીપોર્ટ મળ્યા બાદ માન.કુલપતિશ્રી એક સમીક્ષા કમિટિ બનાવી રીપોર્ટ તૈયાર કરશે.

૨૧.૦૭ /૩૫.૦૪ યુનિવર્સિટીમાં હાલ શાસ્ત્રી પ્રથમ અને દ્વિતીય વર્ષમાં પરીક્ષામાં ઉત્તરની ભાષામાં સંસ્કૃતની સાથે અન્ય ભાષામાં લખવાની વૈકલ્પીક છુટ આપવામાં આવેલ હતી. તે ન આપવી જોઈએ તેવા મત સાથે સંસ્કૃત મહાવિદ્યાલયનાં પ્રધાનાચાર્યશ્રીઓ તેમજ ગુજરાત રાજય સંસ્કૃત અધ્યાપક મંડળની રજૂઆત ને ધ્યાને લઈ બેઠકમાં આ બાબતે ચર્ચા વિચારણા કરી સર્વાનુમને નીચે મુજબનો નિર્ણય કરવામાં આવ્યો.

સંસ્કૃત પરંપરા સિવાયનાં વિદ્યાર્થીઓને સરળતાથી સંસ્કૃત યુનિવર્સિટીમાં પ્રવેશ મળી શકે તે માટે તેમજ તેને સંસ્કૃતમાં પ્રવેશની તક મળે તે માટે માત્ર શાસ્ત્રી કક્ષાનાં અભ્યાસક્રમમાં પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા પુરતું સંસ્કૃત સાથે અન્ય ભાષાથી પરીક્ષામાં લખાણ લખી શકશે તેવો નિર્ણય કરવામાં આવ્યો એટલે કે શાસ્ત્રી કક્ષાનાં સેમેસ્ટર ૨ થી ૬ , આચાર્ય કક્ષાનાં સેમેસ્ટર ૧ થી ૪ , એમ.ફિલ.કક્ષાનાં સેમેસ્ટર ૧ થી ૨ જેવા તમામ અભ્યાસક્રમની પરીક્ષામાં ઉત્તરવહીનું માધ્યમ સંસ્કૃત ભાષા રહેશે તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. એમ.એ.યોગ અભ્યાસક્રમ માટે ભાષાનું માધ્યમ હિન્દી, ગુજરાતી, સંસ્કૃત રહેશે. એમ.ફિલ.અને પીએચ.ડી.નો વાયવા તેમજ ઓપન વાયવાનું માધ્યમ સંસ્કૃત રહેશે તેમ નકકી થયું.

૨૧.૦૮ માન.મુખ્યમંત્રીશ્રી તથા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી કચેરીનાં થયેલ પત્ર અનુસંધાને તેમજ મહાનુભાવશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે યુનિવર્સિટી ખાતે ચાલતા એમ.ફિલ./પીએચ.ડી.અભ્યાસક્રમનાં વાયવામાં ઓડિયો/વિડીયો રેકોર્ડિંગ કરી તેની સી.ડી.બનાવવી અને તે સબબની જરૂરી કરવાની થતી કાર્યવાહી યુનિવર્સિટી કક્ષાએ કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

૨૧.૦૯ /૩૫.૦૫ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ ખાતે ' સોમનાથ ' નાં નામથી પુસ્તક પ્રકાશન શ્રેણી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો જે માટે યુનિવર્સિટી પર ઉપલબ્ધ ગ્રાન્ટને ધ્યાને લઈ આગળની કાર્યવાહી કરવાનું નકકી કરવામાં આવ્યું.

૩૫.૦૬ યુનિવર્સિટી ખાતે વહીવટી અધિકારી વર્ગ–૧ તેમજ શૈક્ષણિક અધિકારી માટે આવશયક સુવિધા પુરી પાડવા નિર્ણય કરવામાં આવ્યો.

૩૫.૦૭ યુનિવર્સિટીની ફીકસ પગારથી મંજૂર થયેલ વહીવટી જગ્યાઓ જયાં સુધી ન ભરાય ત્યાં સુધી કામગીરીનાં ભારણને ધ્યાને લઈ માન.કુલપતિશ્રી રાજય સરકારશ્રીનાં મંજૂર થયેલા ફિકસ પગારની મર્યાદામાં તદન હંગામી ધોરણે જરૂરી સમયગાળા માટે જાહેરાત આપ્યા વિના નિમણૂંક કરી શકશે જે બાબતને મંજૂરી આપવામાં આવી અને આ અંગેની તમામ સત્તા માન.કુલપતિશ્રીને આપવામાં આવી.

મહાનુભાવશ્રીનાં સુચનો :–

| | |
|---|---|
| ૨૧.૧૦ /૩૫.૦૮ | યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓને તમામ વિદ્વાનશ્રીઓનો લાભ મળે તે માટે અભ્યાસક્રમને ધ્યાને લઈ જે તે વિષય/યુનિટ પ્રમાણે તેમની ઓડિયો/વિડીયો સી.ડી.તૈયાર કરવાનું નકકી કરવામાં આવ્યું. જે માટે રાજય સરકારશ્રીમાંથી ગ્રાન્ટ માટે દરખાસ્ત કરવી અને યુનિવર્સિટીની સંલગ્ન મહાવિદ્યાલય/કોલેજનાં પ્રાધ્યાપકશ્રીઓની તેમજ બહારનાં વિદ્વાનશ્રીઓની સેવા લેવાનું નકકી કરવામાં આવ્યું. |
| ૨૧.૧૧ | ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી એન.સી.ટી.ઈ.દ્વારા બી.એડ્.અભ્યાસક્રમ બે વર્ષનો કરવામાં આવેલ છે. શિક્ષાશાસ્ત્રી ફેકલ્ટી દ્વારા ચાલુ વર્ષેથી બી.એડ્.નાં પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ તૈયાર કરી રજૂ કરેલ હોય આ અભ્યાસક્રમને બહાલી આપવામાં આવી. આ રજૂઆત ફેકલ્ટી મેમ્બર તથા એકેડેમીક કાઉન્સિલનાં સભ્યશ્રી ડો.વસુબેન દવે દ્વારા કરવામાં આવેલ. |

બેઠકના અંતે કુલસચિવશ્રીએ સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો હતો.

(ડો.દશરથ જાદવ)
કા.કુલસચિવ

Exam

A.C. - 22

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
એકેડેમીક કાઉન્સિલ બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમીક કાઉન્સિલની ૨૨મી બેઠકનું આયોજન તા.૪/૧૨/૨૦૧૫ના રોજ બપોરે ૧૧:૩૦ કલાકે એકઝીકયુટીવ કાઉન્સીલની સાથે સંયુકત યુનિવર્સિટી કોન્ફરન્સ હોલ ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે પ્રમાણેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

૧. માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી
૨. ડૉ. ડાહ્યાભાઈ કે. પંચોલી
૩. ડૉ. હર્ષદેવ માધવ
૪. ડૉ. વિજય પંડયા
૫. ડૉ. મેહુલભાઈ શાહ
૬. ડૉ. ગીરીશભાઈ ઠાકર
૭. ડૉ. જયપ્રકાશ નારાયણ દ્વીવેદી
૮. પ્રો. વિનોદ કુમાર ઝા
૯. પ્રો. અર્ચનાબેન દુબે
૧૦. શ્રી ગોવિંદભાઈ પટેલ
૧૧. ડૉ. કાન્તીભાઈ ભટ્ટ
૧૨. પ્રો.(ડૉ.) મિનાક્ષી ભટ્ટ
૧૩. ડૉ. વસુમતીબેન દવે
૧૪. ડૉ. શત્રુધ્ન પ્રાણીગ્રહી
૧૫. ડૉ. અમૃતલાલ ભોગાયતા
૧૬. ડૉ. લલીત પટેલ
૧૭. ડૉ. દશરથ જાદવ
૧૮. મુખ્ય હિસાબી અધિકારીશ્રી (આમંત્રીત)

૨૨.૦૧ સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યુ હતું અને તા.૧૦/૦૬/૨૦૧૫ થી તા.૦૩/૧૨/૨૦૧૫ કરેલ એકેડેમિક કામગીરીથી મહાનુભાવોને અવગત કરવામાં આવ્યા.

૨૨.૦૨ યુનિવર્સિટીના આઠમાં પદવીદાન સમારંભનું આયોજન ચાલુ વર્ષે પાસ થયેલ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવા બાબતે નીચે મુજબનો નિર્ણયો કરવામાં આવ્યા. (૧) પદવીદાન સમારોહ માટે મહામહિમ રાજયપાલશ્રીને પત્ર લખી તારીખ અને સમય માંગવો. (૨)પદવીદાન સમારોહના ૧૫(પંદર) દિવસ પહેલાં જે પણ ડિગ્રી ધારકોને માર્કશીટ આપવામાં આવેલ હોય તે તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કરી ડિગ્રી આપવાનું નક્કી કરવામાં આવ્યું. (૩) ગત વર્ષની જેમ તમામ વ્યકિત/સંસ્થાઓને પત્ર લખી મેડલ આપવા માટે આમંત્રીત કરવા તેમજ જે સંસ્થા વ્યકિત મેડલ સ્પોનસર કરે તેની પાસેથી મેડલ એનાયત કરવા પેટે ગત વર્ષની જેમ રૂા.૧૫,૦૦૦/– લેવા તેમ નક્કી કરવામાં આવ્યું તથા ગત વર્ષે મેડલ અંગે જે કાર્યવાહી કરેલ હતી તે પ્રમાણેની કાર્યવાહી કરવી તેમ નક્કી કરવામાં આવ્યું. (૪) પદવીદાન સમારોહમાં સારસ્વત અતિથિ તરીકે માન.કુલપતિશ્રી વિદ્વાનશ્રીને આમંત્રણ આપશે તેમજ ગરિમાપૂર્ણ કાર્યક્રમ થાય તે માટેનું આયોજન કરવું તેમ નક્કી કરવામાં આવ્યું.

૨૨.૦૩ પરીક્ષા સમિતિની તા.૩૦/૦૯/૨૦૧૫ ના રોજ મળેલ બેઠકની કાર્યનોંધમાં લેવાયેલા તમામ નિર્ણયોને બહાલી આપવામાં આવી.

A.C. - 22

૨૨.૦૪ પીજીડીસીએના અભ્યાસક્રમ / કેન્દ્રની માન્યતા તેમજ આનુસાંગિક અન્ય નિયમોમાં આંશિક ફેરફાર કરવા અંગે આ માટે બનાવેલ સમિતિએ સુચવ્યા મુજબની ભલામણોમાં નીચે મુજબના પરિવર્તન સાથે ચર્ચા વિચારણાને અંતે બહાલી આપવામાં આવી. તેમજ પી.જી.ડી.સી.એ.ની ગુણવત્તા વધે અને પરીક્ષા ઉપર નિયંત્રણ રહે તે માટે કમ્પ્યુટર કોર્ષ હોવાને કારણે કમ્પ્યુટર વિષયક પ્રશ્નપત્રમાં આંતરિક ગુણ રદ કરી ૫૦ માર્કસની ઓનલાઈન (Objective) પરીક્ષા અને ૫૦ માર્કસની થીયરી પરીક્ષા લેવી અને બંન્ને પધ્ધતિમાં ૪૦% પાસીગ ધોરણ રાખવું તેમ નક્કી કરવામાં આવ્યું. આ માટે યુનિવર્સિટી ખાતે જરૂર મુજબ ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરવાનું નક્કી કરવામાં આવ્યું તેમજ અભ્યાસક્રમ સમિતિની બેઠક બોલાવી તે મુજબનો અભ્યાસક્રમ બનાવવો. આ ઓનલાઈન પરીક્ષા પધ્ધતિનો અમલ ડીસેમ્બર–૨૦૧૬ થાય તે રીતે આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું.

**પરિવર્તનઃ**–(૧) નવા પીજીડીસીએ અભ્યાસક્રમ શરૂ કરવા માટે એલ.આઈ.સી.ફીના રૂા.૧૫,૦૦૦/– ની જગ્યાએ રૂા.૨૦,૦૦૦/– લેવાનું નક્કી કરવામાં આવ્યું. તેમજ ચાલુ જોડાણ રીન્યુ માટેની રીન્યુઅલ ફી રૂા.૫,૦૦૦/– ની જગ્યાએ રૂા.૭,૫૦૦/– લેવાનું નક્કી કરવામાં આવ્યું. (૨) પ્રતિ એલ.આઈ.સી.ના પુરસ્કાર પેટે રૂા.૩૦૦/– ની જગ્યાએ રૂા.૫૦૦/– આપવાનું નક્કી કરવામાં આવ્યું.

૨૨.૦૫ ઈન્ટરનેશનલ સેમીનારની બાબતમાં યુનિવર્સિટી વેરાવળ ખાતે સરકારશ્રીની ગ્રાન્ટને ધ્યાને લઈ ભારત દેશનાં, ગુજરાત રાજયનાં અને અન્ય દેશોમાંથી સંસ્કૃત વિદ્વાનોને આંમત્રણ આપવા, ગરીમાપૂર્ણ કાર્યક્રમ યોજાય તે રીતે આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. તેમજ સેમીનારમાં મહાનુભાવો/વિદ્વાનોને આંમત્રણ આપવાનું તેમજ તે સબંધિત તમામ કામગીરીનું આયોજન સંયોજક–સહસંયોજક કરશે જયાં જરૂર જણાય ત્યાં માન. કુલપતિશ્રીનું માર્ગદર્શન મેળવવાનું રહેશે. તેમ નકકી કરવામાં આવ્યું.

૨૨.૦૬ પીએચ.ડી.અભ્યાસક્રમની સત્ર દીઠ લેવામાં આવતી ફી અંગે વિચારણા કરી સર્વાનુમતે ફી માં વધારો કરવામાં આવ્યો. સત્ર દીઠ રૂા. ૨૦૦૦/– નકકી કરવામાં આવી તેમજ સિનોપ્સીસ ફી રૂા. ૩૦૦૦/– લેવાનું નક્કી કરવામાં આવ્યુ. પીએચ.ડી.અભ્યાસક્રમની અન્ય ફીનું માળખું યથાવત રાખવામાં આવ્યું.

૨૨.૦૭ યુજીસીના નિયમાનુસાર Pre-Ph.D. Presentation ની જોગવાઈ કરવામાં આવી, પી.એચ.ડીનાં શોધનિબંધ જમા કરાવતા પહેલા પ્રિ.પ્રેઝન્ટેશન કરવાનું નકકી કરવામાં આવ્યુ. જેનો અમલ તા.૦૧/૦૧/૨૦૧૬ થી કરવા નક્કી કરવામાં આવ્યું.

૨૨.૦૮ તા.૦૫/૧૦/૨૦૧૫ ના રોજ મળેલ પરીક્ષા શુધ્ધિ સમિતિની કાર્યનોંધ/અહેવાલ ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૨૨.૦૯ શાસ્ત્રી, આચાર્ય, પીજીડીસીએ, બી.એડ, એમ.ફિલમાં વર્ષ–૨૦૧૪–૧૫ થી યુજીસીની ગાઈડ લાઈન પ્રમાણે SGPA / CGPA વાળી ગ્રેડીંગ સિસ્ટમવાળી તથા ફોટાવાળી માર્કશીટ આપવાનો અમલ કરવામાં આવેલ છે. પરંતુ અગાઉના સત્રના રીપીટર વિદ્યાર્થીઓનું પરીણામ જાહેર કર્યા સિવાય જે તે સેમેસ્ટરનું પરીણામ જાહેર કરવામાં વિસંગતતા ઉભી થતી હોઈ જે તે સેમેસ્ટરની ફકત SGPA વાળી માર્કશીટ આપવા તથા છેલ્લા સત્રની ફાઈનલ માર્કશીટ CGPA સાથેની આપવાનો નિર્ણય કરવામાં આવ્યો. જેથી જે તે સત્રની માર્કશીટના ફોરમેટમાં જે તે સેમેસ્ટરના માર્કસ તથા ફકત SGPA વાળી માર્કશીટ આપવાનું નક્કી કરવામાં આવ્યું.

૨૨.૧૦ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક–૨૦૧૫ થી ડિપ્લોમા અભ્યાસક્રમમાં યુનિક એનરોલમેન્ટ નંબર વાળી પધ્ધતીનો અમલ કરેલ હોઈ સદર અભ્યાસક્રમની માર્કશીટ પણ ફોટાવાળી આપવા બહાલી આપવામાં આવી.

૨૨.૧૧ યુનિવર્સિટીમાં હાલ જે તે મહાવિદ્યાલયમાં જે તે વિષયનાં અધ્યાપકશ્રીઓ ન હોવા છતા પણ જે તે વિષયોમાં શાસ્ત્રી/આચાર્ય કક્ષામાં પ્રવેશ આપવામાં આવે છે હાલ કઈ મહાવિદ્યાલય/કોલેજને કયા વિષયો ફાળવવા તે નક્કી નથી તેના પરિણામે વિદ્યાર્થી વારંવાર વિષયોમાં પરિવર્તન કરાવે છે. જેથી વિદ્યાર્થીનો અભ્યાસક્રમ બગડે છે. આવા સંજોગોમાં જે મહાવિદ્યાલયમાં જે વિષયના પ્રાધ્યાપક હોય તે જ વિષય ફાળવવાનો નિર્ણય કરવામાં આવ્યો. તે માટે યુનિવર્સિટી કક્ષાએથી તમામ મહાવિદ્યાલયોમાં કયા વિષયના અધ્યાપક છે અને કયાં વિષયો ચલાવવા માંગે છે તેની વિગતો પ્રવેશ શરૂ થાય તે પહેલા મંગાવી તેઓને જે તે વિષયના અધ્યાપક હોય તે જ વિષયની માન્યતા આપવાનું ઠરાવવામાં આવ્યું.

૨૨.૧૨ યુનિવર્સિટી મૂલ્યાંકનની બાબતે ત્રીજા મૂલ્યાંકનમાં ગુણની મહત્તમ મર્યાદા વધારવા અંગે ૦૭ ગુણ સુધી યથાવત રાખવા, ગુણ ૦૭ થી ૧૨ માન્ય, તેમજ ૧૨ થી ઉપરનાં ગુણ માટે ત્રીજા મૂલ્યાંકન કરાવવું તથા આ બાબતે અન્ય નિયમો અગાઉ મુજબ યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૨૨.૧૩ વાર્ષિક પધ્ધતિથી ચલાવવામાં આવતા અભ્યાસક્રમની ફકત છેલ્લા વર્ષની પરીક્ષા બાબતે યુનિવર્સિટી દ્વારા વર્ષ –૨૦૦૭ થી વર્ષ–૨૦૧૨ સુધી વાર્ષિક પધ્ધતિનો અભ્યાસક્રમ ચલાવવામાં આવતો હતો. તથા વર્ષ –૨૦૧૩ થી સેમેસ્ટર પધ્ધતિનો અમલ કરવામાં આવેલ છે. એકેડેમીક કાઉન્સીલના ૧૬.૨૯ ના ઠરાવ મુજબ વાર્ષિક પધ્ધતિ બંધ કરવા માટે નિર્ણય કરવામાં આવેલ છે. તથા પરીક્ષા સમિતિની તા.૩૦/૯/૨૦૧૪ ની બેઠકના નિર્ણય અન્વયે યુનિવર્સિટી દ્વારા એપ્રિલ–૨૦૧૫ માં તથા વર્તમાનપત્રમાં જાહેરાત આપી જુલાઈ –૨૦૧૫ માં પરીક્ષાનું આયોજન કરેલ. સેમેસ્ટર પધ્ધતિમાં શાસ્ત્રી / આચાર્ય કક્ષામાં તેના રેગ્યુલર સમયગાળો તથા વધુ ૨ વર્ષ આપી મહતમ સમયગાળો (૫/૪ વર્ષ) નકકી કરવામાં આવેલ છે. તેને ધ્યાને લઈ વાર્ષિક પધ્ધતિને પણ સમાન સમયગાળો આપવાનો હોય. છેલ્લા વર્ષના અનુતીર્ણ વિદ્યાર્થીઓ માટે એપ્રિલ ૨૦૧૬ માં ખાસ અને છેલ્લી તક આપી વાર્ષિક પધ્ધતિની પરીક્ષા માટેની જાહેરાત આપી લેવા માટે નિર્ણય કરવામાં આવ્યો.

૨૨.૧૪ યુનિવર્સિટીની વર્તમાન પધ્ધતિ પ્રમાણે સત્ર–૧/૩/૫ માં એનરોલમેન્ટ / એનલીસમેન્ટ કરવામાં આવે છે તથા તેના આધારે પરીક્ષાની આનુષાંગિક કામગીરી કરવામાં આવતી હોય છે. સત્ર–૨ /૪/૬ માં પરીક્ષાના સમયે વિદ્યાર્થી દ્વારા વિષયો બદલતા પ્રશ્નપત્રો કઢાવવામાં વિસંગતતા તથા માર્કશીટમાં વિષયનાં નામમાં ભૂલ વધારે આવતી હોઈ શાસ્ત્રી / આચાર્ય કક્ષામાં સત્ર–૨ / ૪ / ૬ માં વિષયો ન બદલવા તેમ નિર્ણય કરવામાં આવ્યો.

૨૨.૧૫ એનરોલમેન્ટ ફોર્મ તથા પરીક્ષા ફોર્મનો નિકાલ (રદ્દ બાતલ) કરવા અંગે જે વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત થઈ ગયેલ હોય તેના એક વર્ષ બાદ નિકાલ(રદબાતલ) કરવો એમ નિર્ણય કરવામાં આવ્યો.

૨૨.૧૬ સેમેસ્ટર પધ્ધતિમાં વિષયના દરેક હેડમાં પાસીગના ધોરણ નકકી કરવા બાબતે ચર્ચા–વિચારણાને અંતે વિષયદીઠ થીયરી (૨૮/૭૦ યુનિવર્સિટી પરીક્ષા), ઈન્ટરનલ (૧૨/૩૦ કોલેજ) માં ફરજીયાત પાસ થવાનાં ધોરણ તથા અન્ય અભ્યાસક્રમમાં અગાઉ નક્કી થયેલા નિર્ણયો મુજબ અનુસરવુ તેમ નકકી કરવામાં આવ્યું.

૨૨.૧૭ બોરસદ પીજીડીસી સેન્ટર ખાતે ઉદ્દભવેલા પ્રશ્નથી સમિતિને વાકેફ કરવામાં આવ્યા. માન.કુલપતિશ્રી દ્વારા ફાઈલ પર કરવામાં આવેલ નિર્ણયને બહાલી આપવામાં આવી અને આગામી વર્ષે જે–તે સ્થળ પર માન્યતા આપી છે ત્યાં ટ્રસ્ટ ન ચલાવી શકે તો તે કેન્દ્રની માન્યતા રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. તેમજ આ નિર્ણયો તમામ માટે લાગુ પાડવા તેમ નક્કી થયું.

૨૨.૧૮ મહાનુભાવોના સુચનો :

૨૨.૧૮.૦૧:– યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયેલા પુસ્તકોનો એક–એક સેટ યુનિવર્સિટી સત્તામંડળનાં તમામ સભ્યશ્રીઓને વિનામૂલ્યે આપવા જોઈએ તેમ સભ્યશ્રી ડૉ. હર્ષદેવ માધવજી દ્વારા સુચન કરતાં માન.કુલપતિશ્રી દ્વારા જે યુનિવર્સિટી સ્થિત વિદ્વાનો છે તેઓને પુસ્તકનો લાભ ગ્રંથાલયમાંથી મળી રહે છે. જયારે બહારના જે વિદ્વાનો સત્તામંડળમાં છે તેમને આ લાભ મળતો ન હોવાથી તેમને પ્રકાશિત પુસ્તકોનો સેટ આપવો તેમ જણાવેલ તેથી તેમ ઠરાવવામાં આવ્યું.

૨૨.૧૮.૦૨:– યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયો/કોલેજો ખાતે પરીક્ષા દરમ્યાન સીસીટીવી કેમેરા હોય તેવું સુચન એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી પ્રિ.નરેન્દ્રકુમાર પંડયા દ્વારા કરવામાં આવ્યું. તેમાં નિર્ણય કરવામાં આવ્યો કે યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલય/કોલેજને આ બાબતની જાણ કરવી અને મહાવિદ્યાલયો તેમજ યુનિવર્સિટી રાજય સરકારશ્રીને સીસીટીવી કેમેરા ખરીદ કરવા અંગેની ગ્રાન્ટ આપે તે મુજબનો પત્ર વ્યવહાર કરવો અને સંલગ્ન મહાવિદ્યાલયો/કોલેજોને ગ્રાન્ટ મળ્યેથી સીસીટીવી કેમેરા મહાવિદ્યાલયમાં લગાવવા અને તેના નિયંત્રણ હેઠળ જ પરીક્ષા લેવી તેમ ઠરાવવામાં આવ્યું.

૨૨.૧૯ અધ્યક્ષ સ્થાનેથી :

૨૨.૧૯.૦૧:માન.કુલપતિશ્રી દ્વારા ડી.લીટ.ની ડીગ્રી આપવા અંગે સભ્યશ્રીઓ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી જેમાં નીચે મુજબનાં નિર્ણયો કરવામાં આવ્યા.

- આગામી પદવીદાન સમારોહમાં કોઈ બે વિદ્વાનોને ડી.લીટ.ની ડીગ્રી આપવી,જેમાં ૦૧ (એક) વિદ્વાન ગુજરાતનાં અને ૦૧ (એક) વિદ્વાન ગુજરાત રાજય બહારનાં પસંદગી કરવા તેમ નકકી કરવામાં આવ્યું. આમ છતાં માન.કુલપતિશ્રીને જે બાયોડેટા મળ્યા હોય તે બાદ માન.કુલપતિશ્રી દ્વારા ગઠિત કમિટિ જે નિર્ણય કરે તે માન્ય રાખવાનું ઠરાવવામાં આવ્યું.
- ડી.લીટ.ની ડીગ્રી સેવા નિવૃત વિદ્વાનોને તેમજ સરકારી ફરજમાં કાર્યરત ન રહયા હોય પણ સંસ્કૃત વિદ્વાન અને સંસ્કૃત માટે વિશેષ સેવા કરી હોય તેને ધ્યાને લેવી.
- પસંદગી માટે માન.કુલપતિશ્રીએ કમિટી બનાવી આવેલ બાયોડેટાને ધ્યાને લઈ આગળ કાર્યવાહી કરી નામો નકકી કરવા તેમ નકકી કરવામાં આવ્યું.
- સત્તામંડળના તમામ મહાનુભાવો પાસેથી તા.૧૫/૧૨/૨૦૧૫ સુધી સીલબંધ કવરમાં બાયોડેટા માન.કુલપતિશ્રીને મોકલી આપવા જણાવવામાં આવ્યું.

૨૨.૧૯.૦૨: યુનિવર્સિટીના બી.એડ.અભ્યાસક્રમ બાબતે શિક્ષાશાસ્ત્રી ફેકલ્ટીની બેઠકમાં થયેલ નિર્ણયોને બહાલી આપવામાં આવી.

બેઠકના અંતે કુલસચિવશ્રીએ સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો હતો.

(ડૉ.દશરથ જાદવ)
કા.કુલસચિવ

પરીક્ષા વિભાગ

Exam.
A.C. - 23

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકેડેમીક કાઉન્સિલ બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમીક કાઉન્સિલની ૨૩મી બેઠકનું આયોજન ગત તા.૩૦ એપ્રિલ, ૨૦૧૬નાં રોજ યુનિવર્સિટી કોન્ફરન્સ હોલ ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે પ્રમાણેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી
(૨) પ્રો.પી.એન.શાસ્ત્રી
(૩) શ્રી ચમૂ કૃષ્ણ શાસ્ત્રી
(૪) ડૉ.ગિરીશભાઈ ઠાકર
(૫) ડૉ.કમલેશકુમાર ચોકસી
(૬) ડૉ.વિજયભાઈ પંડયા
(૭) ડૉ.રાજેશ વ્યાસ
(૮) ડૉ.મેહુલભાઈ શાહ
(૯) શ્રી ગોવિંદભાઈ પટેલ
(૧૦) ડૉ.વિનોદકુમાર ઝા
(૧૧) ડૉ.અર્ચના દુબે
(૧૨) ડૉ.અમૃતલાલ ભોગાયતા
(૧૩) ડૉ.શત્રુઘ્ન પાણીગ્રહી
(૧૪) ડૉ.વસુમતિબેન દવે
(૧૫) ડૉ.લલિતભાઈ પટેલ
(૧૬) ડૉ.દશરથ જાદવ (કા.કુલસચિવ)

૨૩.૦૦ સૌપ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનુ સ્વાગત કરવામાં આવ્યું હતું અને અગાઉ કરેલ એકેડેમીક કામગિરીનો વિસ્તૃત અહેવાલ મહાનુભાવોને આપવામાં આવ્યો હતો.

૨૩.૦૧ યુનિવર્સિટીની પરીક્ષા સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયોને બહાલી આપવામાં આવી તેમજ લેવાયેલ નિર્ણય મુજબ કામગીરી પૂર્ણ થઈ છે તેની નોંધ લેવામાં આવી.

૨૩.૦૨ યુનિવર્સિટીની તમામ ફેકલ્ટીઓની જનરલ બેઠકમાં તેમજ ફેકલ્ટી દીઠ લેવાયેલ નિર્ણયને બહાલી આપવામાં આવી જેમાં ખાસ કરીને ડીનશ્રીઓની ભલામણને ધ્યાને લઈ જે વિષયનાં વિદ્વાનો–પ્રાધ્યાપકો અલ્પમાત્રામાં છે તેની સત્રાંત પરીક્ષાઓ માટે જે તે વિષયની પ્રશ્નબેંક તૈયાર કરવાનું નકકી કરવામાં આવ્યું તેમજ પ્રશ્નપત્રોનાં ઓબ્જેકટીવ પ્રશ્નો–ટૂંકા પ્રશ્નોનાં જવાબોની કી પ્રશ્નપત્ર સાથે જ મંગાવવાનું નકકી કરવામાં આવ્યું તેમજ ફેકલ્ટી ડીનની ભલામણને ધ્યાને લઈ યુનિવર્સિટીનાં અભ્યાસક્રમોમાં પૂર્વ મિમાંશા શાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ શાસ્ત્રી અને આચાર્યમાં

ઉમેરવાનું નક્કી કરવામાં આવ્યું. તેમજ તે વિષય જે મહાવિદ્યાલયમાં તે વિષયનાં માન્ય વિષય નિષ્ણાંત (જરૂરી લાયકાત ધરાવતા) હોય ત્યાં આ વિષયની મંજૂરી આપવાનું નક્કી કરવામાં આવ્યું. ડીનશ્રીઓ દ્વારા જે તે વિષયમાં આંશિક પરિવર્તન સુચવેલ છે તે કરવાની સંમતિ આપવામાં આવી અને હાલ ચાલુ અભ્યાસક્રમ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ માટે ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮થી શાસ્ત્રી પ્રથમ વર્ષનાં પ્રથમ સેમેસ્ટર અને આચાર્ય પ્રથમ વર્ષનાં પ્રથમ સેમેસ્ટરનો અભ્યાસક્રમ નવો તૈયાર કરી અમલમાં મુકવો તેમ નક્કી થયું. તે માટે યુનિવર્સિટી દ્વારા પૂર્વ તૈયારી કરી સમયસર અભ્યાસક્રમ તૈયાર થાય તેમ નક્કી થયું. તેમજ ડીનશ્રીઓની બેઠકમાં અન્ય જે નિર્ણયો લીધા તે માન્ય રાખવામાં આવ્યા.

૨૩.૦૩ યુનિવર્સિટીની પ્રકાશન સમિતિમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવામાં આવી.

૨૩.૦૪ માન.કુલપતિશ્રી દ્વારા મનોનીત કમિટિએ તૈયાર કરેલ યુનિવર્સિટીનાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭નાં વાર્ષિક કેલેન્ડરને બહાલી આપવામાં આવી.

૨૩.૦૫ AAA તથા NAAC માટેની તૈયારી કરવા બાબતે યુનિવર્સિટી દ્વારા જરૂરી ઘટતી કાર્યવાહી કરવી તેમજ જરૂર પડે અન્ય બહારનાં મહાનુભાવશ્રીઓને આમંત્રિત કરી તેમની સેવા લઈ કામગીરી કરવાનું નક્કી કરવામાં આવ્યું.

૨૩.૦૬ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન યુનિવર્સિટી દ્વારા ફેકલ્ટી દીઠ વ્યાખ્યાનમાળા, વર્કશોપ અને નેશનલ સેમીનાર કરવાનું નક્કી કરવામાં આવ્યું. ફેકલ્ટી દીઠ વ્યાખ્યાનમાળા કરવા માટે મહાવિદ્યાલયોનાં પ્રધાનાચાર્યશ્રીઓ સાથે પરામર્શ કરી કાર્યક્રમ નિયત કરવાનું નક્કી કરવામાં આવ્યુ તેમજ ફેકલ્ટી ડીનશ્રી કાર્યક્રમોને સફળ બનાવવા માટે આયોજન કરે તેમ નક્કી થયું.

૨૩.૦૭ NRI વિદ્યાર્થીઓ માટે ચાલતા પોસ્ટ ગ્રેજ્યુએશન અને ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન સંસ્કૃત એન્ડ હિન્દુ સ્ટડીઝ અભ્યાસક્રમની પરીક્ષા અભ્યાસકેન્દ્ર સાથે સંકલન કરી જુનનાં બીજા–ત્રીજા અઠવાડીયામાં લેવાનું નક્કી કરવામાં આવ્યું જે માટે પરીક્ષા વિભાગ દ્વારા જરૂરી આયોજન કરવા તેમજ NRI વિદ્યાર્થીઓને ધ્યાને લઈ માર્કશીટ આપવાનું નક્કી થયું. તેમજ NRI અભ્યાસક્રમ સંબંધિત ગુજરાતી વિષયનું જે તૈયાર કરવામાં આવેલ સાહિત્યનું યુનિવર્સિટીનાં નિયમાનુસારનું પેમેન્ટ કરવાનું તેમજ તેને પાંચ–પાંચ નકલમાં સ્પાઈરલ બાઈન્ડીંગ કરી યુનિવર્સિટી પર રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

૨૩.૦૮ યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવેલ અરજીઓ અને કરવામાં આવેલ એલ.આઈ.સી.ને ધ્યાને લઈ સમિતિની ભલામણ મુજબ નવા તેમજ જુના PGDCA કેન્દ્રોને વર્ષ ૨૦૧૬–૧૭ માટે સ્વનિર્ભર

ધોરણે એક વર્ષની માન્યતા આપવાનું નકકી કરવામાં આવ્યું. જે કેન્દ્રો કોર્મશીલય કોમ્પલેક્ષમાં કે રહેણાંક વિસ્તારનાં મકાનમાં ચાલતા હોય તેને માન્યતા ન આપવા અંગેનો નિર્ણય કરવામાં આવ્યો.

૨૩.૦૯ યુનિવર્સિટી દ્વારા નવી મહાવિદ્યાલય/કોલેજને માન્યતા આપવા માટે મંગાવેલ અરજીઓમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ સંસ્કૃત મહાવિદ્યાલય, વડતાલની અરજી આવેલ તેમજ તેમની એલ.આઈ.સી.કમિટિની ભલામણને ધ્યાને લઈ તેઓને શાસ્ત્રી પ્રથમ વર્ષની સ્વનિર્ભર ધોરણે માન્યતા આપવાનું નિર્ણય કરવામાં આવ્યો. જેમાં ચર્ચા કરતા મહાવિદ્યાલયે જરૂરી પ્રાધ્યાપકોની ભરતી કરવાની રહેશે તેમ ઠરાવવામાં આવ્યું.

પંચમહાલ વિનયન કોલેજ, ચંચેલાવને ગત વર્ષે શાસ્ત્રી પ્રથમ વર્ષની માન્યતા આપવામાં આવેલ હોય ચાલુ વર્ષે શાસ્ત્રી દ્વિતીય વર્ષની માન્યતા આપવાની માંગણીને ધ્યાને લઈ સ્વનિર્ભર ધોરણે શાસ્ત્રી દ્વિતીય વર્ષની માન્યતા આપવાની મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું. જયારે નવજાગૃતિ સંસ્કૃત કોલેજ, વ્યારાની આચાર્ય પ્રથમ વર્ષની માન્યતા આપવાની માંગણી પર ચર્ચા વિચારણા કરવામાં આવી અને ચર્ચાને અંતે નિર્ણય કરવામાં આવ્યો કે તે સંસ્થા મહાવિદ્યાલયનાં સ્વરૂપમાં ન હોય તેમજ સ્વનિર્ભર ધોરણે કોલેજ હોય તેમને આચાર્યની માન્યતા ન આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

યુનિવર્સિટી સંલગ્ન કોલેજ/મહાવિદ્યાલય જે હાલ કાર્યરત છે તેમની પાસેથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ની માન્યતા આપવા માટે જરૂરી નોંધણી ફી મહાવિદ્યાલય પાસેથી રૂા.૫૦૦૦/– તથા કોલેજ પાસેથી રૂા.૨૦,૦૦૦/– મંગાવી તેઓને એક વર્ષ માટેની માન્યતા આપવાનું નકકી કરવામાં આવ્યું.

૨૩.૧૦ યુનિવર્સિટી દ્વારા નવા ડિપ્લોમા અભ્યાસકેન્દ્રો શરૂ કરવા અંગે આપવામાં આવેલ જાહેરાતનાં અનુસંધાને આવેલ અરજીઓની એલ.આઈ.સી.કરવામાં આવેલ જેમાં એલ.આઈ.સી.કમિટિની ભલામણને ધ્યાને લઈ સ્વનિર્ભર ધોરણે એક વર્ષ માટે ડિપ્લોમા કેન્દ્રોની મંજૂરી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો તેમજ જે ડિપ્લોમા કેન્દ્રો હાલ કાર્યરત છે તેમને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭માં તેઓ તેમનું કેન્દ્ર રીન્યુ કરવા માંગતા હોય તો તેમને પત્ર લખવો અને તેમનાં આવેદનને ધ્યાને જે કેન્દ્રો પાસે જે તે અભ્યાસક્રમનાં વિષય નિષ્ણાંત હોય અને તેમની સંમતિ સાથે આવેદનપત્ર મોકલે તેમને માન્યતા આપવાનું ઠરાવવામાં આવ્યું.

૨૩.૧૧ યુનિવર્સિટીનાં ચાલુ પીજીડીસીએ કેન્દ્રોમાંથી જે સંસ્થા ચલાવવા ન માંગતી હોય અથવા આ વર્ષ માટે આવેદનપત્ર ભરી માંગણી ન કરેલ હોય તેને માન્યતા ન આપી સંસ્થા ડિપોઝીટ પરત લેવા માંગતી હોય તો નિયમાનુસારની કાર્યવાહી કરી ડિપોઝીટ પરત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૨૩.૧૨ યુનિવર્સિટીનાં એમ.ફિલ./પીએચ.ડી.અભ્યાસક્રમનાં નિયમો માટે માન.કુલપતિશ્રી દ્વારા મનોનીત કરેલ કમિટિ દ્વારા જે નિયમો તૈયાર કરવામાં આવેલ છે તેને માન્ય રાખવામાં આવ્યા અને તેમજ આ નિયમો પ્રમાંણે જૂન–૨૦૧૬થી કાર્યવાહી કરવી તેમ નકકી કરવામાં આવ્યું. તેમજ અત્રેની યુનિવર્સિટીમાં ફરજ બજાવતા પ્રોફેસરશ્રીઓ અન્ય કોઈ યુનિવર્સિટીમાં પીએચ.ડી.નાં માર્ગદર્શકશ્રી તરીકે કાર્યરત હોય તો તેઓએ તે યુનિવર્સિટીમાંથી તેમની ગાઈડશીપ રદ કરી અત્રે જાણ કરવાની રહેશે તેમજ અત્રેની યુનિવર્સિટીમાં અન્ય કોઈ યુનિવર્સિટીનાં માર્ગદર્શકને માન્યતા આપેલ હોય તો તેમની ગાઈડશીપ રદ કરી તેઓનાં શોધછાત્રને અત્રેની યુનિવર્સિટીનાં જે તે વિષયનાં માર્ગદર્શકશ્રીને ફાળવવા તેમ નકકી કરવામાં આવ્યું. તેમજ નવા નિયમો પ્રમાણે મહાવિદ્યાલયોમાં ફરજ બજાવતા શૈક્ષણિક કર્મચારીઓ જેઓનું પગાર ધોરણ ૧૫૬૦૦–૩૯૧૦૦ ગ્રેડ પે ૬૦૦૦ હોય તેને કે તેનાથી ઉપર હોય તેઓને માર્ગદર્શક તરીકેની માન્યતા આપવાનું ઠરાવવામાં આવ્યું.

૨૩.૧૩ યુનિવર્સિટી દ્વારા ચાલતા પીએચ.ડી.અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા માટે પહેલા યુનિવર્સિટીનાં માર્ગદર્શકશ્રીઓ તેમની પાસે શોધાર્થીની સંખ્યાને ધ્યાને લઈ જે વિષયમાં જગ્યા ખાલી હોય તે વિષય/શાસ્ત્ર દીઠ નવા બનાવેલા નિયમો પ્રમાણે જુલાઈ–૨૦૧૬માં પ્રવેશ જાહેરાત આપવાનું નકકી કરવામાં આવ્યું.

૨૩.૧૪ યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી.અભ્યાસક્રમમાં માર્ગદર્શક તરીકેની માન્યતા માટે આજની બેઠકમાં માન્ય થયેલ પીએચ.ડી.નાં નિયમોને આધિન માન્યતા આપવાની કાર્યવાહી કરવાનું નકકી કરવામાં આવ્યું તેમજ જેની માન્યતા પરત લેવાની થતી હોય તેની માન્યતા પરત લેવા નિર્ણય કરવામાં આવ્યો.

૨૩.૧૫ યુ.જી.સી.નાં નવા નિયમોને આધારે યુનિવર્સિટી પરિસર બહાર ચાલતા એમ.ફિલ.અભ્યાસક્રમ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી ચર્ચાને અંતે વિઝીટીંગ ફેકલ્ટીથી એમ.ફિલ.અભ્યાસક્રમ નહી ચલાવવાનાં યુનિવર્સિટીએ બનાવેલ નિયમો તેમજ ગુજરાતની અન્ય કોઈ યુનિવર્સિટીમાં એમ.ફિલ.નું અભ્યાસકેન્દ્ર યુનિવર્સિટી પરિસર બહાર ન હોય હાલ જે બે કેન્દ્રો (૧) એન.એસ.પટેલ આર્ટસ કોલેજ, આણંદ તથા (૨) શ્રી દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલય,છારોડીને શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ની માન્યતા ન આપવા નિર્ણય કરવામાં આવ્યો પરંતુ જે વિદ્યાર્થીઓ હાલ અભ્યાસ કરી રહયા છે તેમનો અભ્યાસક્રમ જે તે કેન્દ્રએ પુરો કરાવવાનો રહેશે તેમ ઠરાવવામાં આવ્યું. હવેથી એમ.ફિલ.અભ્યાસક્રમ માત્ર યુનિવર્સિટી પરિસરમાં જ ચલાવવાનો રહેશે તેમ ઠરાવવામાં આવ્યું.

૨૩.૧૬ યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત બે સંશોધન કેન્દ્રો પાસેથી નિયમાનુસારનાં કાયમી સ્ટાફની વિગતો મંગાવવી તેમજ માર્ગદર્શકશ્રી તરીકે માત્ર શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં જ માન્યતા મેળવી હોય

તેવા પ્રોફેસરશ્રીની નિમણૂંક સંસ્થાએ કરેલ હોય તે જ સંસ્થાઓને વિદ્યાર્થીઓ ફાળવવા અને સંશોધન કેન્દ્રને કાર્યરત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો. તેમજ યુ.જી.સી.નાં નિયમાનુસાર વયમર્યાદા મુજબનાં માર્ગદર્શકશ્રી સંશોધન કેન્દ્રમાં સેવા બજાવી શકશે.

૨૩.૧૭ રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, દિલ્લી તરફથી આવેલ જાહેરાત અનુસંધાને યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયોમાંથી નિયત પત્રક અનુસાર જે મહાવિદ્યાલયોએ અરજી કરેલ છે તે આવેલ અરજીઓને રાજય સરકારનાં સંબંધિત વિભાગમાંથી જરૂરી કાર્યવાહી કરી મોકલી આપવા અંગે નિર્ણય લેવામાં આવ્યો.

૨૩.૧૮ યુનિવર્સિટીની સંસ્કૃત કોલેજમાં શાસ્ત્રી કક્ષામાં ગુજરાતી/અંગ્રેજી/કમ્પ્યુટર વગેરે આધુનિક વિષય માટે મુલાકાતી વ્યાખ્યાતાની સેવા લેવામાં આવે છે તેને વ્યાખ્યાન દીઠ રૂા.૧૫૦/– આપવામાં આવતા હતા તેને બદલે આગામી જૂન–૨૦૧૬થી એક વ્યાખ્યાન દીઠ રૂા.૨૫૦/–આપવાનું ઠરાવવામાં આવ્યું.

૨૩.૧૯ ભારત વાણી પ્રોજેકટ અંગે માન.કુલપતિશ્રીનાં માર્ગદર્શનમાં આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું.

૨૩.૨૦ યુનિવર્સિટી પરિસરમાં ભાઈઓ માટેની હોસ્ટેલની વ્યવસ્થા થયેલ હોય જેની દેખભાળ તેમજ ભોજન/હાજરી/નિયમિતતા/વાંચન/પઠન/પાઠન વગેરે બાબતોનું ધ્યાન રાખવા માટે ૨૪ કલાક માટે નિવાસી એક વ્યકિત (ગૃહપતિ)રાખવાનું નકકી કરવામાં આવ્યું. વધુમાં કોલેજનાં આચાર્ય અને અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીએ હોસ્ટેલ વ્યવસ્થા સંભાળવા અંગે યોજના બનાવવી જોઈએ તેમ ચર્ચા કરવામાં આવી.

૨૩.૨૧ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ થી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/મહાવિદ્યાલય/પીજીડીસીએ કેન્દ્રો અને ડિપ્લોમા કેન્દ્રોની પરીક્ષાની Pre-Post કામગીરી ONLINE કરવા અંગે નિર્ણય કરવામાં આવ્યો.

૨૩.૨૨ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ થી શાસ્ત્રી/આચાર્યનાં ONLINE પ્રવેશ તેમજ PGDCA ની ONLINE EXAM અગાઉની એકેડેમીક કાઉન્સિલની બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ લેવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો. તેમજ ONLINE પરીક્ષા માટે PGDCA કેન્દ્રોનાં પ્રાધ્યાપકોને એક દિવસીય વર્કશોપ ગોઠવીને તેઓને સંપૂર્ણ બાબતથી માહિતગાર કરવા તેમ નકકી થયું.

૨૩.૨૩ ચંચેલાવ અને દ્વારકામાં થયેલ કોપી કેસની વિગતોમાં ચર્ચા કરી માન.કુલપતિશ્રી દ્વારા ફાઈલ પર લેવાયેલ નિર્ણયને મંજૂરી આપવામાં આવી અને ચર્ચાને અંતે સર્વાનમતે ઠરાવવામાં આવ્યું કે સ્વનિર્ભર

સંસ્કૃત કોલેજની પરીક્ષાઓ સીસીટીવી કેમેરાનાં નિયંત્રણ હેઠળ લેવામાં આવે તેમજ તેમનું રેકોર્ડીંગ યુનિવર્સિટીને પરીક્ષા પૂર્ણ થયે મોકલી આપે. જેનું યુનિવર્સિટી ખાતે ચેકીંગ કર્યા બાદ જ જે–તે કોલેજનું પરિણામ ઘોષિત કરવું તેમ નકકી કરવામાં આવ્યું. જે સ્વનિર્ભર કોલેજોમાં હાલ બી.એડ્.કોલેજ–સોલા/ચંચેલાવ/વ્યારા અને સારંગપુરનો સમાવેશ થાય છે.

૨૩.૨૪ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭થી પરીક્ષામાં BAR CODE પધ્ધતિનો અમલ કરવા તથા તેના અનુરૂપ ઉત્તરવહીનું મુખપુષ્ઠ તૈયાર કરવા માટેની બાબતને ચર્ચા વિચારણાને અંતે બહાલી આપવામાં આવી.

૨૩.૨૫ યુનિવર્સિટીનાં પ્રવેશ ફોર્મમાં રાજય સરકારશ્રીનાં આદેશ અનુસાર આધાર કાર્ડ નંબર લખવો ફરજિયાત હોય શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭થી પ્રવેશ ફોર્મમાં વિગત મેળવવાનું નકકી કરવામાં આવ્યું.

૨૩.૨૬ યુનિવર્સિટી દ્વારા તમામ કક્ષાનાં રીપીટર વિદ્યાર્થીઓ માટે રૂા.૩૫૦/–ફી નકકી કરવામાં આવેલ છે પરંતુ તેમાં કેટલાક વિદ્યાર્થીઓ તમામ વિષયોની રીપીટર વિદ્યાર્થીઓ તરીકે પરીક્ષા પણ આપે છે તેમજ જે તે સત્રની હાજરી છે કે કેમ તેની વિગત પણ માલુમ પડતી નથી આ બાબતે ચર્ચા વિચારણા કરી નીચે મુજબનાં બે નિર્ણયો લેવામાં આવે છે.

(૧) જે વિદ્યાર્થીઓએ પરીક્ષા ફોર્મ ભરીને સંજોગોવસાત પરીક્ષા નથી આપી શકયા અથવા નાપાસ થયેલ છે તેવા વિદ્યાર્થીઓને જ રીપીટર વિદ્યાર્થી ગણવા.અને તેમનાં પરીક્ષા ફોર્મમાં પ્રધાનાચાર્યશ્રીએ જે તે સત્રની હાજરી નિયમાનુસારની છે કે કેમ તેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૨) રીપીટર વિદ્યાર્થીએ ગમે તેટલા પેપરોની પરીક્ષા આપવાની હોય પણ તેને રીપીટર તરીકેની પરીક્ષા ફી જે તે પરીક્ષાની જે તે કક્ષાની પરીક્ષા ફી જેટલી ફી ભરવાની રહેશે તેમ નકકી કરવામાં આવ્યું.

૨૩.૨૭ યુનિવર્સિટી દ્વારા હાલ બાહ્ય વિદ્યાર્થીમાંથી રેગ્યુલર વિદ્યાર્થી તરીકે અથવા રેગ્યુલર વિદ્યાર્થીમાંથી બાહ્ય વિદ્યાર્થી તરીકે પ્રવેશ તબદીલ કરવામાં આવે છે તેમાં શાસ્ત્રી કક્ષામાં સેમેસ્ટર એક થી ચાર સુધી અને આચાર્યમાં સેમેસ્ટર બે સુધી વિદ્યાર્થી ફેરફાર કરી શકે છે પરંતુ તેનાં કારણે પ્રવેશ અને પરીક્ષાની કામગીરીમાં મોટી માત્રામાં ટેકનીકલ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય તે અંગે ચર્ચા કરતા નિર્ણય કરવામાં આવ્યો કે શાસ્ત્રી કક્ષામાં પ્રથમ બે સેમેસ્ટર તથા આચાર્ય કક્ષામાં પ્રથમ સેમેસ્ટર પુરતું જ વિદ્યાર્થીઓ બાહ્ય વિદ્યાર્થીમાંથી રેગ્યુલર વિદ્યાર્થી તરીકે અથવા રેગ્યુલર વિદ્યાર્થીમાંથી બાહ્ય વિદ્યાર્થી તરીકે ફેરફાર કરી શકશે.

૨૩.૨૮ પરીક્ષા સમિતિમાં એકેડેમીક કાઉન્સિલમાંથી એક સભ્યની નિમણૂંક કરવાની હોય નવું જાહેરનામું બહાર પડે ત્યારે એક એકેડેમીક કાઉન્સિલમાંથી કોઈ એક સભ્યશ્રીને પરીક્ષા સમિતિમાં મનોનિત કરવા માટેની સત્તા માન.કુલપતિશ્રીને આપવામાં આવી.

૨૩.૨૯ શ્રી નવજાગૃતિ સંસ્કૃત કોલેજ, વ્યારા મુકામે યુનિવર્સિટીનાં એકેડેમીક કાઉન્સિલનાં સભ્યશ્રી દ્વારા પરીક્ષા દરમ્યાન કરવામાં આવેલ નિરીક્ષકનાં રિપોર્ટ તેમજ અન્ય નિરીક્ષકશ્રીનાં રિપોર્ટનાં આધારે ચર્ચા વિચારણા કરવામાં આવી જેમાં કોલેજ પર સ્ટાફનો અભાવ, કાર્યરીતીમાં જોવા મળેલી ત્રુટીઓ તેમજ બેજવાબદારી જેવી બાબતો ધ્યાને આવેલ હોય સંસ્થાનાં ટ્રસ્ટીશ્રી અને આચાર્યશ્રીને કોલેજ સંબંધિત જરૂરી વિગતો મંગાવી રૂબરૂ બોલાવી તેમની પાસેથી ખુલાસો મેળવવો. માન.કુલપતિશ્રીની હાજરીમાં જરૂરી સ્ટાફ ભરતી કરવાનો તેમજ અન્ય બાબતોએ બાહેંધરી મેળવવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૨૩.૩૦ યુનિવર્સિટીનાં શૈક્ષણિક સ્ટાફ વેકેશન પડતા જ કોઈનાં કોઈ કામથી અથવા એડવાન્સમાં વતનમાં જવાની રેલ્વે ટીકીટો કરાવી નિકળી જાય છે જેનાં કારણે મૂલ્યાંકન જેવી અતિ આવશ્યક શૈક્ષણિક કામગીરી ખોરંભાઈ જાય છે. તેમજ અન્નોન્ય શૈક્ષણિક સ્ટાફ પર તેની વિપરિત અસર ઉભી થાય છે માટે ચર્ચા કરી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીની મૂલ્યાંકન તેમજ પરીક્ષા સંબંધિત કોઈપણ કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી યુનિવર્સિટીનાં શૈક્ષણિક કર્મચારીઓએ વેરાવળ હેડકવાર્ટર છોડવું નહી તેમજ સોંપેલ કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી રજા પર ન રહેવું તેમ નકકી કરવામાં આવ્યું. વેકેશનમાં કામગીરી કરવાની થાય ત્યારે તેની સામે સરકારશ્રીનાં નિયમાનુસારની રજાઓ જમા કરવાનું નકકી કરવામાં આવ્યું.

૨૩.૩૧ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી પ્રવેશ બાદ પ્રવેશ રદ કરવા માંગે ત્યારે ફી પરત કરવા અંગે ચર્ચા વિચારણાને અંતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરતે બનાવેલા ફી પરત અંગેનાં નિયમોને સ્વીકારીને તે મુજબ અત્રેની યુનિવર્સિટીનાં ફી પરત કરવા અંગેનાં નિયમો બનાવવા અને તેમની અમલવારી કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

૨૩.૩૨ મહાનુભાવશ્રીઓનાં સુચનો :-

(૧) યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી તમામ પરીક્ષાઓમાં તમામ કોલેજ/મહાવિદ્યાલયમાં જે મુખ્ય પરીક્ષા સંયોજક તરીકેની કામગીરી જે તે કોલેજ/મહાવિદ્યાલયનાં પ્રધાનાચાર્યશ્રી જ કરે તેમ સુચન કરવામાં આવ્યું જેને માન્ય રાખી તે મુજબ પરીક્ષાની કામગીરી કરવાનું નકકી કરવામાં આવ્યું.

(૨) યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધે તે માટે યુનિવર્સિટી કક્ષાએ, અનુસ્નાતક ભવન કક્ષાએ તથા કોલેજ કક્ષાએ પ્રચાર–પ્રસાર કરવો જોઈએ તેવું સુચન કરવામાં આવ્યું.

૨૩.૩૩ અધ્યક્ષ સ્થાનેથી :–

ONLINE પ્રવેશ તેમજ ONLINE પરીક્ષા કે અન્ય કોઈ બાબતે પ્રધાનાચાર્ય કે સંયોજકશ્રીઓને તાંલીમની આવશ્યકતા જણાય તો તાલીમનું આયોજન કરવું તેમ નકકી કરવામાં આવ્યું.

બેઠકનાં અંતે કુલસચિવશ્રીએ સર્વે મહાનુભાવશ્રીઓનો આભાર વ્યકત કર્યો હતો.

(ડો.દશરથ જાદવ)
કા.કુલસચિવ

A.C
Exam-24

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકેડેમીક કાઉન્સિલ બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમીક કાઉન્સિલની ૨૪મી બેઠકનું આયોજન તા.૨૧ ડિસેમ્બર, ૨૦૧૬નાં રોજ યુનિવર્સિટી કોન્ફરન્સ હોલ ખાતે કરવામાં આવેલ હતું. આ બેઠકમાં નીચે પ્રમાણેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી
(૨) ડો.ડાહયાભાઈ શાસ્ત્રી
(૩) ડો.ગિરીશભાઈ ઠાકર
(૪) ડો.કમલેશકુમાર ચોકસી
(૫) ડો.હર્ષદેવ માધવ
(૬) ડો.પ્રજ્ઞાબેન જોષી
(૭) શ્રી ગોવિંદભાઈ પટેલ
(૮) ડો.કાંતિભાઈ ભટ્ટ
(૯) ડો.વિનોદકુમાર ઝા
(૧૦) ડો.અર્ચના દુબે
(૧૧) ડો.અમૃતલાલ ભોગાયતા
(૧૨) ડો.શત્રુધ્ન પાણીગ્રહી
(૧૩) ડો.વસુમતિબેન દવે
(૧૪) ડો.લલિતભાઈ પટેલ
(૧૫) ડો.દશરથ જાદવ (કા.કુલસચિવ)

૨૪.૦૧ સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને અગાઉ કરેલ એકેડેમીક કામગિરીનો વિસ્તૃત અહેવાલ મહાનુભાવોને આપવામાં આવ્યો હતો.જેમાં ખાસ પીજીડીસીએની પરીક્ષા ઓનલાઈન લેવામાં આવેલ તેમાં મળેલ સફળતા અને ગુજરાત ખેલ મહાકુંભમાં યુનિવર્સિટીની વિદ્યાર્થિનીઓ યોગમાં રાજયમાં પ્રથમ, દ્વિતીય સ્થાને આવેલ તેની વિશેષ નોંધ લીધી અને બંને માટે યુનિવર્સિટીનાં સૌ મહાનુભાવોએ પ્રસંશા કરી.

૨૪.૦૨ યુનિવર્સિટીની પરીક્ષા સમિતિની તા.૧૩/૦૯/૨૦૧૬ની બેઠકમાં લેવાયેલ નિર્ણયોને બહાલી આપવામાં આવી તેમજ લેવાયેલ નિર્ણય મુજબ કામગીરી પૂર્ણ થઈ છે તેની નોંધ લેવામાં આવી.

૨૪.૦૩ યુનિવર્સિટીનાં આગામી તા.૦૨/૦૨/૨૦૧૭નાં રોજ આયોજિત થનાર પદવીદાન સમારોહમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬માં પાસ થઈને શાસ્ત્રી, આચાર્ય, એમ.ફિલ., પીએચ.ડી., પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમ પૂર્ણ કરનારને (પરીક્ષા વિભાગમાંથી મળેલ યાદી મુજબ) પદવી એનાયત કરવાંનું નકકી કરવામાં આવ્યું. તેમજ હાલ ડિસેમ્બરમાં જે રિપીટર વિદ્યાર્થીઓ બેઠા હોય અને પાસ થાય તો તેનો સમાવેશ કરવાનું નકકી કરવામાં આવ્યું તથા તે માટે તા.૦૯/૦૧/૨૦૧૬ સુધી જે પરીણામ ઘોષિત થાય તેનો સમાવેશ કરવા નકકી કરવામાં આવ્યું. આ બાબતે જે પણ તૈયારીઓ તથા કામગીરી કરવાની થતી હોય તે બાબતે માન.કુલપતિશ્રીનાં માર્ગદર્શન મુજબ કરવા નિર્ણય કરવામાં આવ્યો.

૨૪.૦૪ યુનિવર્સિટી દ્વારા પદવીદાન સમારોહમાં આપવામાં આવતા મેડલ બાબતે નિર્ણય લેવામાં આવ્યો કે  આગામી
તા.૦૨/૦૨/૨૦૧૬નાં રોજ યોજાનાર ૯માં પદવીદાન સમારોહમાં ગત વર્ષની જેમ મેરીટ લીસ્ટ ઘોષિત થઈ ગયેલ
હોઈ રૂા.૧૫ હજારની મર્યાદામાં અભ્યાસક્રમ દીઠ અને વિષય દીઠ ત્રણ–ત્રણ મેડલ આપવા અને ૧૦માં પદવીદાન
સમારોહ માટે શાસ્ત્રી/આચાર્ય/શિક્ષાશાસ્ત્રી/ પીજીડીસીએમાં ઓલઓવર પરિણામને ધ્યાને લઈ માત્ર ગોલ્ડ/સીલ્વર
મેડલ આપવા તેમજ દાતા મળે તેમાં શાસ્ત્રી/આચાર્યમાં માત્ર વિષય દીઠ ૨(બે) ગોલ્ડ મેડલ આપવા સીલ્વર મેડલ
આપવા નહી તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

૨૪.૦૫ યુનિવર્સિટી દ્વારા પદવીદાન સમારોહમાં આપવામાં આવતા મેડલ માટે ડોનેશનની પોલીસી અંગે ચર્ચા વિચારણા
કરવામાં આવી હાલ દર વર્ષે વિદ્યાર્થીની યાદી ઘોષિત થયા બાદ મેડલ માટે દાતા આવે છે તેમાં ફેરફાર કરી પહેલેથી
જ કાયમી દાતાની યાદી તૈયાર કરવી. એક વર્ષ માટે કોઈ મેડલ સ્વીકારવા નહી જેનો અમલ ૧૦માં પદવીદાનથી
કરવો અને તે માટે એક પોલીસી તૈયાર કરવા માટે માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એક કમિટિ બનાવી પોલીસી
તૈયાર કરી બહોળી પ્રસિધ્ધી ધરાવતા ન્યુઝ પેપરમાં જાહેરાત આપી ઓકટોબર–૨૦૧૭ પહેલા કામગીરી પૂર્ણ કરી
દાતાઓની યાદી બનાવવી અને તે મુજબ વિદ્યાર્થીઓને મેડલ આપવા તેમ નકકી કરવામાં આવ્યું.

૨૪.૦૬ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા પીજીડીસીએ તથા બી.એડ્. કોર્ષમાં વિદ્યાર્થીઓની મહત્તમ વય મર્યાદા બાબતે
ચર્ચા વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે પીજીડીસીએમાં પ્રવેશ માટે વય મર્યાદા ૪૦ વર્ષની તેમજ બી.એડ્.માં
NCTEનાં નિયમો હોય તો તે અન્યથા ૩૫ વર્ષની વય મર્યાદા રાખવી તેમ  સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. જે માટે
ડીનશ્રી પાસેથી લખાણમાં વિગતો મેળવવી.

૨૪.૦૭ યુ.જી.સી.નાં પરિપત્રોને ધ્યાને લઈ યુનિવર્સિટીનાં તમામ કોર્ષનાં પ્રવેશ માટે જમ્મુ કાશ્મીરી માઈગ્રેન્ટ વિદ્યાર્થી માટે
યુ.જી.સી.નાં નિયમાનુસારની સીટો રિઝર્વ રાખવા અંગે નિર્ણય કરવામાં આવ્યો.

૨૪.૦૮ કેન્દ્ર સરકારશ્રી, યુ.જી.સી.નાં માર્ગદર્શન/નિયમોનુસાર તથા રાજય સરકારશ્રીનાં અનામત નિતિની પોલીસી પ્રમાણે જે
નિતિ નકકી કરવામાં આવેલ છે તે નિતિ પ્રમાણે યુનિવર્સિટીની તમામ પ્રવેશ પ્રક્રિયા તથા ભરતી પ્રક્રિયામાં અનામત
નિતિનો અમલ કરવો તેમજ યુનિવર્સિટી અને સંબંધિત મહાવિદ્યાલયો/કોલેજોએ પ્રવેશ સમયે નોટીસ બોર્ડ પર પ્રવેશ
પોલીસી મુકે તેવી સુચના કરવી તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

૨૪.૦૯ યુનિવર્સિટી દ્વારા આયોજિત કરવામાં આવતા પદવીદાન સમારોહમાં મહાનુભાવશ્રીઓ તથા વિદ્યાર્થીઓ માટે
ખેસ/એપ્રન્સ તૈયાર કરવા અંગે ચર્ચા કરી નિર્ણય કરવામાં આવ્યો. જેમાં જરૂરી માત્રામાં ખેસ/એપ્રન્સ તૈયાર કરાવવા
અને હાલ લાલ, વાદળી, કેસરી અને ગુલાબી કલર છે જેમાં ઉમેરો કરવાનો થતો હોય તો અનુક્રમે બ્રાઉન,પીળો,લીલો
અને જાંબલી વગેરે કલરનાં બનાવવા નિર્ણય કરવામાં આવ્યો.

૨૪.૧૦ યુ.જી.સી.નાં પત્ર અનુસાર બેચલર ઓફ વોકેશનલ (B.VOC) સ્નાતક અભ્યાસક્રમની ડિગ્રીને યુનિવર્સિટી કક્ષાએ
સ્નાતક ડિગ્રીની સમકક્ષતા આપવાનું ઠરાવવામાં આવ્યું.

૨૪.૧૧ ફેકલ્ટીમાં નિયત થયેલ વિષયોના જાહેરનામામાં નવા અભ્યાસક્રમને ધ્યાને લઈ શાસ્ત્રી કક્ષામાં અનિવાર્ય પ્રશ્નપત્રમાં જે-તે વિષયનો સમાવેશ કરવામાં આવેલ છે તે મુજબ ફેકલ્ટીમાં મુકવા અને તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું નકકી કરવામાં આવ્યું.

૨૪.૧૨ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ અભ્યાસક્રમોનાં નવા જોડાણ મેળવવા માંગતી સંસ્થાઓ પાસેથી જાહેરાત આપી અરજી મેળવવાનું નકકી કરવામાં આવ્યું. તેમજ એપ્રિલ-૨૦૧૭ સુધીમાં એલ.આઈ.સી. કરી જોડાણ અંગેની કામગીરી પૂર્ણ કરવી જેથી સંસ્થાને પ્રવેશ માટેની જાહેરાત કરવાનો સમય મળી રહે તેમ નકકી કરવામાં આવ્યું. જેમાં પીજીડીસીએ અભ્યાસક્રમની જોડાણની શરતોમાં બિલ્ડીંગની શરતમાં ફેરફાર કરવામાં આવ્યો.જેમાં અગાઉનો નિયમ " માધ્યમિક શાળા-કોલેજ કે સમકક્ષ શૈક્ષણિક અભ્યાસક્રમો ચલાવતા હોય તેમજ પોતાનું જ માત્ર શૈક્ષણિક હેતુ માટે માન્ય હોય તેવા જ બિલ્ડીંગમાં કેન્દ્રને માન્યતા આપવામાં આવશે, કોમર્શિયલ કોમ્પ્લેકસ કે રહેણાંક હેતુનાં મકાનમાં કેન્દ્રને માન્યતા આપવામાં આવશે નહી" તેમ હતું, જેમાં ફેર વિચારણા કરી " માધ્યમિક શાળા-કોલેજ કે સમકક્ષ શૈક્ષણિક અભ્યાસક્રમો ચલાવતા હોય તેમજ ટ્રસ્ટનું પોતાનું જ બિલ્ડીંગ અથવા તો ટ્રસ્ટી મંડળનાં સભ્ય પૈકી કોઈ એક વ્યકિતનાં નામનું માત્ર શૈક્ષણિક હેતુ માટે સરકારશ્રી તરફથી માન્ય હોય તેવા જ બિલ્ડીંગમાં કેન્દ્રને માન્યતા આપવામાં આવશે. કોમર્શિયલ કોમ્પ્લેકસ કે રહેણાંક હેતુનાં મકાનમાં કેન્દ્રને માન્યતા આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

૨૪.૧૩ યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રીય સેમીનાર તથા ફેકલ્ટી વાઈઝ પરીસંવાદ આયોજન કરવા અંગે ચર્ચા કરી નિર્ણય કરવામાં આવ્યો કે યુનિવર્સિટીનાં બજેટને ધ્યાને લઈ ગુજરાતની તમામ કોલેજનાં પ્રાધ્યાપકો ભાગ લઈ શકે તે પ્રકારે વિષય અને આયોજન માન.કુલપતિશ્રીનાં માર્ગદર્શન મુજબ કરવું. જેમાં અન્ય રાજયોની સંસ્કૃત યુનિવર્સિટી તથા ગુજરાતની યુનિવર્સિટીમાંથી સંસ્કૃત વિષયનાં વડા/પ્રોફેસર/રીડરમાંથી કોઈ એકને યુનિવર્સિટી વતી આમંત્રણ આપવું. તેમજ તેઓને સેકન્ડ એ.સી.ની મર્યાદામાં ટી.એ.ડી.એ.આપવું અને રહેવાની વ્યવસ્થા યુનિવર્સિટીએ કરવી પરિસંવાદ અંગે માન.કુલપતિશ્રીનાં માર્ગદર્શન મુજબ સદર કામગીરી ફેકલ્ટી ડીનશ્રી વ્યાકરણ કરે તેમ નકકી કરવામાં આવ્યું.

૨૪.૧૪ યુનિવર્સિટી દ્વારા ચાલતા પીએચ.ડી.અભ્યાસક્રમ માટે પ્રવેશ આપવા અંગે પ્રવેશ પરીક્ષા લેવા નિર્ણય કરવામાં આવેલ કે જે વિષયમાં જેટલી જગ્યાઓ ખાલી છે તેને ધ્યાને લઈ વિજ્ઞાપન આપવી અને તેની વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ પર સંપૂર્ણ મુકવી. આ અંગે સત્વરે જાહેરાત આપી પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવું તેમ નકકી કરવામાં આવ્યું.

૨૪.૧૫ યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન (સ્વયમ)નાં નવા અભ્યાસક્રમ શરૂ કરવા અંગે નિર્ણય કરવામાં આવ્યો કે માન.કુલપતિશ્રી ડીનશ્રી સાથે ચર્ચા પરામર્શ કરી યુનિવર્સિટી દ્વારા થઈ શકે તેમ હોય તો તેનો પ્રોજેકટ બનાવી આગામી એ.સી.માં મુકે તેમ ઠરાવવામાં આવ્યું.

૨૪.૧૬ યુનિવર્સિટી દ્વારા માન્યતા આપવામાં આવેલ એન.એસ.પટેલ કોલેજ, આણંદ તથા શ્રી ભારતીય તત્વજ્ઞાન મંદિર, મોડાસામાં ચાલતા સંશોધન કેન્દ્ર બાબતે માન્યતા અને શૈક્ષણિક બાબતોએ ચર્ચા કરી નિર્ણય કરવામાં આવ્યો કે ઉકત બંને જગ્યાએ તેમજ અન્ય સ્વનિર્ભર ધોરણે ચાલતી કોલેજોમાં સ્થળ તપાસ કરી યુનિવર્સિટીને રીપોર્ટ મળ્યેથી વિચારણા કરવી. જે માટે માન.કુલપતિશ્રી દ્વારા ૨ મહાનુભાવોની કમિટિ બનાવી આગળની કાર્યવાહી કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

૨૪.૧૭ યુ.જી.સી. તથા રાજય સરકાર દ્વારા એમ.ફિલ./પીએચ.ડી.નાં નવા બનાવેલા નિયમોને આધારે અત્રેની યુનિવર્સિટી દ્વારા બનાવવામાં આવેલ એમ.ફિલ./પીએચ.ડી.નાં નિયમોમાં જરૂરી કરવામાં આવેલ પરિવર્તનને બહાલી આપવામાં આવી તથા તે મુજબ કામગીરી કરવા નિર્ણય કરવામાં આવ્યો.

૨૪.૧૮ ગુજરાત રાજય સરકારશ્રી દ્વારા આગામી ૧૦ થી ૧૩ જાન્યુઆરી, ૨૦૧૭ દરમ્યાન વાઈબ્રન્ટ ગુજરાત સમિટ આયોજન કરવામાં આવેલ હોય તેમાં અત્રેની યુનિવર્સિટી દ્વારા ગરીમાપૂર્ણ પ્રદર્શની રજૂ કરે તે માટે જરૂરી તમામ કામગીરી કરવી તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

૨૪.૧૯ યુનિવર્સિટી દ્વારા ચાલતા બાહ્ય અભ્યાસક્રમ માટે શાસ્ત્રી અને આચાર્યમાં હાલ જે વિષયો ઓફર કરવામાં આવે છે તે તમામ ચાલુ રાખવા તેમજ દરેક વિષયનાં સ્વાધ્યાય કાર્ય દર વર્ષે તૈયાર ન કરતાં એક વાર તૈયાર કરી અભ્યાસક્રમ ન બદલાય ત્યાં સુધી તે જ સ્વાધ્યાય કાર્યનો ઉપયોગ કરવો તેમ નકકી કરવામાં આવ્યું.

૨૪.૨૦ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનાં પ્રવેશ તથા પરીક્ષાની માર્કશીટ/પ્રમાણપત્રમાં નામ સુધારણા કરવા ચર્ચા કરી નિર્ણય કરવામાં આવ્યો કે જે તે માર્કશીટ/ડીગ્રીમાં ગેજેટમાં સુધારો પ્રસિધ્ધ થાય અને તેમાં જે નામ હોય તે જ રાખવું અન્યથા ધોરણ–૧૨ની માર્કશીટમાં હોય તે જ રાખવાનું નકકી કરવામાં આવ્યું. આમ છતાં રાજય/કેન્દ્ર સરકાર દ્વારા આ અંગે કોઈ સ્પષ્ટ આદેશ મળે તો તે મુજબ ફેરફાર કરવા નિર્ણય કરવામાં આવ્યો.

૨૪.૨૧ યુનિવર્સિટી દ્વારા ચાલતા શાસ્ત્રી કક્ષા, આચાર્ય કક્ષા તથા ડિપ્લોમાં અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓની સંખ્યા નકકી કરવા માટે ચર્ચા કરી નિર્ણય કરવામાં આવ્યો કે ડિપ્લોમાં અભ્યાસક્રમમાં વર્ગ દીઠ મહત્તમ૬૦ વિદ્યાર્થી અને શાસ્ત્રી, આચાર્યમાં વર્ગ દીઠ મહત્તમ ૭૫ વિદ્યાર્થીની સંખ્યા નિયત કરવામાં આવી. આથી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા/મેળવવા માટે જે તે સંસ્થા/ કોલેજ/મહાવિદ્યાલયએ યુનિવર્સિટી પાસે વર્ગ વધારાની મંજૂરી મેળવવાની રહેશે.મંજૂરી મળ્યેથી જ વધુ પ્રવેશ કરી શકશે.

૨૪.૨૨ યુનિવર્સિટીમાં જયારે વિદ્યાર્થી પ્રવેશ મેળવે છે ત્યારે તેમણે અગાઉ કરેલ અભ્યાસક્રમ અને નવા મેળવેલ પ્રવેશ વચ્ચે જો ગેપ(અંતર) રહેતું હોય તો ચર્ચા કરી નિર્ણય કરવામાં આવ્યો કે એક વર્ષનાં ગેપમાં કોઈ લખાણ ન લેવું, બે વર્ષનો ગેપ હોય તો વિદ્યાર્થી અને વાલી બંનેની સંયુકત સહી સાથે રૂા.૨૦/–નાં સ્ટેમ્પમાં કારણોની માહિતી લેવી અને તેથી વધુ ગેપ હોય તો જે તે કારણ સાથે નોટરી પાસે રૂા.૨૦/–નાં સ્ટેમ્પ પેપર ઉપર સોંગદનામું કરાવવું તેમ નકકી કરવામાં આવ્યું.

૨૪.૨૩ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીનાં પ્રવેશ વખતે કરવામાં આવતા એનલીસમેન્ટ બાબતે ચર્ચા કરી નિર્ણય કરવામાં આવ્યો કે વિદ્યાર્થીનાં શાસ્ત્રી/આચાર્ય/શિક્ષાશાસ્ત્રીમાં પ્રથમ પ્રવેશ સમયે જ એનલીસમેન્ટ ફોર્મ ભરવાનું રહેશે ત્યારબાદ એનલીસમેન્ટ ફોર્મ ન ભરતા જે તે સત્રમાં પરીક્ષા ફોર્મ ભરવામાં આવે તેમજ પ્રવેશ પ્રક્રિયા કોલેજ/મહાવિદ્યાલય પર જ કરવામાં આવે.

૨૪.૨૪ પીજીડીસીએ અભ્યાસક્રમમાં યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી વખતે તેમની પ્રવેશ પાત્રતા બાબતે ચર્ચા વિચારણા કરી નકકી કરવામાં આવ્યું કે હાલ જે પ્રવેશ પાત્રતા છે તેમાં ફેરફાર કરી પીજીડીસીએ અભ્યાસક્રમમાં પ્રવેશ પાત્રતા સ્નાતક (કોઈ પણ વિદ્યાશાખામાં) પાસ નકકી કરવામાં આવી.

૨૪.૨૫ પીજીડીસીએ અભ્યાસક્રમમાં ઓનલાઈન પરીક્ષા થઈ હોઈ પાસીગ માર્કસ નકકી થવા તેમજ ગ્રેસિંગ બાબતે સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો કે પી.જી.ડી.સી.એ.અભ્યાસક્રમમાં પાસીગ ગુણ ૪૦ % રહેશે જે ઓનલાઈન પરીક્ષા અને થીયરી પધ્ધતિ બંનેમાં લાગુ પડશે. તેમજ બંને પધ્ધતિમાં વિદ્યાર્થીએ પાસ થવા માટે ઓછામાં ઓછા ૫૦ ગુણમાંથી ૧૫ ગુણ ફરજિયાત મેળવવાનાં રહેશે. પ્રત્યેક પેપરમાં બંને પધ્ધતિમાં વધુમાં વધુ ૫ (પાંચ) ગુણ ગ્રેસિંગ આપવા. જે પેપરમાં ઓન લાઈન પરીક્ષા નથી ત્યાં પેપર દીઠ ૧૦ ગુણ ગ્રેસિંગ રહેશે. પીજીડીસીએ અભ્યાસક્રમમાં કુલ મહત્તમ ૨૦ ગુણનું બે વિષયમાં ગ્રેસીગ આપવું તેમ નકકી થયું. જે વિદ્યાર્થી જે તે વિષય અને પરીક્ષા પધ્ધતિમાં લઘુતમ ગુણ મેળવી ન શકે તેને તેની પરીક્ષા પાસ થવા પુનઃ આપવાની રહેશે.

૨૪.૨૬ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી ડિપ્લોમા પરીક્ષા-૨૦૧૬માં શ્રી અર્જુન ડિપ્લોમા અભ્યાસકેન્દ્ર, સુપાસીમાં થયેલ કોપી કેસ અંગે ચર્ચા કરવામાં આવી જેમાં માન.કુલપતિશ્રીએ બે વાર કેન્દ્ર સંચાલક/ટ્રસ્ટીને બોલાવવા છતાં ગેરરીતિ અંગેનાં ખુલાસો કરવા આવેલ ન હોઈ તે બાબતે ગંભીર નોંધ લેવામાં આવી તેમજ સદર પરિણામ પેન્ડીંગ છે તે ઘોષિત ખુલાસો કર્યા બાદ જ કરવું. અને હવે યુનિવર્સિટીની કોઈપણ પરીક્ષા લેવાય ત્યારે યોગ્ય ખુલાસો ન જણાય તો સમગ્ર પરીક્ષામાં તે કેન્દ્ર પર યુનિવર્સિટીએ નિરીક્ષણની કામગીરી કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

૨૪.૨૭ પીજીડીસીએ અભ્યાસ કેન્દ્ર મેંદરડામાં પરીક્ષા ડિસેમ્બર-૨૦૧૬માં ડમી વિદ્યાર્થી બેઠેલ હોય તે અંગેનાં રીપોર્ટ પર ચર્ચા વિચારણા કરી નિર્ણય કર્યો કે આ બાબતે કેન્દ્રનાં સંયોજક/પ્રાધ્યાપક અને ટ્રસ્ટીને રૂબરૂ બોલાવી ખુલાસો પુછવો. પુનઃઆવુ નહીં બને તેની ખાત્રી લેવી તથા જે વિદ્યાર્થીનાં સીટ નંબર પર ડમી બેઠેલ છે તે વિદ્યાર્થીને ૩ વર્ષ સુધી પરીક્ષામાં ન બેસવા દેવો. વધુમાં નિર્ણય કરવામાં આવ્યો કે હવે પછી યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં આવી ઘટના બને ત્યારે કેન્દ્ર સંચાલકે નિરીક્ષકની સાથે રહી આધારો સાથે નજીકનાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવી.

૨૪.૨૮ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી ડિપ્લોમા અભ્યાસક્રમની પરીક્ષામાં ઉત્તરની ભાષા બાબતે તથા પ્રશ્નપત્રનાં માધ્યમ બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નકકી કરવામાં આવ્યું કે ડિપ્લોમા અભ્યાસક્રમની પરીક્ષામાં ઉત્તરની ભાષા સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી રહેશે. જેની જાણ સૌ કેન્દ્રો પર કરવાનું ઠરાવવામાં આવ્યું.

| | |
|---|---|
| ૨૪.૨૯ | યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી ડિપ્લોમા અભ્યાસક્રમમાં રી–એસેસમેન્ટનું પ્રાવધાન કરેલ ન હોઈ આગામી પરીક્ષાથી કોઈ પણ બે પ્રશ્નપત્રોમાં નિયત ફી ભરી વિદ્યાર્થી રી–એસેસમેન્ટ કરાવી શકશે તેમ નકકી કરવામાં આવ્યું. |
| ૨૪.૩૦ | આચાર્ય કક્ષામાં અનુવાદ/પરિસંવાદનાં પેપરમાં સ્વાધ્યાય કાર્ય અંગે નિર્ણય કરવામાં આવ્યો કે દરેક મુખ્ય વિષય દીઠ ત્રણ ત્રણ વિષયો વેબ સાઈટ પર મુકવામાં આવે તેમાંથી કોઈ એક વિષય વિદ્યાર્થી પસંદ કરી તેના પર ૫૦૦ શબ્દોમાં પેપર બનાવી સ્વાધ્યાયનાં ભાગ રૂપે પરીક્ષા કેન્દ્રને જમા કરાવશે. |
| ૨૪.૩૧ | યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષામાં હોલ ટીકીટ ડુપ્લીકેટ આપવાની થતી હોય તો તે અંગે વિદ્યાર્થી પાસેથી રૂા.૧૦૦/– ફી લેવાનું નકકી કરવામાં આવ્યું. |
| ૨૪.૩૨ | યુનિવર્સિટી દ્વારા ચાલતા તમામ અભ્યાસક્રમ માટે ગ્રેસીંગનાં નિયમો અંગે ચર્ચા કરી હાલ જે નિયમો ગ્રેસીંગનાં છે તે યથાવત રાખવામાં આવ્યા. પીજીડીસીએ માટે ઉપરોકત બાબત ૨૪.૨૫માં લેવાયેલ નિર્ણય મુજબ અલમમાં મુક[illegible] તેમ સર્વાનુમને ઠરાવવામાં આવ્યું. |
| ૨૪.૩૩ | શાસ્ત્રી કક્ષામાં અંગ્રેજી/કમ્પ્યુટર વિષયમાં કમ્પ્યુટરનાં પ્રશ્નપત્રનાં માધ્યમ અંગે વિચારણા કરવામાં આવી જેમાં કમ્પ્યુટર વિષય અંગ્રેજી વિષય સાથે જોડાયેલ હોઈ તથા અંગ્રેજી ભાષાની જ કમ્પ્યુટરમાં ટર્મીનોલોજી હોય છે ત્યારે અંગ્રેજી માધ્યમમાં પણ કમ્પ્યુટરનાં ૨૦ ગુણનું પ્રશ્નપત્ર રાખવું એટલે ગુજરાતી અને અંગ્રેજી એમ બે માધ્યમ રાખવા તેમ નકકી કરવામાં આવ્યું. |
| ૨૪.૩૪ | યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી તમામ કક્ષાની માર્કશીટનાં વેરીફિકેશનની ફી નકકી કરવા માટે ચર્ચા વિચારણાનાં અંતે નકકી કરવામાં આવ્યું કોઈ માર્કશીટ યુનિવર્સિટીમાં વેરીફિકેશન માટે આવે તેની રૂા.૨૦૦/– ફી લઈ વેરીફિકેશન કરવું. પરંતુ સરકારી ઓફિસમાંથી માર્કશીટ વેરીફિકેશન આવે તો ફી ન લેવી તેમ નકકી કરવામાં આવ્યું. |
| ૨૪.૩૫ | યુનિવર્સિટી દ્વારા તમામ અભ્યાસક્રમની પરીક્ષા બાદ આપવામાં આવતી માર્કશીટની પ્રિન્ટીગની કામગીરી બહાર આઉટ સોંસીગથી કરાવવા બાબતે સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો કે વિદ્યાર્થીની માર્કશીટ યુનિવર્સિટી કક્ષાએ જ પ્રિન્ટીગ કરવી જે માટે જરૂરી સુવિધા ઉભી કરવી પડે તે કરવી તેમ નકકી કરવામાં આવ્યું. |
| ૨૪.૩૬ | યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા બી.એડ્.અભ્યાસક્રમની સેમેસ્ટર–૧ અને સેમેસ્ટર–૨ની માર્કશીટનું પ્રારૂપ ડીનશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ હોઈ તેને મંજૂર કરવામાં આવી અને તે પ્રમાણે માર્કશીટ ઈસ્યુ કરવા નિર્ણય કરવામાં આવ્યો. |
| ૨૪.૩૭ | યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી માર્કશીટ/ડીગ્રીનું ડીઝીટીલાઈઝેશન કરવા બાબતે નિર્ણય કરવામાં આવ્યો કે ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓ આ બાબતે જે રીતે નિર્ણય લઈ આગળ વધે તેમ કરવું તથા યુ.જી.સી. કે રાજય સરકારશ્રીનો આ બાબતે સ્પષ્ટ આદેશ/નિર્દેશ થાય તો તે મુજબની કાર્યવાહી કરવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |

૨૪.૩૮ મહાનુભાવશ્રીઓનાં સુચનો :–

(૧) ડો.ડાહયાભાઈ શાસ્ત્રીજીએ જણાવ્યું કે યુનિવર્સિટી દ્વારા લેવાતી અગાઉની પરીક્ષાઓ પહેલા ૯ દિવસમાં પૂર્ણ થતી હતી તે ડિસેમ્બર–૨૦૧૬માં લેવાયેલ પરીક્ષા ૨૦ દિવસે પૂર્ણ થાય છે. તેથી અધ્યાપન કાર્ય ન થઈ શકતા તેની અસર વિદ્યાર્થીઓનાં ભણવા / ભણાવવા ઉપર થાય છે તો આ બાબતે પુનઃ વિચારણા કરવા સુચન કર્યુ.

૨૪.૩૯ મહાનુભાવશ્રીઓનાં સુચનો :–

(૧) માન.કુલપતિશ્રી દ્વારા આગામી ૯માં પદવીદાન સમારોહમાં ડી.લીટ્.ની પદવી આપી સંસ્કૃતનાં વિદ્વાનોનું સન્માન કરવા અંગે પ્રસ્તાવ રાખવામાં આવતા સૌ મહાનુભાવોએ સ્વીકાર્યો હતો. તેથી માન.કુલપતિશ્રીને મળેલ બાયોડેટા અને સૌ મહાનુભાવોએ રજૂ કરેલ નામો પર ચર્ચા વિચારણા કરવામાં આવી. સર્વાનુમતે બે મહાનુભાવોને જેમાં (૧) પ્રો.વશિષ્ઠ ત્રિપાઠીજી, વારાણસી (૨) પ્રિ.ડો.રાજેન્દ્રપ્રસાદ શુકલા,અમદાવાદનું ડી.લીટ્.ની પદવી આપી યુનિવર્સિટી દ્વારા સન્માન કરવું તેમ ઠરાવવામાં આવ્યું.

બેઠકનાં અંતે કુલસચિવશ્રીએ સૌ મહાનુભાવશ્રીઓનો આભાર વ્યકત કર્યો હતો.

(ડો.દશરથ જાદવ)
કા.કુલસચિવ

પ્રવિણ૨૧.


# Shree Somnath Sanskrit University

(Estd. by Government of Gujarat)

Rajendra Bhuvan Road, **Veraval - 362 266.** District : Gir-Somnath. (Gujarat)
Ph. : 02876-244532 Fax : 02876-244417, E-mail : sssu.veraval@gmail.com
Website : www.shreesomnathsanskrituniversity.info


Ref. No. : સસયુ/સત્તામંડળ/0011/૧૬

Date : 02/01/2017

પ્રતિ,

..................................

એકેડેમીક કાઉન્સિલ તથા એકઝીકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રી,

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,

વેરાવળ.

વિષય : એકેડેમીક કાઉન્સિલની ૨૪મી બેઠકની કાર્યનોંધના ઠરાવ નં.૨૪.૧૨માં સુધારા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, યુનિવર્સિટીમાં તાજેતરમાં તા.૨૧/૧૨/૨૦૧૬નાં રોજ મળેલ ૨૪મી એકેડેમીક કાઉન્સિલની બેઠકનાં ૨૪.૧૨થી થયેલ ઠરાવમાં છેલ્લી બે લાઈનમાં છપાયેલ શબ્દો "કોમર્શિયલ કોમ્પ્લેકસ કે રહેણાંક હેતુનાં મકાનમાં કેન્દ્રને માન્યતા આપવી તેમ ઠરાવવામાં આવ્યું." જે ટાઈપીગ ભુલ હોવાથી શરત ચુકથી છપાયેલ છે. **જેની જગ્યાએ સુધારો "કોમર્શિયલ કોમ્પ્લેકસ કે રહેણાંક હેતુનાં મકાનમાં કેન્દ્રને માન્યતા ન આપવી તેમ ઠરાવવામાં આવ્યું." જે વંચાણે લેવા વિનંતી.**

Shree Somnath Sanskrit University VERAVAL

(ડૉ.દશરથ જાદવ)
કા.કુલસચિવ

Exam - A.C. - 25

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકેડેમીક કાઉન્સિલ બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમીક કાઉન્સિલની ૨૫મી બેઠકનું આયોજન તા.૦૨ મે, ૨૦૧૭નાં રોજ યુનિવર્સિટી કોન્ફરન્સ હોલ ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે પ્રમાણેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી
(૨) ડૉ.હર્ષદેવ માધવ
(૩) ડૉ.રાજેશ સી. વ્યાસ
(૪) ડૉ.મેહુલભાઈ શાહ
(૫) ડૉ.વિજયભાઈ પંડયા
(૬) શ્રી ગોવિંદભાઈ પટેલ
(૭) ડૉ.કમલેશકુમાર ચોકસી
(૮) ડૉ.કાંતિભાઈ ભટ્ટ
(૯) ડૉ.વસુમતિબેન દવે
(૧૦) ડૉ.લલિતભાઈ પટેલ
(૧૧) ડૉ.શત્રુઘ્ન પાણીગ્રહી
(૧૨) પ્રો.વિનોદકુમાર ઝા
(૧૩) ડૉ.અર્ચનાબેન દુબે
(૧૪) ડૉ.અમૃતલાલ ભોગાયતા
(૧૫) ડૉ.દશરથ જાદવ (કા.કુલસચિવ)

૨૫.૦૧ સૌપ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનુ સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ તા.૨૨/૧૨/૨૦૧૬ થી તા.૦૧/૦૫/૨૦૧૭ સુધી કરેલ એકેડેમીક કામગિરીનો વિસ્તૃત અહેવાલ મહાનુભાવોને આપવામાં આવ્યો હતો,

૨૫.૦૨ યુનિવર્સિટીની તમામ ફેકલ્ટી દ્વારા તૈયાર કરવામાં આવેલા અભ્યાસક્રમોને માન્યતા આપવામાં આવી તેમજ તા.૦૧/૦૫/૨૦૧૭ ના રોજ તમામ ફેકલ્ટીની સંયુક્ત બેઠકમાં લેવાયેલ નિર્ણયોને બહાલી આપવામાં આવી. શાસ્ત્રી અભ્યાસક્રમમાં પેપર નં.૦૭ માં ગૌણ વિષયમાં સંમેલિત (સંસ્કૃત સંભાષણ) ક્રિયાત્મક સંસ્કૃત શિક્ષણને કઈ ફેકલ્ટીમાં મુકવો તે અંગે માનનીય કુલપતિશ્રીને નિર્ણય લેવાની સત્તા આપવામાં આવી.

૨૫.૦૩ યુનિવર્સિટીના પી.જી.ડી.સી.એ. તેમજ નવા ડિપ્લોમાં કેન્દ્રોની થયેલ એલ.આઈ.સી.ના રીર્પોટને આધારે શૈક્ષણિક વર્ષ:૨૦૧૭–૧૮નાં વર્ષ માટે સ્વનિર્ભર ધોરણે એક વર્ષની માન્યતા આપવાનું ઠરાવવામાં આવ્યું. તેમજ પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમની માન્યતામાં ભાડાના મકાનોમાં ચલાવતા કેન્દ્રોને અગાઉ લેવાયેલ નિર્ણય મુજબ તેઓને માન્યતા પત્રમાં અવગત કરવા જેથી તેઓ કેન્દ્ર ચલાવવા અંગે ઉચિત નિર્ણય લઈ શકે.

પ્રમુખ

૨૫.૦૪ એન.એસ.પટેલ આર્ટસ કોલેજ, આણંદ તથા શ્રી ભારતીય તત્વજ્ઞાન મંદિર, મોડાસાની તપાસ કરવામાં આવ્યેથી તે તપાસ સમિતિનાં અહેવાલને આધારે જોડાણ ચાલુ રાખવા અંગેનો નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવી.

૨૫.૦૫ યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયો, કોલેજો તેમજ પી.જી.ડી.સી.એ. કેન્દ્રોની ગત વર્ષે લેવામાં આવેલ વાર્ષિક નોંધણી ફી લઈ શૈક્ષણિક વર્ષ:૨૦૧૭–૧૮ની શૈક્ષણિક માન્યતા આપવા ઠરાવવામાં આવ્યું તેમજ યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયોને કાયમી જોડાણ આપવા અંગે ચર્ચા વિચારણા કરતા માનનીય કુલપતિશ્રી દ્વારા એક કમિતિનું ગઠન કરી કાયમી જોડાણ અંગે અહેવાલ બનાવી ચર્ચા–વિચારણા કરવા માટે આગામી સત્તા મંડળમાં મુકવાનું ઠરાવવામાં આવ્યું.

૨૫.૦૬ યુનિવર્સિટી દ્વારા સ્વનિર્ભર ધોરણે માન્યતા આપેલ ડિપ્લોમાં અભ્યાસ કેન્દ્રો પાસેથી દર વર્ષે કેન્દ્રની નિયત ફોરમેંટમાં પ્રોફાઈલ મંગાવીને નિયમનાસુરની વિગતો ચેક કરી માન્યતા આપવી તેમજ તેઓ પાસેથી વાર્ષિક નોંધણી ફી રૂ.૩૦૦૦/– લેવી તેમ ઠરાવવામાં આવ્યું.

૨૫.૦૭ શ્રી એસ.કે.પટેલ શાંડિલ્ય ઋષિ સંસ્કૃત મહાવિદ્યાલય,સુરતને આ વર્ષે સરકારશ્રીએ શાસ્ત્રી કક્ષાની માન્યતા આપેલ હોય તેને શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮નાં વર્ષથી શાસ્ત્રી પ્રથમ વર્ષની યુનિવર્સિટી દ્વારા સ્વનિર્ભર ધોરણે આપવામાં આવેલી માન્યતાને બહાલી આપવામાં આવી.

૨૫.૦૮ આગામી શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૭–૧૮નાં વર્ષનું વાર્ષિક કેલેન્ડર તૈયાર કરવા માટે યુનિવર્સિટી કક્ષાએ કમિતિ બનાવી કેલેન્ડર તૈયાર કરવું તેમ નકકી કરવામાં આવ્યું.

૨૫.૦૯ યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષામાં પાસ થયેલા ૧૮ વિદ્યાર્થીઓનો નિયમાનુસારનો કોર્ષવર્ક નિયત કરેલા ૬૦ કલાકનો કોર્ષવર્ક સળંગ ૧૦ દિવસમાં પૂર્ણ કરવો. આ કોર્ષવર્કનું આયોજન આગામી જુન માસમાં કરવું તેમ નકકી કરવામાં આવ્યું.

૨૫.૧૦ એમ.ફિલ.અભ્યાસક્રમમાં પ્રવેશ લીધેલા વિદ્યાર્થીઓમાં જેઓને પાંચ વર્ષ પુરા થયેલા છે અને થીસીસ જમા કરાવેલ નથી તેઓના પ્રવેશ રદ કરી તેઓને જાણ કરવી તેમજ યુજીસીના નવા નિયમાનુસાર એમ.ફિલ. અભ્યાસક્રમનો મહત્તમ સમયગાળો ૨(બે) વર્ષનો રાખવાનું ઠરાવવામાં આવ્યું જેમાં એક વર્ષ તેમનાં અભ્યાસક્રમનું અને ત્યારબાદ એક વર્ષ વધારાનું આમ પ્રવેશ મેળવે તે વર્ષથી બે વર્ષ અને આ નિયમની અમલવારી શૈક્ષણિક વર્ષ:૨૦૧૭–૧૮થી કરવાની રહેશે.

૨૫.૧૧ યુનિવર્સિટી કક્ષાએથી થતા કેટલાક પત્ર વ્યવહાર, પરીક્ષા આવેદનપત્ર, પરીક્ષા પ્રશ્નપત્રોની થેલીઓ પરનું લખાણ, પરીક્ષાને લગતી સામગ્રી વગેરે સંસ્કૃત ભાષામાં જ થાય તે બાબતે ચર્ચા– વિચારણા કરતા યુનિવર્સિટીના વહીવટી કામગીરીના પત્રો સિવાય જયાં શકય બની શકે ત્યાં ખાસ કરીને પ્રિન્ટીગ સામગ્રીમાં સંસ્કૃત ભાષાનો ઉપયોગ કરવો તેમ નકકી કરવામાં આવ્યું.

૨૫.૧૨ યુનિવર્સિટીનાં પરીક્ષા કેન્દ્રોની સંખ્યા ઓછી કરવા બાબતે ચર્ચા–વિચારણાના અંતે નિર્ણય કરવામાં આવ્યો કે જે પરીક્ષા કેન્દ્રમાં ૧૦ કરતા ઓછા વિદ્યાર્થીઓ હોય (એક દિવસના એક સેશન દીઠ) ત્યાં પરીક્ષા કેન્દ્ર ન આપવું અને નજીકના ૨૫ (પચીસ) કિલોમીટરના અંતરમાં આવતા અન્ય પરીક્ષા કેન્દ્ર ઉપર તે વિદ્યાર્થીઓને તેમાં સમાવેશ કરવો. તેનાથી વધુનું અંતર હોય તો આપવું તેમજ એક કેમ્પસમાં યુનિવર્સિટીની સંલગ્ન ૨ (બે) કોલેજ તથા મહાવિદ્યાલય ચાલતી હોય તો ત્યાં ૧ (એક) જ પરીક્ષા કેન્દ્ર ફાળવવું તેમ ઠરાવવામાં આવ્યું.

૨૫.૧૩ રીપીટર વિદ્યાર્થી કે કૃપાગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સુર્વણપદક ન આપવા બાબત અંગે નિર્ણય કરવામાં આવ્યો કે યુનિવર્સિટી દ્વારા આજ નિર્ણય અગાઉની બેઠકમાં થઈ ગયેલ હોય તે મુજબ કામગીરી કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

૨૫.૧૪ પરીક્ષા કેન્દ્રો પર અનિવાર્ય સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા ગોઠવવા અંગે ચર્ચા–વિચારણા કરવામાં આવી જેમાં માનનીય કમિશ્નરશ્રીની કચેરી દ્વારા મહાવિદ્યાલયોને આ પ્રકારની ગ્રાંન્ટ આપે તેવો પત્ર યુનિવર્સિટી કક્ષાએથી પાઠવવો.

૨૫.૧૫ પરીક્ષાના મૂલ્યાંકનની કામગીરીમાં ફેરફાર કરવા અંગે ચર્ચા–વિચારણા કરતાં યુનિવર્સિટીની હાલની વર્તમાન પરીસ્થિતિ મુજબ જ રાખવું તે અંગે ઠરાવવામાં આવ્યું.

૨૫.૧૬ એમ.ફિલ.અને પીએચ.ડી.નાં વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં રહેવાની સુવિદ્યા આપવા અંગે નિર્ણય કરવામાં આવ્યો કે જે એમ.ફીલ. અને પી.એચડી.ના વિદ્યાર્થીઓ રેગ્યુલર અભ્યાસ કરતા હોય તેજ વિદ્યાર્થીને હોસ્ટેલમાં રહેવાની સુવિધા આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

૨૫.૧૭ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રીચર્સ ઈન્સ્ટી.,અક્ષરધામ, દિલ્લી દ્વારા આયોજિત થનાર બ્રહ્મસુત્ર સ્વામીનારાણય ભાષ્યની શલાકા પ્રતિયોગિતામાં સહઆયોજક તરીકે યુનિવર્સિટીને જોડાવા આમંત્રણ મળેલ હોય તે અંગે વિચારણા કરવામાં અવી અને બી.એ.પી.એસ. સંસ્થા યુનિવર્સિટી સાથે રહીને સંયુકત ઉપક્રમે શલાકા પ્રતિયોગિતાનું આયોજન કરવા માંગતી હોય તો તેને માન્ય રાખી આગળનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું.

૨૫.૧૮ શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય તરફથી ' ડિપ્લોમા ઈન નાટય/સંસ્કૃત નાટય પ્રયોગ ' અભ્યાસક્રમ શરૂ કરવા બાબતે ચર્ચા–વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે આ અંગે તમામ પાસાઓને ઘ્યાને લઈ આગામી એકેડેમીક કાઉન્સિલમાં નિર્ણય અર્થે મુકવાનું નકકી કરવામાં આવ્યું.

૨૫.૧૯ સંસ્કૃત કોલેજ તથા અનુસ્નાતક ભવનનું ઉનાળુ વેકેશન એક સમાન કરવા બાબતે ચર્ચા–વિચારણા કરી નકકી કરવામાં આવ્યું કે યુનિવર્સિટીમાં બી.એ. તથા એમ.એ. અભ્યાસક્રમ સળંગ યુનિટ તરીકે ચાલી રહ્યું છે ત્યારે મૂલ્યાંકનની કામગીરીમાં પડતી મુશ્કેલીઓને ઘ્યાને લઈ યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજનું ઉનાળુ વેકેશન પણ અનુસ્નાતક વિભાગની જેમ રાખવાનું નકકી કરવામાં આવ્યું.

૨૫.૨૦ મહાનુભાવશ્રીઓનાં સુચનો :–

(૧) શ્રી ગોવિંદભાઈ પટેલ દ્વારા સુચન કરવામાં આવેલ કે યુનિવર્સિટી દ્વારા એકેડેમીક કાઉન્સિલની બેઠકમાં મુકવામાં આવતી એજન્ડાની બાબતોમાં અગાઉ જે નિર્ણય લેવાઈ ગયા હોય તેનું પુનરાવર્તન ન કરવું તેમજ એજન્ડામાં જે બાબત મુકવામાં આવે તે માનનીય કુલપતિશ્રીની જે–તે ફાઈલમાં મંજૂરી મળ્યા બાદ જ રાખવામાં આવે તેમ સુચન કરવામાં આવ્યું જે સૌ મહાનુભાવો દ્વારા માન્ય રાખી તે પ્રકારની કામગીરી કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

૨૫.૨૧ અધ્યક્ષ સ્થાનેથી :–

(૧) માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાનેથી બાબત રજૂ થઈ કે હાલ યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓનો સમય સવારે ૧૦:૩૦ કલાકથી સાંજે ૦૬:૦૦ સુધી નિયત કરવામાં આવેલ છે તે વધુ હોય યુ.જી.સી.ના નિયમાનુસારના કલાકોને ધ્યાને લઈ સમય નકકી કરવામાં આવે જે બાબતે સૌ મહાનુભાવોશ્રી દ્વારા સહમતી આપી.

બેઠકનાં અંતે કુલસચિવશ્રીએ સૌ મહાનુભાવશ્રીઓનો આભાર વ્યકત કર્યો હતો.

(ડૉ.દશરથ જાદવ)
કા.કુલસચિવ

EXAM- 26

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી

## એકેડેમિક કાઉન્સીલની ૨૬મી બેઠક તથા એકઝીકયુટીવ કાઉન્સિલની ૪૮મી બેઠકની કાર્યનોંધ

(તા.૨૬/૧૨/૨૦૧૭)

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલની ૨૬મી બેઠક તથા એકઝીકયુટીવ કાઉન્સિલની ૪૮મી બેઠક તા.૨૬ ડિસેમ્બર,૨૦૧૭ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ.કૃષ્ણપ્રસાદ નિરૌલાજી
(૩) શ્રી મેહુલભાઈ ભટ્ટ
(૪) ડૉ.મયુરીબેન ભાટીયા
(૫) ડૉ.દિપેશ કતિરા
(૬) પ્રિ.ડૉ.વાચસ્પતિ મિશ્રા
(૭) ડૉ.ડાહયાભાઈ પંચાલી (શાસ્ત્રીજી)
(૮) ડૉ.હર્ષદેવ માધવ
(૯) ડૉ.મેહુલભાઈ શાહ
(૧૦) ડૉ.વિજયભાઈ પંડયા
(૧૧) શ્રી ગોવિંદભાઈ પટેલ
(૧૨) ડૉ.ગીરીશભાઈ ઠાકર
(૧૩) ડૉ.કમલેશકુમાર ચોકસી
(૧૪) ડૉ.કાન્તિભાઈ ભટ્ટ
(૧૫) ડૉ.જયપ્રકાશ નારાયણ દ્વિવેદી
(૧૬) ડૉ.શત્રુધ્ન પાણીગ્રહી
(૧૭) ડૉ.ડી.એમ.મોકરીયા
(૧૮) ડૉ.પંકજ રાવલ
(૧૯) ડૉ. મહેન્દ્રકુમાર એ. દવે – કા.કુલસચિવ

સૌ પ્રથમ કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા.

**૦૧. કરેલ કામગીરીના અહેવાલ બાબતે –**

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા તા.૨૮/૦૯/૨૦૧૭ થી ૨૨/૧૨/૨૦૧૭ સુધીના કરેલ કામગીરીના અહેવાલને બહાલી આપવામાં આવી તથા ઈ.સી.ની ૪૭મી બેઠક નવરાત્રીનો ઉત્સવ ચાલતો હોવાથી સભ્યોના અનુરોધને કારણે મીટીંગ સ્થગિત કરવામાં આવેલ હતી તેથી તેમાં થયેલ ઠરાવ નં.૪૭.૦૨ માં કોરમ રદ થવાને બદલે 'સ્થગિત' શબ્દનો પ્રયોગ કરવો એમ ઠરાવવામાં આવ્યું.

**૦૨. માન.કુલપતિશ્રીની પસંદગી માટેની સર્ચ કમિટીમાં નામ નકકી થવા બાબતે –**

**ઠરાવ :** માન.કુલપતિશ્રીની પસંદગી સમિતિમાં સત્તામંડળની સંયુકત બેઠકમાં સર્વાનુમતે ડૉ.ગિરીશભાઈ ઠાકરનું નામ મનોનિત કરવામાં આવ્યું.

૦૩. **ભરતી સબબમાં મંગવવામાં આવેલ અરજીઓમાં આવેલ અરજીઓ બાબતે –**

**ઠરાવ :** ભરતી સબબની આવેલ અરજીઓની સ્ક્રુટીની કરી નિયમાનુસારની ભરતી પ્રક્રિયા કરવાનું નકકી કરવામાં આવ્યું.

૦૪. **શ્રી ભાવસિંહભાઈ બારડની નિયમિત નિમણૂંક બાબતે –**

**ઠરાવ :** યુનિવર્સિટીમાં હિસાબનીશ તરીકે ફરજ બજાવતા શ્રી ભાવસિંહભાઈ બારડની ગુજરાત સરકારશ્રીના નિયમાનુસાર પાંચ વર્ષનો ફિકસ પગારનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી લાંબાગાળાની નિમણૂંક આપવાનું ઠરાવવામાં આવ્યું.

૦૫. **કચેરી સુવિધાના ટેન્ડરનો સમયગાળા બાબતે –**

**ઠરાવ :** યુનિવર્સિટીમાં કચેરી સુવિધા તથા સફાઈ કામગીરીનો સમયગાળો આગામી તા.૩૧/૧૨/૧૭નાં રોજ પૂર્ણ થતા તૈયાર કરેલ સંયુકત ઈ–ટેન્ડરની પ્રક્રિયાને બહાલી આપવામાં આવી તથા ઈ–ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરી પાર્ટી નકકી ન થાય ત્યાં સુધી કાર્યરત પાર્ટીનો સમયગાળો લંબાવવા માટે ઠરાવવામાં આવ્યું.

૦૬. **યુનિવર્સિટીના વિવિધ વિભાગોની જરૂરીયાત મુજબની ખરીદી બાબતે –**

**ઠરાવ :** સદર બાબતે ખરીદીની પ્રક્રિયા હોઈ ખરીદ સમિતિમાં બાબત મુકી આવેલ ભલામણને નાણાં સમિતિની અનુમતિ લઈ આગામી ઈ.સી.માં મુકી ખરીદી કરવા ઠરાવવામાં આવ્યું.

૦૭. **મોડરેશન પોલીસીમાં પૂર્વ થયેલ નિર્ણયમાં ફેરવિચારણા બાબતે –**

**ઠરાવ :** મોડરેશન પોલીસીમાં એપ્રિલ–૨૦૧૭નાં સંલગ્ન મોડરેટશ્રીઓ દ્વારા ૧૫ ગુણ સુધી વધારો–ઘટાડો કરવાની સત્તા સર્વાનુમતે આપવામાં આવી.

૦૮. **રેગ્યુલર થી બાહ્યમાં પ્રવેશમાં પૂર્વ થયેલ નિર્ણયમાં ફેરવિચારણા બાબતે –**

**ઠરાવ :** જો કોઈ રેગ્યુલર વિદ્યાર્થીને સરકારી તથા ગ્રાન્ટેડ સંસ્થામાં નોકરી મળે તો આવા વિદ્યાર્થીઓ પાસેથી નોકરી સબબના જરૂરી આધાર પુરાવા મેળવીને રેગ્યુલરમાંથી બાહ્યમાં પ્રવેશ ટ્રાન્સફર કરી શકાશે. આવા કિસ્સામાં છેલ્લા સેમેસ્ટરમાં રાખેલ મોડ (રેગ્યુલર/બાહ્ય)ની માર્કશીટ તથા ડિગ્રી આપવી. તથા આવા કિસ્સામાં મેન્યુઅલ ફોર્મેટમાં માર્કશીટ તૈયાર કરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

૦૯. **પીજીડીસીએ અભ્યાસક્રના ગ્રેસીંગના નિયમમાં ફેરવિચારણા બાબતે –**

**ઠરાવ :** પીજીડીસીએમાં ૫૦ ગુણની થીયરીમાં ૫ (પાંચ) ગુણ સુધી ગ્રાહય ન રાખવા અને ૫ (પાંચ) ગુણથી વધુ ગુણમાં પરીવર્તન હોય તો ગ્રાહય રાખવો તેમ નિર્ણય કરવામાં આવ્યો.

૧૦. National academic depositiory બાબતે

ઠરાવ : National academic depositiory બાબતે યુ.જી.સી.ના કરારના નમુના મુજબના કરાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**૧૧. ડિપ્લોમાં અભ્યાસક્રમમાં રીપીટર વિદ્યાર્થીઓને પરીક્ષા લેવા તથા માર્કશીટ ઈસ્યુ કરવા બાબતે –**

ઠરાવ : ડિપ્લોમાં અભ્યાસક્રમમાં રીપીટર વિદ્યાર્થીઓ જે વિષયમાં નાપાસ હોય તેજ વિષયની રીપીટર પરીક્ષા આપી શકશે તથા સદર બાબતે જુલાઈ–૨૦૧૭ની પરીક્ષામાં આવા વિદ્યાર્થીઓને કેરી ફોરવર્ડનો લાભ આપી નવી માર્કશીટ ઈસ્યુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**૧૨. એનરોલમેન્ટ લેઈટ ફી નકકી કરવા બાબતે –**

ઠરાવ : એનરોલમેન્ટની છેલ્લી તારીખ ૩૧–જુલાઈ રાખવી ત્યાર બાદ ૧૫ દિવસ લેઈટ ફી સાથે સ્વિકારવા તેમજ લેઈટ ફી નકકી કરવાની સત્તા માન.કુલપતિશ્રીને આપવામાં આવી.

**૧૩. પારિતોષિકના કાયમી દાતાશ્રીઓની પોલીસી નકકી કરવા બાબતે –**

ઠરાવ : યુનિવર્સિટીમાં દાન આપવા માટે કાયમી દાતાને ૮૦જી સર્ટીફિકેટ આપવું જરૂરી હોય તો જ કાયમી દાતા દાન આપી શકે જેથી યુનિવર્સિટી દ્વારા ૮૦જી સર્ટીફિકેટ આપવા માટે કરવાની થતી કાર્યવાહી કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

**૧૪. નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલીંગ તથા એચ.એસ.સી.ની પ્રવેશ સમકક્ષતા બાબતે–**

ઠરાવ : નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલીંગ તથા એચ.એસ.સી. (ધો.૧૨)ની સમકક્ષ ગણી પ્રવેશ આપવા માન્યતા આપવામાં આવી.

**૧૫. વિષય નિષ્ણાંતશ્રીઓના માનદ્ પુરસ્કારની રકમમાં વધારો કરવા બાબતે –**

ઠરાવ : વિષય નિષ્ણાંતશ્રીઓને માનદ્ પુરસ્કાર રૂા.૨૫૦/– ની જગ્યાએ રૂા.૫૦૦/– આપવાનું નકકી કરવામાં આવ્યું.

**૧૬. પ્રવેશ તથા પરીક્ષા ફી એડવાન્સમાં ન સ્વિકારવા બાબતે –**

ઠરાવ : પ્રવેશ તથા પરીક્ષા ફી યુનિવર્સિટી દ્વારા નકકી કરાયેલ છેલ્લી તારીખ સુધીમાં ફી તથા ફોર્મ સ્વિકારવા અને એડવાન્સ ફી સ્વિકારવી નહીં તેમ નકકી કરવામાં આવ્યું.

**૧૭. રેગ્યુલર તથા રીપીટર વિદ્યાર્થીના કોલેજ ટ્રાન્સફરમાં ડેટા કેરીફોરવર્ડ કરવા બાબતે –**

ઠરાવ : રેગ્યુલર તથા રીપીટર વિદ્યાર્થીઓને કોલેજ ટ્રાન્સફર કરવા માટે અગાઉના સેમેસ્ટર પાસ કરેલ હોવા જોઈએ. જેથી વિદ્યાર્થીના ડેટા કેરી ફોરવર્ડ કરવામાં મુશ્કેલી રહે નહી.

૧૮. રીપીટર વિદ્યાર્થીઓમાં જે સત્રની પરીક્ષા આપવાની હોય તે સત્રનું અગાઉ રેગ્યુલર તરીકે પરીક્ષા ફોર્મ ભરેલુ હોવું અન્યથા રેગ્યુલર તરીકે ગણવા બાબતે –

ઠરાવ : વિદ્યાર્થી જે સત્રની રીપીટર પરીક્ષા આપે તે સત્રનું અગાઉ રેગ્યુલર તરીકે પરીક્ષા ફોર્મ ભરેલું હોવું જોઈએ અન્યથા રેગ્યુલર ગણવો. વધુમાં વધુ ત્રણ વર્ષનો જ ગેપ માન્ય ગણવો તેમ નકકી કરવામાં આવ્યું.

**૧૯. ડિપ્લોમાં રંગમંચ અભ્યાસક્રમની નિર્ધારિત ફીને બહાલી આપવા બાબતે –**

**ઠરાવ :** ડિપ્લોમાં અભ્યાસક્રમની ફી રૂા.૪૦૦૦ + ૪૦૦૦ મળી કુલ ફી રૂા. ૮૦૦૦/– નિર્ધારિત કરવામાં આવી જેમાં યુનિવર્સિટીને પ્રતિ વર્ષ રૂા.૧૨૦૦/– આપવાની રહેશે. જયારે બાકીની રકમ સંસ્થાના નિભાવ / સંચાલન ખર્ચ માટે નિર્ધારિત કરવામાં આવી સદર નકકી કરેલ ફી ને બહાલી આપવામાં આવી.

**૨૦. ૧૦માં પદવીદાન સમારોહ આયોજન બાબતે –**

**ઠરાવ :** યુનિવર્સિટીમાં હાલ રીનોવેશનની કામગીરી ચાલુ હોઈ અધ્યક્ષશ્રીના નિર્દેશાનુસાર આગામી માર્ચ–૨૦૧૮માં ૧૦માં પદવીદાન સમારોહનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું.

**૨૧. પી.એચ.ડી.નાં માર્ગદર્શકશ્રીની માન્યતા બાબતે –**

**ઠરાવ :** પી.એચ.ડી.નાં માર્ગદર્શકશ્રીને કમિટીની ભલામણને ધ્યાને લઈ યુ.જી.સી. નિયમાનુસાર માન્યતા આપવી એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૨૨. ડીપ્લોમાં ઈન નાટય શાસ્ત્ર અભ્યાસક્રમ શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલયમાં શરૂ કરવા બાબતે –**

**ઠરાવ :** ડીપ્લોમાં ઈન નાટય શાસ્ત્ર અભ્યાસક્રમ શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય, સોલામાં શરૂ કરવાની માન્યતા આપવામાં આવી.

**૨૩. ડિપ્લોમાં ઈન સંગીત અભ્યાસક્રમ કેમ્પસ પર આગામી સત્રથી શરૂ કરવા બાબતે –**

**ઠરાવ :** ડિપ્લોમાં ઈન સંગીત અભ્યાસક્રમ યુનિવર્સિટી પરીસર ખાતે જુન–૨૦૧૮થી શરૂ કરવો એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૨૪. શ્રી બ્રહ્મર્ષિ સાતવળેકર સંસ્કૃત મહાવિદ્યાલય, કિલ્લા પારડીને મહાવિદ્યાલયની માન્યતા બાબતે –**

**ઠરાવ :** શ્રી બ્રહ્મર્ષિ સાતવળેકર સંસ્કૃત મહાવિદ્યાલય, કિલ્લા પારડીને શાસ્ત્રી પ્રથમ વર્ષની જુન–૨૦૧૭થી મહાવિદ્યાલયની માન્યતા આપવામાં આવેલ છે જેમને બહાલી આપવમાં આવી તેમજ સદર સંસ્થામાં યુ.જી.સી. માન્ય ડિગ્રી વાળાજ અધ્યાપકોની ભરતી કરવી તેમ અધ્યક્ષ સ્થાનેથી નકકી કરવામાં આવ્યું. આ બાબતે સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૨૫. **BAPS સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરમાં ચાલતા ડિપ્લોમાં એન.આર.આઈ. અભ્યાસક્રમના બદલાવેલ નામની બહાલી બાબતે –**

ઠરાવ : BAPS સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરમાં ચાલતા ડિપ્લોમાં એન.આર.આઈ. અભ્યાસક્રમના બદલાવેલ નામને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૨૬. **અગાઉની એકેડેમીક કાઉન્સિલની બેઠકમાં નિર્ણય થયા અનુસાર ભાડાથી ચાલતા સ્ટડી સેન્ટર ચલાવવા અંગે નિર્ણય કરવા બાબતે –**

ઠરાવ : ગત એકેડેમીક કાઉન્સિલના ઠરાવ નં.૨૫.૦૩ થી નકકી થયેલ નિર્ણય અનુસાર નિયમોનુસારની કામગીરી કરવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૭. **આગામી શૈ.વર્ષ ૨૦૧૮–૧૯નાં વર્ષ માટે નવી મહાવિદ્યાલય/પી.જી.ડી.સી.એ./ ડિપ્લોમાં કેન્દ્ર શરૂ કરવા માટે જાહેરાત બાબતે –**

ઠરાવ : શૈ.વર્ષ ૨૦૧૮–૧૯ માટે નવા જોડાણની જાહેરાત આપી નિયમાનુસારની કાર્યવાહી કરવા નકકી કરવામાં આવ્યું.

૨૮. **યુનિવર્સિટી દ્વારા આર્ષ સંશોધન કેન્દ્રનાં ડો.ભદ્રેશ સ્વામીને સમ્માન આપેલ તેની મંજૂરી મેળવવા બાબતે –**

ઠરાવ : આ મુદ્દે ચર્ચા ન કરવા સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

૨૯. **PGDCA અભ્યાસક્રમના નામની નીચે નાના અક્ષરમાં with sanskrit રાખવા માટે શૈ.વર્ષ ૨૦૧૮–૧૯ થી અમલીકરણ કરવા બાબતે –**

ઠરાવ : PGDCA અભ્યાસક્રમના નામની નીચે નાના અક્ષરમાં with sanskrit રાખવું તથા તેની અમલવારી આગામી શૈ.વર્ષ ૨૦૧૮–૧૯ થી કરવી તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

૩૦. **પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમમાં સ્ટડી સેન્ટર દ્વારા ભરાયેલ જોડાણ ફી પરત કરવા નિર્ણય કરવા બાબતે –**

ઠરાવ : પીજીડીસીએ અભ્યાસક્રમમાં સ્ટડી સેન્ટરો દ્વારા ભરાયેલ જોડાણ ફી યુનિવર્સિટી દ્વારા પરત કરવાની રહેતી નથી. તેમજ હવેથી સદર બાબતનો ઉલ્લેખ જોડાણના નિયમોમાં કરવો તેમ ઠરાવવામાં આવ્યું.

૩૧. **પ્રકાશન સમિતિની તા.૧૫–૦૭–૨૦૧૭ની બેઠકની ભલામણો સૈધ્ધાંતિક મંજૂરી બાબતે –**

**ઠરાવ :** યુનિવર્સિટીની પ્રકાશન સમિતિની તા.૧૫/૦૭/૨૦૧૭ની બેઠકની ભલામણો માન્ય રાખવામાં આવી તેમજ મહાવિદ્યાલય / કોલેજ / યુનિવર્સિટીના અધ્યાપકોના પુસ્તક છાપકામની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચન કરવામાં આવ્યું.

૩૨. **Ph.D. Registration Form મંજૂરી બાબતે –**

**ઠરાવ :** Ph.D. માં યુ.જી.સી.ના વખતો–વખતના નિયમાનુસાર સુધારા–વધારા સાથેનું Ph.D. Registration Form મંજૂર રાખવામાં આવ્યું તેમજ હવેથી સદર ફોર્મનો ઉપયોગ કરવો તેમ ઠરાવવામાં આવ્યુ.

૩૩. **મહાનુભાવોના સૂચનો.**

**ઠરાવ :** અત્રેની યુનિવર્સિટીના માન.કુલપતિશ્રીને સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના આ વર્ષના દિક્ષાંત સમારોહમાં મુખ્યાતિથિ પદે દિક્ષાંત પ્રવચન આપવા નિમંત્રણ મળેલ તે બદલ સૌ મહાનુભાવો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા.

૩૪. **અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે –**

**ઠરાવ :** અધ્યક્ષ સ્થાનેથી સૌ મહાનુભાવાનો આભાર માનવામાં આવ્યો.

કા.કુલસચિવ

EC-49 / AC-27 બેઠક

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## એકેડેમિક તથા એઝીકયુટીવ કાઉન્સિલની સંયુકત બેઠકની કાર્યનોંધ (તા.૧૩/૦૩/૨૦૧૮)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમિક તથા એકઝીકયુટિવ કાઉન્સિલની સંયુકત બેઠક તા.૧૩ માર્ચ, ૨૦૧૮ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ.મયુરીબેન ભાટીયા
(૩) ડૉ.દિપેશ કતિરા
(૪) ડૉ.જે.પી.એન.દ્વીવેદી
(૫) શ્રી જયશંકર રાવલ
(૬) ડૉ.રશ્મિબેન મહેતા
(૭) ડૉ.પંકજકુમાર રાવલ
(૮) ડૉ.ડી.એમ.મોકરીયા
(૯) ડો. મહેન્દ્રકુમાર એ. દવે – કા.કુલસચિવ તથા ડીનશ્રી, સાહીત્ય

સૌ પ્રથમ કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા નીચે મુજબના સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા.

૦૧. કરેલ કામગીરીનો અહેવાલ બાબત.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા .તા.૨૬/૧૨/૨૦૧૭ થી ૧૨/૦૩/૨૦૧૮ સુધીના કરેલ કામગીરીના અહેવાલને બહાલી આપવામાં આવી.

૦૨. ડીગ્રી બાબત તથા ૧૦માં પદવીદાન સમારોહમાં સ્ટેન્ડીંગ કમિટિનો રિપોર્ટ ધ્યાને લઈ સંસ્કૃતનાં ૪(ચાર) વિદ્વાનશ્રીઓને ડી.લીટની પદવી આપવા માટેની સ્વીકૃતિ લેવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા આગામી આયોજીત ૧૦માં પદવીદાન સમારોહમાં સ્ટેન્ડીંગ કમિટિનો રિપોર્ટ તથા રાજભવનમાંથી આવેલ સ્વીકૃતિને ધ્યાને લઈ અધ્યક્ષશ્રીના વિશેષ અધિકારથી સંસ્કૃતનાં ૪(ચાર) વિદ્વાનશ્રીઓને ડી.લીટની પદવી આપવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો અને ડીગ્રી ધારકોને ડીગ્રી એનાયત કરવી, કાર્યક્રમ ગરીમાપૂર્ણ કરવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો અને થનાર તમામ ખર્ચને બહાલી પણ આપવામાં આવી.

ક્રમ નં. ૦૩ થી તમામ એજન્ડા આગામી એકેડેમિક કાઉન્સીલની મીટીંગમાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

(signature)

**કા.કુલસચિવ**

(Stamp: સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ)

(28)

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકેડેમિક કાઉન્સિલની ૨૮મી બેઠકની કાર્યનોંધ (તા.૨૬/૦૬/૨૦૧૮)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની ૨૮મી બેઠક તા.૨૬ જુન, ૨૦૧૮ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડો. જે.પી.એન દ્વિવેદી – સભ્યશ્રી
(૩) ડો. અમીષાબેન દવે – સભ્યશ્રી
(૪) શ્રી જયશંકર રાવલ – સભ્યશ્રી
(૫) શ્રી રમેશભાઈ કે. જોષી – સભ્યશ્રી
(૬) શ્રી સંજયકુમાર કે. જોષી – સભ્યશ્રી
(૭) ડો. રશ્મીબેન મહેતા – સભ્યશ્રી
(૮) ડો. પંકજકુમાર રાવલ – સભ્યશ્રી
(૯) ડો. ડી. એમ. મોકરીયા – સભ્યશ્રી
(૧૦) શ્રી ગોવિંદભાઈ પટેલ – (આમંત્રીત)
(૧૧) ડૉ. મહેન્દ્રકુમાર એ. દવે – કા.કુલસચિવ

સૌ પ્રથમ કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા.

**૨૮.૦૧** કરેલ કામગીરીનો અહેવાલ (ગત એ.સી.તા.૧૩/૦૩/૧૮ થી ૨૫/૦૬/૧૮ સુધી)

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા તા.૧૩/૦૩/૧૮ થી ૨૫/૦૬/૧૮ સુધીના કરેલ કામગીરીના અહેવાલને બહાલી આપવામાં આવી.

**૨૮.૦૨** ડિપ્લોમા ઈન વલ્લભ વેદાંત અભ્યાસક્રમ આગામી સત્રથી શરૂ કરવા માટે તેમનો અભ્યાસક્રમ તૈયાર કરવો તેંમજ તે કઈ ફેકલ્ટીમાં લેવો તેનો નિર્ણય કરવા અંગે.

**ઠરાવ :** ડિપ્લોમા ઈન વલ્લભ વેદાંતને દર્શન ફેકલ્ટીમાં સમાવેશ કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવેલ. તેમજ ડિપ્લોમા ઈન વલ્લભ વેદાંત અભ્યાસક્રમ બનાવવા માટે પ્રો.નિરંજનભાઈ પટેલ, ડો.જાનકીશરણ આચાર્ય તથા ડો.બી.ઉમા મહેશ્વરીનાં નામ કમિટિમાં નકકી કરવામાં આવેલ. આ કમિટિ ડિપ્લોમા ઈન વલ્લભ વેદાંતનો અભ્યાસક્રમ તૈયાર કરી યુનિવર્સિટીને આપશે તેવું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

**૨૮.૦૩** શૈક્ષણિક સત્ર ૨૦૧૮–૧૯ માટે યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયોને જોડાણ આપવા અંગે નિર્ણય થવા રજૂ જોડાણ માટેનાં પત્રો મોકલી આપેલ છે તેમને બહાલી આપવા બાબત.

**ઠરાવ :** શૈક્ષણિક સત્ર ૨૦૧૮–૧૯થી યુનિવર્સિટી સંલગ્ન તમામ મહાવિદ્યાલયો પાસેથી દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ નિયમાનુસારની રૂ.૫૦૦૦/–જોડાણ ફી મેળવી સંલગ્ન તમામ મહાવિદ્યાલયોને એક વર્ષ માટેનું જોડાણ રીન્યુ કરેલ છે તેમની નોંધ લેવામાં આવી અને આપેલા જોડાણને બહાલી આપવામાં આવી.

૨૮.૦૪ શ્રીમતિ કે.બી.જોષી સંસ્કૃત મહાવિદ્યાલય, ભારવાડાને આચાર્ય કક્ષાની મંજૂરી મળેલ હોય યુનિવર્સિટીનું આચાર્ય કક્ષાનું જોડાણ આપવા બાબત.

ઠરાવ : શ્રીમતિ કે.બી.જોષી સંસ્કૃત મહાવિદ્યાલય ભારવાડાને સરકારશ્રી તરફથી આચાર્ય કક્ષાની મંજૂરી આપવામાં આવેલ હોય આ મંજૂરીને ધ્યાને લઈ યુનિવર્સિટીએ સદર મહાવિદ્યાલયને આચાર્ય પ્રથમ વર્ષની મંજૂરી આપેલ છે તે બાબતને બહાલી આપવામાં આવી.

૨૮.૦૫ શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય, સોલા દ્વારા એમ.એ.યોગ શરૂ કરવા માટેની અરજી આવેલી હોય આ અંગે આગળની કાર્યવાહી કરવા બાબત.

ઠરાવ : શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલયમાં એમ.એ.યોગ શરૂ કરવાની માંગણીને ધ્યાને લેતા સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ છે કે હાલ યુનિવર્સિટી કેમ્પસ પર એમ.એ.યોગનો અભ્યાસક્રમ ચાલતો હોય અન્ય કોઈ જગ્યાએ એમ.એ.યોગના અભ્યાસ કેન્દ્રની માન્યતા આપવા નહીં.

૨૮.૦૬ નવા જોડાણ આપવા માટે મંગાવેલ અરજીઓને ધ્યાને લઈ એલ.આઈ.સી. કરી બે નવા પી.જી.ડી.સી.એ. કેન્દ્રોને તથા એક ડિપ્લોમા કેન્દ્રને માન્યતા આપેલ છે તે બહાલી આપવા અંગે.

ઠરાવ : શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯નાં વર્ષથી નવા જોડાણ આપવા માટે જાહેરાતનાં અનુસંધાને જે સંસ્થાની અરજીઓ આવેલ છે તેમની એલ.આઈ.સી.કરી જે સંસ્થાઓ યુનિવર્સિટીનાં નિયમાનુસારની સુવિધાઓ ધરાવે છે તેવી ૨ (બે)પી.જી.ડી.સી.એ. કેન્દ્રોને તથા ૧ (એક) ડિપ્લોમા કેન્દ્રને માન્યતા આપવામાં આવેલ છે તેમને બહાલી આપવામાં આવી.

૨૮.૦૭ ચાલુ શૈક્ષણિક સત્રથી પી.જી.ડી.સી.એ. કેન્દ્રને રીન્યુ કરાવવા માટે મંગાવેલ અરજીઓને ધ્યાને લઈ પી.જી.ડી.સી.એ.કેન્દ્રોની એલ.આઈ.સી. કરી જે સંસ્થા પોતાનાં મકાનમાં કે ટ્રસ્ટીનાં મકાનમાં ચાલે છે તેમને માન્યતા પત્ર મોકલી આપેલ છે તેમને બહાલી આપવા બાબત.

ઠરાવ : ચાલુ શૈક્ષણિક વર્ષથી જે પી.જી.ડી.સી.એ. હાલ કાર્યરત છે તેવા કેન્દ્રો પાસેથી રીન્યુ અંગેની ફી મંગાવી એલ.આઈ.સી.કરવામાં આવેલ હતી. જે સંસ્થાઓ યુનિવર્સિટીનાં પ્રવર્તમાન નિયમો, ધારા ધોરણમાં આવે છે તેવા પી.જી.ડી.સી.એ.સ્ટડી સેન્ટરને માન્યતા આપેલ છે તે માન્યતાને બહાલી આપવામાં આવી.

૨૮.૦૮ ચાર પી.જી.ડી.સી.એ. કેન્દ્રોએ સેન્ટર બંધ કરવાની અરજી કરેલ હતી તેમને ફાઈલ પર મંજૂરી મેળવી તેઓએ ભરેલ ડિપોઝીટ પરત કરેલ છે તેમને બહાલી આપવા બાબત.

ઠરાવ : ચાલુ શૈક્ષણિક સત્રથી જે પી.જી.ડી.સી.એ. હાલ કાર્યરત છે તેવા કેન્દ્રો કે જેમની પાસે હાલ નિયમાનુસારની સુવિધાઓ નથી તેવા કેન્દ્રનાં સંચાલકો દ્વારા તેમનાં પી.જી.ડી.સી.એ.કેન્દ્ર બંધ કરવા માટે તેઓએ અરજી કરેલ છે તે અરજીઓને ધ્યાને લઈ આવેલ અરજી વાળા કેન્દ્રોને બંધ કરી તેઓની ડિપોઝીટ પરત કરેલ છે તેમને બહાલી આપવામાં આવી.

૨૮.૦૯ પાંચ પી.જી.ડી.સી.એ.કેન્દ્રો તરફથી કોઈ અરજી મળેલ ન હોય તેઓને ડિપોઝીટ પરત માટેનો પત્ર લખવા જણાવેલ છે તેઓનો પત્ર મળેતો તેઓને ડિપોઝીટ પરત કરવા અંગે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી

ઠરાવ : ચાલુ શૈક્ષણિક સત્રથી જે પાંચ કેન્દ્રની કોઈ પણ પ્રકારની અરજીઓ આવેલ નથી તેમજ તેમને ટેલીફોનિક જાણ કરતા તેઓ કેન્દ્ર બંધ કરવા માંગતા હોય આવા કેન્દ્રની અરજી આવ્યેથી તેમનાં કેન્દ્ર બંધ કરી ડિપોઝીટ પરત આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૨૮.૧૦ ચાલુ ડિપ્લોમા કેન્દ્રો પાસેથી રીન્યુ માટેની અરજીઓ મંગાવવામાં આવેલ હતી જે સંસ્થાની અરજી તથા ફી આવેલ છે તેઓને માન્યતા પત્ર મોકલી આપેલ છે તેમને બહાલી આપવા અંગે.

ઠરાવ : ચાલુ શૈક્ષણિક વર્ષથી જે ડિપ્લોમા કેન્દ્ર હાલ કાર્યરત છે તેવા કેન્દ્રો પાસેથી રીન્યુ અંગેની ફી મંગાવી જે સંસ્થાઓ યુનિવર્સિટીનાં પ્રર્વતમાન નિયમો, ધારા ધોરણમાં આવે છે તેવા ડિપ્લોમા કેન્દ્રને માન્યતા આપેલ છે તે માન્યતાને બહાલી આપવામાં આવી.

૨૮.૧૧ શ્રી ભાગવત વિદ્યાપીઠ બી.એડ્.કોલેજની માન્યતા એન.સી.ટી.ઈ.,ભોપાલ દ્વારા રદ કરવામાં આવેલ હોય ટ્રસ્ટ તરફથી આવેલ પત્રને ધ્યાને લઈ આ અંગે આગળની કાર્યવાહી કરવા બાબત.

ઠરાવ : શ્રી ભાગવત વિદ્યાપીઠ બી.એડ્.કોલેજમાં હાલ પાંચ(૫) અધ્યાપકો કાર્યરત છે. બીજા ચાર(૪) અધ્યાપકોની નિમણૂંક કરીને કોલેજ ચાલુ રાખી શકાય તેમ છે. સંસ્થાની પ્રતિષ્ઠા જોતાં એન.સી.ટી.ઈ.નાં નોમ્સને પુરા કરવાનું સુચવી કોલેજ ચાલુ રાખવાનો મંડળને પત્ર લખવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. તેમજ સરકારમાં યુનિવર્સિટી મુખ્ય મથકે શિક્ષાશાસ્ત્રી(બી.એડ્.)કોલેજ શરૂ કરવાની મંજૂરી માટે પત્ર લખી એન.સી.ટી.ઈ.માં પણ સરકાર ભલામણ કરે તે માટે પત્ર લખવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

૨૮.૧૨ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રી તરફથી તમામ સરકારી યુનિવર્સિટીઓનું એકેડેમીક વાર્ષિક કેલેન્ડર એક કરવામાં આવેલ હોય સરકારનું કેલેન્ડર ધ્યાને લઈ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરેલ વાર્ષિક કેલેન્ડરને બહાલી આપવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯નાં વર્ષનાં વાર્ષિક કેલેન્ડર સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું તેમજ બીજા સત્રની પરીક્ષાનું મૂલ્યાંકન તા.૨૪/૦૪/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવું તેમ નકકી કરવામાં આવ્યું.

૨૮.૧૩ કેમ્પસ પર ચાલતા એમ.ફિલ.અભ્યાસક્રમમાં દર્શન વિષયનો સમાવેશ કરવા બાબત.

ઠરાવ : કેમ્પસ પર ચાલતા એમ.ફિલ.અભ્યાસક્રમમાં દર્શન વિષયનો સમાવેશ કરવા માટે ચર્ચા કરતા તમામ મહાનુભાવોએ આ બાબતે સંમતિ આપી દર્શન વિષયનો સમાવેશ કરવાની મંજૂરી આપેલ છે.

૨૮.૧૪ આગામી શૈક્ષણિક સત્ર ૨૦૧૮-૧૯ માટે પીએચ.ડી.અભ્યાસક્રમ માટેની પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવા બાબત.

ઠરાવ : આગામી શૈક્ષણિક સત્ર ૨૦૧૮-૧૯ માટે પીએચ.ડી.નાં અભ્યાસક્રમ માટે યુ.જી.સી.નાં નિયમાનુસાર પ્રવેશ માટેની જાહેરાતની પ્રક્રિયા કરી જુલાઈ માસમાં જાહેરાત આપવાનું નકકી કરવામાં આવ્યું તેમજ યુનિવર્સિટીનાં માન્યતા પ્રાપ્ત માર્ગદર્શકશ્રીઓ પાસેથી ખાલી જગ્યાની માહિતી મેળવી તે જગ્યાઓનો વિષય વાઈઝ ઉલ્લેખ કરી જાહેરાત આપવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

૨૮.૧૫ શ્રી ભારતીય તત્વજ્ઞાન સંશોધન કેન્દ્ર, મોડાસાનું સંશોધન કેન્દ્ર બાબત.

ઠરાવ: યુ.જી.સી.નાં નિયમાનુસાર સંશોધન કેન્દ્ર પર હાલ કોઈ માર્ગદર્શક કે સંશોધન છાત્ર કાર્યરત ન હોય તેમજ સંસ્થાએ બે વર્ષથી ફી ભરેલ ન હોઈ શ્રી ભારતીય તત્વજ્ઞાન સંશોધન કેન્દ્ર, મોડાસાની માન્યતા રદ કરવી તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

૨૮.૧૬ યુનિવર્સિટી દ્વારા ડિપ્લોમા ઈન યોગ પરીક્ષામા પ્રશ્નપત્રની ઉત્તરની ભાષા "ગુજરાતી, હિન્દી" માં લેવામાં આવેલ છે. આણંદ આર્ટસ કોલેજ, આણંદ દ્વારા ડિપ્લોમા યોગ અભ્યાસક્રમમા NRI વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવેલ હોવાના કારણે પ્રશ્નપત્રના ઉત્તરની ભાષા અંગ્રેજી આપવા વિનંતી કરેલ છે. સદર બાબતે એકેડેમીક કાઉન્સીલની ૨૪ મી બેઠક તા.૨૨/૧૨/૨૦૧૬ ના ઠરાવ નં.૨૪.૨૮ થી નિર્ણય થયેલ છે, યુનિવર્સિટી દ્વારા તમામને સદર બાબતનો પરીપત્ર કરવામાં આવેલ છે. જેની નકલો સામેલ છે.

ઠરાવ: ઉપરોક્ત એજન્ડાને ધ્યાને લેતા ડિપ્લોમા ઈન યોગ પરીક્ષામાં પ્રશ્નપત્રનાં ઉત્તરની ભાષા અંગ્રેજી રાખવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. તેમજ પ્રશ્નપત્ર સેટ કરવા, મૂલ્યાંકન કરાવવા અંગે જે તે કેન્દ્રમાં અભ્યાસ કરાવતા પ્રાધ્યાપકોની સેવા લેવી અથવા તો કોઈ અંગ્રેજીનાં પ્રાધ્યાપક પાસે આ કામગીરી કરાવવી તેમ નકકી કરવામાં આવ્યું.

૨૮.૧૭ એકડેમીક કાઉન્સીલના સભ્યો પૈકી કોઈ એક સભ્યશ્રી યુનિવર્સિટી અધિનિયમની કલમ નં.45(7)(IX) અન્વયે પરીક્ષા સમિતિના સભ્ય તરીકે મનોનીત કરવા બાબત.

ઠરાવ: એકડેમીક કાઉન્સીલના સભ્યો પૈકી કોઈ એક સભ્યશ્રી યુનિવર્સિટી અધિનિયમની કલમ નં.45(7)(IX) અન્વયે પરીક્ષા સમિતિના સભ્ય તરીકે નિમણૂંક કરવાની હોય શ્રી સંજયભાઈ જોષીને મનોનીત કરવામાં આવેલ છે.

૨૮.૧૮ ડિપ્લોમા રંગમંચ અભ્યાસક્રમ બાબત : તૈયાર કરવામાં ફ્રેમવર્કને માન્યતા બાબત.(પરીક્ષા પદ્ધતિનું માળખું)

ઠરાવ: ડિપ્લોમા રંગમંચ અભ્યાસક્રમ બાબતે તૈયાર કરવામાં આવેલ ફ્રેમવર્કને તેમંજ પરીક્ષા પદ્ધતિનાં માળખાને સર્વાનુમતે માન્યતા આપવામાં આવી.

૨૮.૧૯ ઈ.સી.ની બેઠકના ઠરાવ ક્રમાંક : ૫૧.૦૫.૦૨ અન્વયે યુનિવર્સિટી સાથે જોડાયેલ મહાવિદ્યાલયના કોઈ વિદ્વાનને ડી.લીટ્.ની ડિગ્રી આપવાના ડો.વાચસ્પતિ મિશ્રાના સૂચન બાબત.

ઠરાવ: ઈ.સી.ની બેઠકના ઠરાવ ક્રમાંક : ૫૧.૦૫.૦૨ અન્વયે યુનિવર્સિટી સાથે જોડાયેલ મહાવિદ્યાલયના કોઈ વિદ્વાનને ડી.લીટ્.ની ડિગ્રી આપવાના ડો.વાચસ્પતિ મિશ્રાના સૂચન કરવામાં આવેલ હતું તે સુચનને માન. કુલપતિશ્રીએ અધ્યક્ષ સ્થાનેથી ના મંજૂર કરેલ છે. જે તે વર્ષનાં પદવીદાન સમયે ડી.લીટ્.ની પદવી આપવા માટે બનેલી કમિટિને જો યોગ્ય પાત્રતા વાળા વિદ્વાન લાગે તો કમિટિનાં નિર્ણયને ધ્યાને લઈ ડી.લીટ્.ની ડિગ્રી આપવી.

૨૮.૨૦ રી–રજિસ્ટ્રેશન બાબત : દરેક કક્ષામાં તે કક્ષાના નિયત સમયગાળો તથા વધારાનો સમયગાળો પાસ થવા માટે વિદ્યાર્થીઓને આપવામાં આવેલ છે. ત્યાર બાદ પણ જો નાપાસ થયેલ હોય તો રી–રજિસ્ટેશનનું પ્રાવધાન કરવામાં આવેલ છે, પરંતુ રી–રજિસ્ટ્રેશન નિયત સમયગાળો અને વધારનો સમયગાળો પૂર્ણ થયા બાદ કેટલા સમય સુધીમાં વિદ્યાર્થીએ રી–રજિસ્ટ્રેશન કરાવવાનું રહે તે નકકી કરવાનું થાય તથા રી–રજિસ્ટેશન થયા બાદ દરેક કક્ષામાં કેટલા સમય માટે માન્ય રાખવું તે નકકી કરવા બાબત.

ઠરાવ : ઉપરોકત એજન્ડા બાબતે સર્વાનુમતે ચર્ચા–વિચારણા કરવામાં આવી કે આ બાબતે કુલસચિવશ્રી તથા પરીક્ષા નિયામકશ્રી સાથે બેસીને ચર્ચા કરે અને આ અંગે નિર્ણય કરી આગામી એ.સી.ની બેઠકમાં આ નિર્ણયને બહાલી અર્થે મુકે તેવું નકકી કરવામાં આવ્યું.

૨૮.૨૧ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના પત્ર અનુસાર EQUIVALENCY OF DEGREES બાબત.

ઠરાવ : યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના પત્ર અનુસાર EQUIVALENCY OF DEGREES બાબત ચર્ચા વિચારણા કરવામાં આવી અને દરેક યુનિવર્સિટીમાં માન્યતા માટે આપવું.

૨૮.૨૨ મહાનુભાવોના સૂચનો.

(૧) એકેડેમીક કાઉન્સિલનાં સભ્યશ્રી જયશંકરભાઈએ સુચન કરેલ કે સ્પોકન સંસ્કૃત અભ્યાસ કેન્દ્રની જો કોઈ સંસ્થા માંગણી કરે તો તેમને આ અંગેની મંજૂરી આપવી આ બાબતને સર્વાનુમતે સ્વીકારવામાં આવી.

(૨) એકલવ્ય સંસ્કૃત અકાદમી,અમદાવાદ તરફથી આવેલ ફી વધારાની અરજીને ધ્યાને લેતા હાલ લેવામાં આવતી રૂા.૩૦૦૦/–ફી ની જગ્યાએ રૂા.૫૦૦૦/– ફી લેવી તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

(૩) ચાલુ પી.જી.ડી.સી.એ.કેન્દ્રને માન્યતા આપવા માટે જે સંસ્થાને મકાન માલિકીનું નથી અને તેઓએ પોતાનાં ટ્રસ્ટમાં નવા ટ્રસ્ટીની નિમણૂંક કરેલ છે અને તે નિમણૂંકને ચેરીટી કમિશ્નરશ્રીની મંજૂરી મળેલ ન હોય આવા કેન્દ્રને જયારે ચેરીટી કમિશ્નરશ્રીની મંજૂરી મળે ત્યારે જ માન્યતા આપવી તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

(૪) નવજાગૃતિ સંસ્કૃત કોલેજ, વ્યારા દ્વારા માંગવામાં આવેલ ફી વધારા અંગે ચર્ચા કરવામાં આવી કે સંસ્થા હાલ રેગ્યુલર અધ્યાપકશ્રીઓની નિમણૂંક કરી કેટલો પગાર ચુકવે છે તેમની નકલ મંગાવવા અંગે સંસ્થાને પત્ર લખી આધારો મંગાવવા. યુનિવર્સિટીને આ અંગેનાં આધાર મળ્યા બાદ તેમનું પરીક્ષણ કરી ત્યાર બાદ જ ફી વધારવા અંગે વિચારણા કરી શકાય તેમ નકકી કરવામાં આવ્યું.

૨૮.૨૩ અધ્યક્ષ સ્થાનેથી સૂચનો.

(૧) યુનિવર્સિટી દ્વારા આયોજિત કરવામાં આવેલ AIOC કાર્યક્રમ અંતર્ગત જે તે સંસ્થાઓમાંથી અનુદાન, ડોનેશન આવેલ છે અને તેમની સામે થયેલ ખર્ચને બાદ કરતા જે રકમ હાલ AIOCનાં ખાતામાં બચત રહેલ છે તેવી અંદાજિત રૂા.૨૭,૦૦,૦૦૦/–(સત્યાવીસ લાખ) રકમ યુનિવર્સિટીનાં છાત્ર કલ્યાણ નિધિનાં એકાઉન્ટમાં જમા રાખવા માટે માન.કુલપતિશ્રીએ પ્રસ્તાવ કરેલ છે તેમને સર્વ મહાનુભાવશ્રીઓએ વધાવી માન.કુલપતિશ્રીનો આભાર વ્યકત કરેલ છે.

બેઠકનાં અંતે કુલસચિવશ્રી દ્વારા સૌ મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

(પ્રો.મહેન્દ્રકુમાર દવે)
કા.કુલસચિવ

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકેડેમિક કાઉન્સિલની ૨૯ મી બેઠકની કાર્યનોંધ (તા.૨૦/૧૦/૨૦૧૮)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીક્યુટિવ કાઉન્સિલની ૨૯ મી બેઠક તા.૨૦ ઓકટોબર, ૨૦૧૮ નાં રોજ બપોરે ૧૪:૩૦ કલાકે શ્રી દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલય, છારોડી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ. બ્રહ્માનંદ ચતુર્વેદી
(૩) ડૉ. શ્વેતાબેન જેજુરકર
(૪) ડૉ. યોગેશ ત્રિવેદી
(૫) ડૉ. ભાવપ્રકાશ ગાંધી
(૬) શ્રી જયશંકર રાવલ
(૭) ડૉ. જે.પી.એન. દ્વિવેદી
(૮) ડૉ. પંકજકુમાર રાવલ
(૯) ડૉ. ડી.એમ.મોકરીયા
(૧૦) ડૉ. અમીષાબેન દવે
(૧૧) ડૉ. હિંમતલાલ એ.દવે
(૧૨) શ્રી સંજયકુમાર એલ. જોષી
(૧૩) પ્રો. મહેન્દ્રકુમાર એ. દવે – કા.કુલસચિવ

સૌ પ્રથમ કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા.

**૨૯.૦૧** કરેલ કામગીરીનો અહેવાલ (ગત ઈ.સી.તા.૨૯/૦૬/૧૮ થી ૧૯/૧૦/૧૮ સુધી)
**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા .તા.૨૯/૦૬/૧૮ થી ૧૯/૧૦/૧૮ સુધી કરેલ કામગીરીના અહેવાલને બહાલી આપવામાં આવી.

**૨૯.૦૨** PGDCA ના ટાઈટલમાં પરીવર્તન અંગે.
**ઠરાવ :** યુનિવર્સિટીમાં ચાલતા PGDCA ના ટાઈટલ બાબતે ચર્ચા વિચારણાના અંતે સદર અભ્યાસક્રમનું ટાઈટલ યથાવત રાખવું તથા તેની માર્કશીટના પ્રમાણપત્રમાં PGDCA with Specilzation in Sanskrit શબ્દનો પ્રયોગ કરવાનું ઠરાવવામાં આવ્યું. આ સાથે પૂર્વવત નિર્ણયને રદ કરવામાં આવ્યો.

**૨૯.૦૩** NWAC USA ને 12 સમકક્ષાતાની માન્યતા આપવા બાબત.
**ઠરાવ :** NWAC USAનાં પ્રમાણપત્રની સમકક્ષતા વિષે ચર્ચા કરતા તેને સમીક્ષા કર્યા બાદ સમકક્ષ જણાય તો ધો.૧૨ સમકક્ષ ગણી યુનિવર્સિટીમાં બેચલર અભ્યાસક્રમના પ્રવેશ માટે માન્ય રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૨૯.૦૪** Re-Registration ના નિયમોમાં ચર્ચા અંગે. (ગત એ.સી.ના ઠરાવ નં.૨૮.૨૦ અન્વયે)
**ઠરાવ** Re-Registration બાબત. પરીક્ષા વિભાગ દ્વારા રજુ કરાયેલ નિયમોની સુચીને માન્ય રાખી સર્વાનુમતે બહાલી આપવામાં આવી તથા તે મુજબ કામગીરી કરવાનું સુચવવામાં આવ્યું.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ. વેરાવળ

૨૯.૦૫ બંધ થયેલ PGDCA STUDY CENTER ની ડીપોઝીટ પરત કરવા અંગે.

ઠરાવ : જે પીજીડીસીએ કેન્દ્રોએ પોતાનું પીજીડીસીએ સેન્ટર બંધ કરવાની અરજી કરેલ છે. તેમની સંબંધિત ફાઈલ પર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી બંધ કરી જે–તે સંસ્થાને ડીપોઝીટ પરત કરેલ છે. તેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૨૯.૦૬ ચાલુ વર્ષે રીન્યુ માટે અરજી કરેલ શિવમ PGDCA STUDY CENTER દ્વારા અત્રેથી માંગેલ ચેરીટી કમિશનરશ્રીની કચેરીનાં રીપોર્ટ અંગેની પૂર્તતા તા.૧૦/૧૦/૨૦૧૮ સુધી ન કરતા તે કેન્દ્ર બંધ કરવા બાબતે અંગે.

ઠરાવ : કેન્દ્ર દ્વારા પીજીડીસીએ સ્ટડી સેન્ટર બંધ કરવા માટેની અરજી આવેલ હોય કેન્દ્ર સંબંધિત ફાઈલ પર માન.કુલપતિશ્રીની મંજૂરી મેળવી બંધ કરેલ છે અને ડિપોઝીટ પરત કરેલ છે. તેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૨૯.૦૭ IFFCOWALA PGDCA STUDY CENTER નડીયાદ ને શૈક્ષણિક વર્ષ–૨૦૧૮–૧૯નાં વર્ષની માન્યતા આપવામાં આવેલ છે. પરંતુ તેઓની સંસ્થામાં સંખ્યા ન થતા તેઓએ જોડાણ ફી ભરેલ નથી અને તેઓનું કેન્દ્ર જોડાણ ફી ભર્યા વગર સ્થગિત કરી આવતાં શૈક્ષણિક સત્રથી ફરી જોડાણ આપવાની અરજી મળેલ હોઈ તે બાબત અંગે.

ઠરાવ : સદર મુદાની ચર્ચા–વિચારણાને અંતે જોડાણ વિભાગ દ્વારા તૈયાર થયેલ નિયમાનુસાર કાર્યવાહી કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

૨૯.૦૮ આગામી શૈક્ષણિક સત્રથી કેમ્પસ પર બી.એડ.કોલેજ શરૂ કરવા બાબત.

ઠરાવ : સરકારશ્રી તરફથી મંજૂરી મળ્યેથી યુનિવર્સિટી કેમ્પસ પર બી.એડ. કોલેજ શરૂ કરવી. તેમજ વર્યમર્યાદાની બાબતે પૂર્વવત એકેડેમિક કાઉન્સીલના ઠરાવ ક્રમાક ૨૪.૦૬ ના ઠરાવમાં સુધારો કરી બી.એડ.માં ૩૫ વર્ષની વયમર્યાદાને દુર કરવાની મંજુરી આપી વધુમાં કોમન પેપરમાં લખાણ મીડીયમ સંસ્કૃતમાં લખવું પણ ગુજરાતી–હિન્દી ભાષામાં પણ લખવાની સ્વતંત્રતા આપવાનું ઠરાવવામાં આવ્યું.

૨૯.૦૯ પી.એચ.ડી પ્રવેશ માટે લીધેલી પ્રવેશ પરીક્ષાનું પરીણામ ઘોષીત કરી તે અંગે થતી આગળની કાર્યવાહી કરવા અંગે.

ઠરાવ : પી.એચડી માટે લીધેલ પ્રવેશ પરીક્ષાનું પરીણામ ઘોષિત કરવાની કાર્યવાહી કરીએ. પીએચડી અંગે પ્રિ.વાયવા ઓપન રાખવો. થીસીસ સબમીટ થયા પછીનો વાયવા ઈન્ડોર રાખવો. રેકોર્ડ કરવાની જરૂરીયાત નથી, એમ.ફીલ તથા પીએચડી માટે સ્કોલરશીપની કરેલ દરખાસ્તને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૨૯.૧૦ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ ડિપ્લોમાં અભ્યાસક્રમની સમીક્ષા કરવા તથા સ્ટડી મટીરીયલ બાબતે.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ ડિપ્લોમાં અભ્યાસક્રમમાં ફેરફાર કરવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી જરૂર જણાયે સદર બાબતે સમિતિની રચના કરી સમીતીની ભલામણ આવ્યેથી યોગ્ય જણાયેથી અભ્યાસક્રમ બદલવો એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૯.૧૧ સંશોધન સમિતિની તા.૦૭/૦૮/૨૦૧૮ તથા તા.૦૯/૧૦/૨૦૧૮ ની બેઠકની કાર્યનોધને બહાલી આપવા અંગે.

ઠરાવ : ડો.રમેશચંદ્ર શુકલાજીની ગાઈડશીપ અંગે બનાવેલ કમિટીનો રીપોર્ટ આવ્યાથી પોઝીટીવ રિપોર્ટ હોય તો મંજૂર રાખવો. ઉકત સમિતિમાં લેવાયેલા અન્ય નિર્ણયોને બહાલી આપવામાં આવી.

૨૯.૧૨ પ્રકાશન સમિતિની તા.૨૨/૦૬/૨૦૧૮ તથા તા.૦૯/૧૦/૨૦૧૮ ની બેઠકની કાર્યનોધને બહાલી આપવા અંગે.

ઠરાવ : પ્રકાશન સમિતિની તા.૨૨/૦૬/૨૦૧૮ તથા તા.૦૯/૧૦/૨૦૧૮ ની બેઠકની કાર્યનોધને બહાલી અપાઈ. પી.એચ.ડીના થીસીસ લેખકને પુરસ્કાર ન આપવાનું ઠરાવવામાં આવ્યું.

૨૯.૧૩ યુ.જી.સીના ગેઝેટ તા.૧૮/૦૭/૨૦૧૮ No.F.1-2/2017 (EC/PS), The Gazette of India, Extraordinary, Part III, Sec 4, July 18, 2018 યુનીવર્સિટીમાં લાગુ કરવા અંગે.

ઠરાવ : યુ.જી.સીના ગેઝેટ તા.૧૮/૦૭/૨૦૧૮ No.F.1-2/2017 (EC/PS), The Gazette of India, Extraordinary, Part III, Sec 4, July 18, 2018 યુનીવર્સિટીમાં લાગુ કરવાની બાબતે સર્વાનુમતે મંજુરી આપવામાં આવી.

૨૯.૧૪ યુ.જી.સીના ગેઝેટ તા.૨૮/૦૮/૨૦૧૮ No.F.325, The Gazette of India, Extraordinary, Part III, Sec 4, August 27, 2018 યુનીવર્સિટીમાં લાગુ કરવા અંગે.

ઠરાવ : યુ.જી.સીના ગેઝેટ તા.૨૮/૦૮/૨૦૧૮ No.F.325, The Gazette of India, Extraordinary, Part III, Sec 4, August 27, 2018 યુનીવર્સિટીમાં લાગુ કરવા કરવાની બાબતે સર્વાનુમતે મંજુરી આપવામાં આવી.

**૨૯.૧૫ મહાનુભાવોના સૂચનો.**

**૨૯.૧૫.૦૧** સભ્યશ્રી જયશંકરભાઈ રાવલ દ્વારા ડિપ્લોમાં ફી કોઈને વધારવી હોય તો વધારી શકે એવુ સુચન થતાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ કે, ફી વધારાનો જે સંસ્થા તરફથી પ્રસ્તાવ આવે ત્યારે તેની સમીક્ષા કરી નિર્ણય માન.કુલપતિશ્રી કક્ષાએથી કરવો.

**૨૯.૧૫.૦૨** સભ્યશ્રી ડો.ડી.એમ.મોકરીયા દ્વારા સંગીત અભ્યાસક્રમને સરળ કરવાનો પ્રસ્તાવ રજુ થતાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ કે, આવેલ રજુઆતને સર્વ સભ્યોએ સ્વીકારી સરળ કરવા માટે સંબંધિત ફાઈલ પર માન.કુલપતિશ્રીના આદેશાનુસાર કામગીરી કરવી.

**૨૯.૧૫.૦૩** તમામ સભ્યશ્રી દ્વારા યુનિવર્સિટીના કેમ્પસને અન્ય સ્થળે પણ રાખવા જગ્યા માગવા માટે સરકારશ્રીમાં રજુઆત કરવાનો પ્રસ્તાવ રખાતા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ કે, સદર બાબતની રજુઆત સરકારશ્રીમાં મોકલવી.

**૨૯.૧૫.૦૪** સભ્યશ્રી ડૉ. ભાવપ્રકાશ ગાંધી દ્વારા યુનિવર્સિટી મહાવિદ્યાલયમાં NET/GPSC Coaching Center અમદાવાદ ખાતે ઓપન કરવાનો પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો. જે બાબતેસર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ કે, અમદાવાદ ખાતેની યુનિવર્સિટી સાથે સંકળાયેલી કોઈ સંસ્થા દ્વારા આ પ્રકારના સેન્ટરની માંગણી આવે તો તેને સેન્ટર આપવાનું નક્કી કરવામાં આવ્યું.

**૨૯.૧૫.૦૫** સભ્યશ્રી ડો.પંકજ રાવલ દ્વારા પાંડુલિપિ યોજના વિશે જાણકારી મેળવવી. તેનો બની શકે તો વર્કશોપ યોજવો એવી રજુઆત થતા સર્વાનુમતે સ્વીકારવામાં આવી.

**૨૯.૧૬ અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે.**

**૨૯.૧૬.૦૧** અધ્યક્ષ સ્થાનેથી પીએચડી–એમફીલ કોર્ષના ઓબ્ઝેકટીવ કરવાની બાબત રજુ કરાતાં સર્વે સભ્યો દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૨૯.૧૬.૦૨** અધ્યક્ષ સ્થાનેથી આગામી સમયમાં સંસ્કૃત સંભાષણ શિબિર કરવાની બાબત રજુ થતા સર્વે સભ્યો દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

બેઠકને અંતે કા.કુલસચિવશ્રી દ્વારા સૌ મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

**કા.કુલસચિવ**

AC-30 ( )

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## એકેડેમિક કાઉન્સીલ તથા એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સંયુક્ત બેઠકની કાર્યનોંધ

## (તા.૦૮/૦૧/૨૦૧૯)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલ તથા એક્ઝીક્યુટિવ કાઉન્સિલની સંયુક્ત બેઠક તા.૦૮ જાન્યુઆરી, ૨૦૧૯ નાં રોજ બપોરે ૧૧:૦૦ કલાકે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) પ્રો. મયુરીબેન ભાટીયા
(૩) ડૉ. દિપેશ કતિરા
(૪) ડૉ. કૃષ્ણપ્રસાદ નિરોલા
(૫) ડૉ. લલીતભાઈ પટેલ
(૬) ડૉ. વાચસ્પતિ મિશ્રા
(૭) શ્રી અર્જુનકુમાર શ્યામલ
(૮) ડૉ. શ્વેતાબેન જેજુરકર
(૯) ડૉ. યોગેશ ત્રિવેદી
(૧૦) ડૉ. ભાવપ્રકાશ ગાંધી
(૧૧) શ્રી જયશંકર સી. રાવલ
(૧૨) ડૉ. જયપ્રકાશ નારાયણ દ્વિવેદી
(૧૩) ડૉ. મહેન્દ્રકુમાર એ. દવે
(૧૪) ડૉ. પંકજકુમાર એસ. રાવલ
(૧૫) ડૉ. ડી.એમ.મોકરીયા
(૧૬) ડૉ. અમીષાબેન દવે
(૧૭) શ્રી સંજયકુમાર એલ.જોષી
(૧૮) ડૉ. રશ્મીબેન મહેતા
(૧૯) ડૉ. દશરથ જાદવ – કા.કુલસચિવ

સૌ પ્રથમ માન..કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ સૌ પ્રથમ યુનિવર્સિટીના સરકારશ્રીના મનોનીત એકેડેમિક કાઉનસીલના મહાનુભાવશ્રી ડો.બ્રહ્માનંદ ચતુર્વેદીનો સ્વર્ગવાસ થતાં તેઓશ્રીના આત્માની શાંતિ માટે ૨(બે) મિનિટનું મૌન પાડી કા.કુલસચિવશ્રી દ્વારા એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી તેમજ ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

૫૫.૦૧/૩૦.૦૧ – કરેલ કામગીરીનો અહેવાલ (ગત ઈ.સી.તા.૧૧/૧૨/૧૮ થી ૦૭/૦૧/૧૯ સુધી)

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા તા.૧૧/૧૨/૧૮ થી ૦૭/૦૧/૧૯ સુધી કરેલ કામગીરીના અહેવાલને સર્વાનુમતે બહાલી આપવામાં આવી તેમજ તેમાં મહાનુભાવશ્રીઓ દ્વારા યુનિવર્સિટી ખાતે બી.એડ. અભ્યાક્રમ શરૂ કરવાની કાર્યવાહી ચાલી રહી છે તેમાં એન.સી.ટી.ઈ. બે વર્ષના કોર્ષની માન્યતા આપવાનો વિકલ્પ આપે તો બે વર્ષનો બી.એડ અભ્યાસક્રમ શરૂ કરવો અન્યથા ચાર વર્ષનો બી.એડ.નો અભ્યાસક્રમ શરૂ થાય તે માટેનું યુનિવર્સિટી દ્વારા આયોજન કરવું તેમ નક્કી કરવામાં આવ્યું. તેમજ યુનિવર્સિટી દ્વારા એન.સી.ટી.ઈ.ના ચેરમેનશ્રીને સંસ્કૃત યુનિવર્સિટીમાં બી.એડ.ના કોર્ષને બે વર્ષની માન્યતા આપે તે સબબનો પત્ર લખવાનું ઠરાવવામાં આવ્યું.

૫૫.૦૨/૩૦.૦૨ – ફેકલ્ટી બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવા અંગે.

ઠરાવ : ફેકલ્ટી બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવમાં આવી તેમજ તમામ ફેકલ્ટીમાં ઉતિર્ણ થયેલ તમામ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને આગામી પદવીદાન સમારોહમાં ડીગ્રી આપવાનું નક્કી કરવામાં આવ્યું. તેમજ એમ.ફીલ./પીએચ.ડી.ના વિદ્યાર્થીઓમાં તા.૨૫/૦૧/૨૦૧૯ સુધિ ઉતિર્ણ થયા અંગેનું નોટીફીકેશન બહાર પાડવામાં આવે તો તેનો સમાવેશ પણ આગામી પદવીદાનમાં કરવો તેમ ઠરાવવામાં આવ્યું.

૫૫.૦૩/૩૦.૦૩ – ઈપ્કોવાલા પી.જી.ડી.સી.એ. સ્ટડી સેન્ટરની ડિપોઝીટ પરત કર્યાની જાણ અંગે.

ઠરાવ : ઈપ્કોવાલા પી.જી.ડી.સી.એ. સ્ટડી સેન્ટરની ડિપોઝીટ પરત કર્યાની જાણ કરવાની બાબતને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૫૫.૦૪/૩૦.૦૪– આગામી શૈ.વર્ષ ૨૦૧૯–૨૦ માટે નવા જોડાણ આપવા અંગેની કાર્યવાહી અંગે.

ઠરાવ : આગામી શૈ.વર્ષ ૨૦૧૯–૨૦ માટે નવા જોડાણ આપવા કરવાની થતી કાર્યવાહીને બહાલી આપવામાં આવી.

૫૫.૦૫/૩૦.૦૫ – ડિપ્લોમાં ઈન નેચરોપેથીનો નવો અભ્યાસક્રમ શરૂ કરવા અંગે.

ઠરાવ : ડિપ્લોમાં ઈન નેચરોપેથીનો નવો અભ્યાસક્રમ શરૂ કરવા અંગેના પ્રસ્તાવ બાબતે હાલ સંબંધિત વિષયની પ્રર્યાપ્ત જાણકારી મેળવી યુનિવર્સિટી કક્ષાએથી શરૂ થઈ શકે કે કેમ ? તે અંગે વિગતોની તપાસ કરી આગામી સમયમાં આ અંગેનો નિર્ણય કરવો તેમ નક્કી કરવામાં આવ્યું.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

૫૫.૦૬/૩૦.૦૬ – યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ ડિપ્લોમાં અભ્યાસક્રમોની ફેકલ્ટી નક્કી કરવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ ડિપ્લોમાં અભ્યાસક્રમોની ફેકલ્ટી નક્કી કરવા અંગે ચર્ચા વિચારણા કરતા નીચે મુજબના અભ્યાસક્રમો સામે દર્શાવેલ ફેકલ્ટી મુજબ નક્કી કરવામાં આવ્યા.

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | ફેકલ્ટી |
|---|---|---|
| ૦૧ | ડિપ્લોમા તથા પ્રમાણપત્રીય યોગ | દર્શન સંકાય |
| ૦૨ | ડિપ્લોમા જયોતિષ | વેદ વેદાંગ સંકાય |
| ૦૩ | ડિપ્લોમા વાસ્તુશાસ્ત્ર | વેદ વદાંગ સંકાય |
| ૦૪ | ડિપ્લોમા વૈદિક ગણિત | વેદ વેદાંગ સંકાય |
| ૦૫ | ડિપ્લોમા મંદિર વ્યવસ્થાપન | પુરાણ સંકાય |
| ૦૬ | ડિપ્લોમા કર્મકાંડ | પુરાણ સંકાય |
| ૦૭ | ડિપ્લોમા સંસ્કૃત ટીચીંગ | વ્યાકરણ સંકાય |
| ૦૮ | પોસ્ટ ગ્રેજયુએશન ડિપ્લોમા સંસ્કૃત, ગુજરાતી અને હિન્દુ સ્ટડીઝ | વ્યાકરણ સંકાય |
| ૦૯ | ડિપ્લોમા સંગીત | સાહિત્ય સંકાય |
| ૧૦ | ડિપ્લોમા નાટ્ય શાસ્ત્ર | સાહિત્ય સંકાય |

૫૫.૦૭/૩૦.૦૭ – પીએચ.ડી. નાં વાયવા લેવા માટે પધારતા રેફરીશ્રીને ગાડી ભાડુ આપવા અંગે.

ઠરાવ : પીએચ.ડી. નાં વાયવા લેવા માટે પધારતા રેફરીશ્રીને ગાડી ભાડુ ચુકવવા બાબતે ચર્ચા કરતા અન્ય યુનિવર્સિટીમાં આપવામાં આવતુ હોઈ અત્રેની યુનિવર્સિટીમાં નિયમોનુસાર ગાડી ભાડુ ચુકવવું કરવું તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૫૫.૦૮/૩૦.૦૮ – આગામી શૈ.વર્ષ : ૨૦૧૯–૨૦ માટે મહાવિદ્યાલય/કોલેજ પાસે જરૂરી નોંધણી ફી મંગાવી માન્યતા અંગે.

ઠરાવ : આગામી શૈક્ષણિક વર્ષ : ૨૦૧૯–૨૦ માટે મહાવિદ્યાલય/કોલેજ પાસે જરૂરી નોંધણી ફી મંગાવી માન્યતા અંગે ચર્ચા કરતા નિર્ણય કરવામાં આવ્યો કે, હાલ ગત વર્ષની જેમ કાર્યવાહી શરૂ કરવી આ અંગે ઈ.સી.ના મહાનુભાવ શ્રી અર્જુન શામલજીએ મહાવિદ્યાલયોને કાયમી જોડાણ આપવા અંગેનો પ્રસ્તાવ મુકતા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ કે, મહાવિદ્યાલયોને કાયમી જોડાણ આપવા અંગેના નિયમો બનાવવા માટે એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું જેમાં

(૧) પ્રો. મયુરીબેન ભાટીયા, એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી,

(૨) શ્રી અર્જુન શામલ, એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી,

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

(૩) પ્રો. મહેન્દ્રકુમાર એ. દવે, ડીન અને એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રી
(૪) ડો. જયપ્રકાશ નારાયણ દ્વિવેદી, એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રી,
(૫) ડો. ભાવપ્રકાશ ગાંધી, એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રી,
(૬) ડૉ. શ્વેતાબેન જેજૂરકર, એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રી,
(૭) ડૉ. કાર્તિકકુમાર પંડયા, સંશોધન અધિકારીશ્રી, સસસયુ, વેરાવળ

ઉપરોકત સમિતિ યુજીસીના તેમજ સરકારશ્રીના ધારાધોરણોને ધ્યાનમાં રાખી કાયમી જોડાણ માટેના નિયમો બનાવીને રીપોર્ટ સત્વરે રજુ કરશે જેમાં સભ્ય સચિવ તરીકે પ્રો મહેન્દ્રકુમાર એ. દવે રહેશે અને તેઓ સમગ્ર કામગીરીનું સંકલન કરશે.

૫૫.૦૯/૩૦.૦૯ – ૧૧ મા પદવીદાન સમારોહમાં કક્ષા વાઈઝ તથા ફેકલ્ટી વાઈઝ કુલ–૮૭૦ ડિગ્રી એનાયત કરવા અંગે.

ઠરાવ : ૧૧ મા પદવીદાન સમારોહમાં કક્ષા વાઈઝ તથા ફેકલ્ટી વાઈઝ કુલ–૮૭૦ ડિગ્રી એનાયત કરવાની બાબતને બહાલી આપવમાં આવી તેમજ કાર્યક્રમનું આયોજન ગરીમાપૂર્ણ થાય તે રીતે કરવાની થતી કામગીરીને બહાલી આપવામાં આવી. યુનિવર્સિટીના આગામી પદવીદાનમાં ડ્રેસ કોડમાં થનાર પરિવર્તન અંગેની માહિતી કુલસચિવ દ્વારા આપવામાં આવી જેની સૌ મહનુભાવોએ સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો અને તે અંગે થનાર ખર્ચની પણ બહાલી આપવામાં આવી.

૫૫.૧૦/૩૦.૧૦ – ૧૧ મા પદવીદાન સમારોહમાં યુનિવર્સિટીની કાયમી મેડલ પોલીસી અંતર્ગત જે વિદ્યાર્થીઓને જે મેડલ પ્રાપ્ત થયેલ છે. તેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અંગે.

ઠરાવ : ૧૧ મા પદવીદાન સમારોહમાં યુનિવર્સિટીની કાયમી મેડલ પોલીસી અંતર્ગત જે વિદ્યાર્થીઓને જે મેડલ પ્રાપ્ત થયેલ છે તેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું. તેમજ યુનિવર્સિટીમાં ચાલતા યોગ અભ્યાસક્રમમાં કોઈ મેડલના દાતા ન હોઈ આપવામાં આવ્યો નથી. તો કોઈ દાતા ન મળે ત્યાં સુધી યુનિવર્સિટી દ્વારા એક ગોલ્ડ મેડલ આપવો તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૫૫.૧૧/૩૦.૧૧ – ૧૧ મા પદવીદાન સમારોહ દરમિયાન કરવાની થતી કામગીરીની બહાલી તેમજ સમારોહમાં સારસ્વત અતિથિનું નામ નક્કી કરવા અંગે.

ઠરાવ : ૧૧ મા પદવીદાન સમારોહ દરમિયાન કરવાની થતી કામગીરીની બહાલી આપવામાં આવી તેમજ સમારોહમાં સારસ્વત અતિથિનું નામ માન.કુલપતિશ્રી નક્કી કરશે તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

૫૫.૧૨/૩૦.૧૨ – તા.૦૧/૧૧/૨૦૧૮ ના રોજ મળેલ ગ્રંથાલય સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.

ઠરાવ : તા.૦૧/૧૧/૨૦૧૮ ના રોજ મળેલ ગ્રંથાલય સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા આવી.

૫૫.૧૩/૩૦.૧૩ – યુનિવર્સિટી સંચાલિત કોલેજના વેદ, વ્યાકરણ તથા દર્શનશાસ્ત્ર વિષયના કાર્યભાર અંગે.

ઠરાવ : યુનિવર્સિટી સંચાલિત કોલેજના વેદ, વ્યાકરણ તથા દર્શનશાસ્ત્ર વિષયના કાર્યભાર અંગે ચર્ચા વિચારણા કરતા સરકારશ્રીમાં હાલ ૧૨ બી મેળવવા માટે અધ્યાપકશ્રીઓની માંગણી બાબતે નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મળ્યેથી આ અંગે યોગ્ય કરવામાં આવશે હાલ અનુસ્નાતક વિભાગમાં જે–તે શાસ્ત્રના પ્રાધ્યાપકો છે તે જરૂર મુજબ શાસ્ત્રી કક્ષામાં અધ્યાપન કાર્ય કરાવશે તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. જરૂર જણાશે તો આગામી વર્ષે સરકારશ્રીમાં કોલેજ માટે જરૂરી જગ્યાઓ મેળવવા માટેની દરખાસ્ત કરવામાં આવશે.

૫૫.૧૪/૩૦.૧૪–યુજીસી તા.૩૦/૦૬/૨૦૧૦ના પત્રથી પ્રસિધ્ધ થયેલ ગેઝેટને લાગુ કરવાની મંજુરી અંગે.

૫૫.૧૫/૩૦.૧૫–યુજીસી તા.૧૪/૦૬/૨૦૧૩ના પત્રથી પ્રસિધ્ધ થયેલ ગેઝેટને લાગુ કરવાની મંજુરી અંગે.

૫૫.૧૬/૩૦.૧૬–યુજીસી તા.૧૭/૦૮/૨૦૧૫ના પત્રથી પ્રસિધ્ધ થયેલ ગેઝેટને લાગુ કરવાની મંજુરી અંગે.

૫૫.૧૭/૩૦.૧૭–યુજીસી તા.૧૧/૦૭/૨૦૧૬ના પત્રથી પ્રસિધ્ધ થયેલ ગેઝેટને લાગુ કરવાની મંજુરી અંગે.

ઠરાવ : ઉપરોકત તમામ બાબતો અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, યુનિવર્સિટી એ એકેડેમિક કામગીરી માટે યુજીસીના વખતોવખતના પ્રસિધ્ધ થતા ગેઝેટને યુનિવર્સિટીમાં લાગુ કરવા અંગે માન.કુલપતિશ્રીની વખતોવખત મંજુરી લઈને કાર્યવાહી કરવાની રહેશે. તેમજ માન.કુલપતિશ્રીને જરૂર જણાય તો એકેડેમિક કાઉન્સિલમાં મુકી કાર્યવાહી કરવી.

૫૫.૧૮/૩૦.૧૮–મહાનુભાવોના સૂચનો.

૧. યુનિવર્સિટી ખાતે એમ.એ.યોગ અભ્યાસક્રમમાં અધ્યાપન કરાવતા કરાર આધારિત પ્રાધ્યાપકને માસિક વેતન હાલ જે આપવામાં આવે છે પ્રમાણમાં ઓછુ હોઈ તેમાં વધારો કરવાનું સુચન કરવામાં આવ્યું જેમાં ચર્ચા કરતા એમ.એ.યોગ અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે ચાલતો હોઈ વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ તેમાંથી થતી આવકની પણ ચર્ચા કરવામાં આવી ચર્ચાને અંતે અધ્યાપકને માસિક રૂા.૨૧,૦૦૦/– વેતન ચુકવવાનું ઠરાવવામાં આવ્યું. જેની

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

અમલવારી આગામી ફેબ્રઆરી–૨૦૧૯ થી કરવાની રહેશે, વધુમાં એ પણ નિર્ણય કરવામાં આવ્યો કે, રાજય સરકારશ્રી પાસે યોગ અધ્યાપકોની માંગણી કરતી દરખાસ્ત કરવી.

૨. ડો. જયપ્રકાશ નારાયણ દ્રિવેદીજી દ્વારા યુનિવર્સિટીમાં શાસ્ત્રી અને આચાર્ય કક્ષાએ અદ્વૈત વેદાંતનો અભ્યાસક્રમ બનાવવામાં આવે અને આગામી શૈ.વર્ષ : ૨૦૨૦–૨૧ થી લાગુ કરવાની મંજુરી આપવામાં આવે તેમ સૂચન થતાં સર્વે મહાનુભાવોએ સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૩. યુનિવર્સિટી ખાતે વિવિધ વિષય પર શોર્ટ ટર્મ ઈ–કોર્ષ શરૂ કરવા જોઈએ તેવું સૂચન થતા ચર્ચા કરવામાં આવી અને નિર્ણય કરવામાં આવ્યો કે આ શોર્ટ ટર્મ ઈ–કોર્ષનું પ્રારૂપ અને મેથડ તેમજ જરૂરી ડીઝાઈન બનાવવા સમિતિનું ગઠન કરવામાં આવ્યું જેમાં

(૧) ડો. લલીતભાઈ પટેલ, એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી
(૨) ડો. દિપેશભાઈ કતિરા, એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી
(૩) ડૉ. શ્વેતાબેન જેજુરકર, એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રી
(૪) ડો. જાનકીશરણ આચાર્ય, આસી.પ્રોફેસર, સસસયુ, વેરાવળ
(૫) ડો. મિહિર ઉપાધ્યાય, અમદાવાદ
(૬) ડો. યોગેશ પંડયા, દર્શનમ, અમદાવાદ

ઉકત સમિતિ પ્રારૂપ અને ડિઝાઈન બનાવી યુનિવર્સિટીને આપશે ત્યારબાદ કયા કયા કોર્ષ કરી શકાય તેની ચર્ચા કરવી તેમ નિર્ણય કરવામાં આવ્યો. આ સમિતિમાં સભ્ય સચિવ તેમજ સંકલનની કામગીરી ડો. કતિરાજી કરશે.

૫૫.૧૯/૩૦.૧૯–અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે.

૧. યુનિવર્સિટીમાં ચાલતા કોઈપણ અભ્યાસક્રમોમાં એન.આર.આઈ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે ત્યારે તેની પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીની માર્કશીટ/ડીગ્રી યુનિવર્સિટીએ પ્રવેશ લાયકાત માટેના ધારાધોરણ મુજબ છે કે કેમ ? તેની ચકાસણી કરવા માટે યુનિવર્સિટી કક્ષાએ કાયમી એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું જેમાં (૧) જે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાનો હોય તે અભ્યાસક્રમ સંકાય ડીનશ્રી (૨) અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રી (૩) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંચાલીત કોલેજના આચાર્યશ્રી (૪) પ્રવેશ વિભાગના અધિકારીશ્રી, નો સમાવેશ કરવામાં આવ્યો. ઉકત સમિતિની ભલામણને આધારે પ્રવેશનો નિર્ણય કરવો એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**ઉપરોકત તમામ નિર્ણયો થયા બાદ સંયુકત બેઠકના સૌ મહાનુભાવોનો માન.કુલપતિશ્રી દ્વારા આભાર વ્યકત કરી સંયુકત બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવી. અને ત્યારબાદ માત્ર એકઝીકયુટીવ કાઉન્સીલની બેઠકની શરૂઆત કરવામાં આવી. જે બેઠકમાં ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ... વેરાવળ

**૫૫.૨૦** તા.૨૭/૧૨/૨૦૧૮ ના રોજ મળેલ ખરીદ સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટી ખાતેતા.૨૭/૧૨/૨૦૧૮ ના રોજ મળેલ ખરીદ સમિતિની બેઠકની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવા આવી.

**૫૫.૨૧** તા.૦૭/૦૧/૨૦૧૯ ના રોજ મળેલ બાંધકામ સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટી ખાતે તા.૦૭/૦૧/૨૦૧૯ ના રોજ મળેલ બાંધકામ સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવામાં આવી તેમજ ક્રમ.નં.૨ થી લેવાયેલ નિર્ણય અંગે ચર્ચા કરી નિર્ણય કરવામાં આવ્યો કે, રાજય સરકારે યુનિવર્સિટીના વિકાસ માટે બાંધકામ સબબની ગ્રાંન્ટ આપી છે તેમજ સરકારે સદર કામગીરી યુનિવર્સિટી કક્ષાએથી કરવામાં આવશે તેવી મંજુરી આપેલ છે. યુનિવર્સિટી સ્વાયત્ત હોઈ સદર કામગીરી કરવા માટે પીએમસી નિયુકત કરવામાં આવેલ છે. તેમજ યુનિવર્સિટીમાં ઈજનેરની જગ્યા કાયમી ધોરણે ભરાયેલ હોય અને ઈ.સી. દ્વારા બાંધકામ સમિતિનું ગઠન કરવામાં આવેલ હોય ત્યારે જે તે પ્રોજેકટના પ્લાન એસ્ટીમેન્ટ તેમજ ટી.એસ. મંજુર કરવા માટે બાંધકામ સમિતિ સક્ષમ છે. સરકાર દ્વારા ફાળવવામાં આવેલ બાંધકામની ગ્રાન્ટનો ઉપયોગ કરવા માટે અન્ય યુનિવર્સિટીઓ પણ પ્લાન એસ્ટીમેન્ટ અને ટી.એસ. બાંધકામ સમિતિ જ મંજુર કરતી હોય છે. તેથી અત્રેની યુનિવર્સિટીની બાંધકામ સમિતિને સત્તા આપવામાં આવે છે અને બહુમતીથી લીધેલ નિર્ણયને બહાલી આપવામાં આવે છે. તેમજ વધુમાં પી.એમ.સી. દ્વારા તૈયાર કરેલ પ્લાન એસ્ટીમેન્ટ અને ટી.એસ.ને યુનિવર્સિટીના ઈજનેર દ્વારા ચકાસણી કરી જયાં જરૂર જણાય ત્યાં પી.એમ.સી.ના ઈજનેરની મદદ લઈ માન્ય કરી ઝડપથી તેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવા યુનિવર્સિટી ઈજનેરશ્રીને સૂચના આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**૫૫.૨૨** યુનિવર્સિટી ખાતે મેડીકલ ઓફીસરની સેવા બાબત.

**ઠરાવ :** યુનિવર્સિટી ખાતે મેડીકલ ઓફીસરની સેવા બાબતે ચર્ચા વિચારણા કરતા અઠવાડીયામાં બે વાર, એક કલાક યુનિવર્સિટી ખાતે સેવા મેળવવાનું તેમજ જરૂરી સાધન સામગ્રી તેમજ ભૌતિક સુવીધાઓ માટે કરવાની થતી કામગીરી માટે થનાર ખર્ચની વિગતો તૈયાર કરી આગામી નાણાંસમિતિમાં મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

૫૫.૨૩ મહાનુભાવોના સૂચનો.

૧. જુનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લામાં આવેલી હાયર સેકેન્ડરી સ્કુલમાં ફરજ બજાવતા સંસ્કૃતના શિક્ષકો માટે ૧(એક) દિવસીય સેમીનાર કરવાનું સુચન થયેલ જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી તેમજ સદર સેમીનાર સંબંધિત આયોજનની કામગીરી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંચાલિત કોલેજના આચાર્યશ્રી, કરશે તેમ નિર્ણય કરવામાં આવ્યો. સદર કામગીરી માટે બંન્ને જીલ્લાના શિક્ષણાધિકારી પાસેથી માર્ગદર્શન તેમજ મંજુરી મેળવી તેમજ થનાર ખર્ચને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૨. યુનિવર્સિટીના કર્મચારીઓનું વર્ષમાં એક વાર તેમની સેવાઓને ધ્યાને લઈ સન્માન થવું જોઈએ તેવો પ્રસ્તાવ મહાનુભાવ તરફથી આવતા સૌ મહાનુભાવોએ પ્રસ્તાવને સ્વીકૃતિ આપી આ વર્ષે યુનિવર્સિટીના સેવક શ્રી ભીમભાઈ ગળચરનું સન્માન કરવું તેમજ આગામી વર્ષથી પસંદગી માટેના જરૂરી માપદંડો નક્કી કરવાનું તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. શકય હોય તો પદવીદાન સમારોહમાં તેનો સન્માન કાર્યક્રમનો સમાવેશ કરવો તેમજ શકય ન બને આગામી મોટા કાર્યક્રમમાં મહાનુભાવ પાસે સન્માન કરવાનું ઠરાવવામાં આવ્યું.

૩. કુલસચિવશ્રી દ્વારા માન.કુલપતિશ્રીના ડ્રાઈવર તરીકે હાલ ફરજ બજાવતાં ભીમભાઈ ગળચરના પત્ર તા.૦૫/૦૧/૨૦૧૯ ના ઈનવર્ડ નંબર.૬૧૫૩ પર મળેલ માન.કુલપતિશ્રીના મળેલ આદેશ અન્વયે મહાનુભાવોએ ચર્ચા કરતાં તેઓશ્રીને હાલ માસિક રૂા.૩૦૦૦/– આપવામાં આવે તેની જગ્યાએ માસિક રૂા.૪૫૦૦/– આપવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૫૫.૨૪ અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે.

૧. યુનિવર્સિટીના સરકારશ્રી દ્વારા મનોનીત સભ્યશ્રી ડૉ. દિપેશ કતિરાજી દ્વારા માન.કુલપતિશ્રીને તા.૦૮/૦૧/૨૦૧૯ ના રોજ ઈનવર્ડ નં.૫૮૭ થી આપેલ પત્ર બાબતે માન.કુલપતિશ્રીએ ચર્ચા વિચારણા કરતાં મુખ્ય હિસાબી અધિકારીશ્રીની કામગીરી અંગે અસંતોષ વ્યકત કરીને તેમની કાર્યપ્રણાલી વિશે સૌ મહાનુભાવોને અવગત કરવામાં આવેલ જેમાં જણાવ્યું કે યુનિવર્સિટી એકટ, માન.કુલપતિશ્રીની સત્તા અને એકઝીકયુટીવ કાઉન્સિલ સત્તાની સતત અવગણના કરવી, યુનિવર્સિટીના દિન–પ્રતિદિનના વિકાસના કામમાં સહકાર ન આપવો, યુનિવર્સિટીની સ્વાયતત્તાને સમજયા વિના સરકારના નિયમો સામે ધરી કામમાં રૂકાવટ લાવવી, વર્ષ દરમિયાનની સતત ગેરહાજરી, વર્ષ દરમિયાન થયેલ યુનિવર્સિટીના આર્થિક વ્યવહારોમાં ચેકોમાં સહી ન કરવી, યુનિવર્સિટીની સમિતિઓ દ્વારા યોજાતી મીટીંગોમાં

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

અશોભનીય વર્તન કરવું વગેરે બાબતોથી વાકેફ કરવામાં આવ્યા તેમજ પૂર્વ ઈ.ચા.કુલપતિશ્રીએ સરકારશ્રીમાં તેઓની સેવા સમાપ્ત કરવા અંગે કરવામાં આવેલ પત્ર વ્યવહાર અંગે અવગત કર્યા. ઉપરોકત તમામ બાબતોની એકઝીકયુટીવ કાઉન્સીલના મહાનુભાવોએ ગંભીરતાથી નોંધ લઈ નિર્ણય કરવામાં આવ્યો કે, હાલ સરકારશ્રીમાંથી પ્રતિનિયુકતીના ધોરણે આવેલ મુખ્ય હિસાબી અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી એલ.વી.દેવડાને તેમની માતૃસંસ્થામાં યુનિવર્સિટી પક્ષથી છુટા કરી પરત મોકલી આપવા તેમજ તે અંગેની જાણ તેમની માતૃસંસ્થાને કરવી તેમ ઠરાવવામાં આવ્યું. શ્રી એલ.વી.દેવડાને તા.૧૧/૦૧/૨૦૧૯ ના રોજ કચેરી સમય બાદ છુટા કરવા તેમ ઠરાવવામાં આવ્યું. તેમજ યુનિવર્સિટી દ્વારા મંજુર થયેલ સદર જગ્યા યુજીસીના નિયમોનુસાર ભરવા માટે આગળની પ્રક્રિયા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૨. માન.કુલપતિશ્રી દ્વારા હોસ્ટેલ તેમજ યોગ પ્રદર્શની માટે આવેલ ગ્રાન્ટનો સમયસર ઉપયોગ કેમ ન થયો ? તેમજ વિલંબ થવા પાછળનું કારણ શુ છે ? તેની તપાસ કરવા માટે તેમજ વહીવટી બીલ્ડીંગના રીનોવેશનમાં કામગીરીમાં થયેલ વિલંબ તેમજ થયેલ કામગીરીની ગુણવતા ચકાસવા માટે સમિતિની રચના કરવાનો પ્રસ્તાવ મુકતા સર્વે મહાનુભાવોએ સ્વીકાર કરી સમિતિની રચના કરવામાં આવી જેમાં (૧) ડો. લલીતભાઈ પટેલ, ઈ.સી. સભ્યશ્રી, (૨) ડો. નિતિનભાઈ પેથાણી, નાણાં સમિતિના સભ્યશ્રી, (૩) ડો. નવીનભાઈ ઓઝા, બાંધકામ સમિતિના સભ્યશ્રીને મનોનીત કરવામાં આવ્યા.

૩. યુનિવર્સિટીના આગામી બાંધકામની કરવાની થતી કામગીરીને ધ્યાને રાખીને યુનિવર્સિટી ઈજનેર હાલ કેશોદથી અપડાઉન કરે છે તેઓને સરકારશ્રીના નિયમોનુસાર આગામી ૧ ફેબ્રુઆરી, ૨૦૧૯ થી વેરાવળ ખાતે રહેવા માટે આદેશ કરવા ઠરાવવામાં આવ્યું.

૪. યુનિવર્સિટી દ્વારા અગાઉની ઈ.સી.માં લેવાયેલ નિર્ણય મુજબ યુનિવર્સિટીના રેગયુલેશન બનાવવા માટે અમદાવાદ સ્થિત અનુભવી શ્રી આર.એમ.મહેતા પાસેથી સેવા મેળવવાનો નિર્ણય કરવામાં આવ્યો. જે અંગે જરૂરી કાર્યવાહી કરી થનાર ખર્ચની મંજુરી માટે નાણાં સમિતિમાં મુકી આગળની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું.

૫. યુનિવર્સિટીના સતામંડળના કે માન.કુલપતિશ્રી દ્વારા બનાવવામાં આવતી સમિતિની બેઠકમાં પધારતા મહાનુભાવો જો મોટરકાર(ગાડી) લઈને આવે તો તેઓને સરકારશ્રીના નિયમોનુસારનું ગાડી ભાડુ ચુકવવાનું નક્કી કરવામાં આવ્યું. તેમજ તેઓની નિવાસની વ્યવસ્થા બાબતે યુનિવર્સિટીમાં ગેસ્ટહાઉસ ન હોવાથી યુનિવર્સિટી કક્ષાએથી હોટેલ/ગેસ્ટ હાઉસમાં કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

બેઠકને અંતે માન.કુલપતિશ્રી દ્વારા સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો.

કા.કુલસચિવ